Matriculation History Papers

(1928, 29, 30)

WITH
FULL ANSWERS

Messrs
Karsandas Narandas & Sons.
Book-sellers & Publishers.
SURAT.

1928

1. What were the characteristics common to the Tudor sovereigns? How do you account for the fact that in the Tudor period the House of Commons increased very much in power and importance?

ટ્યુડર રાજ્યકર્તાઓમાં પૈસાનો લોભ અને સત્તાનો શોખ એ બે ગુણો બહુ મોટા પ્રમાણમાં જોવામાં આવે છે. સાતમા હેનરીએ પોતાના પ્રધાન મૉર્ટન તેમજ તારાગૃહ મારફતે, આઠમા હેનરીએ મઠોની જર જમીન વેચીને અને રાણી ઈલિઝાબેથે ઈજારાઓ આપવાની પદ્ધતિથી પુષ્કળ પૈસો એકઠો કર્યો હતો. અને તેથી તેઓને પાર્લમેંટની ગરજ ન હોવાથી તેઓ અનિયંત્રિત સત્તા ભોગવી શક્યા હતા. વળી ગુલાબના વિગ્રહોથી તેમજ સાતમા અને આઠમા હેનરીની રાજ્યનીતિથી ઉમરાવો તેમજ ધર્માધ્યક્ષોની સત્તા બહુ નબળી પડી ગઈ હતી અને રાજ્યમાં રાજાની સત્તા પર અંકુશ રાખનાર કોઈ પણ રહ્યું ન હતું. પરિણામે સત્તાના શોખીન ટ્યુડર રાજ્યકર્તાઓ સ્વતંત્રપણે રાજ્ય કારભાર ચલાવી શકતા હતા. આમ હોવા છતાં તેમની વ્યવહાર કુશળતા અને મુત્સદ્દીપણાએ તેમને શીખવ્યું હતું કે લોકોને ખુશ રાખવામાંજ તેમની સત્તા ટકી રહેશે. અને તેથીજ તેમણે સ્ટુઅર્ટ રાજાઓ પેઠે પાર્લમેંટની ઈચ્છા વિરૂદ્ધ કૃત્યો કર્યા નહિ. તેઓ બહુજ સ્વાર્થી હતા અને પોતાનો સ્વાર્થ સાધવાને પોતાના નીકટમાં નીકટ સ્નેહીનો ભોગ આપતા તેઓ અચકાયા નથી. એમ છતાં આખરે તેઓ દેશનું હિત જોનારા હોવાથી પ્રજાએ સામે થયા વિના તેમના દોરવ્યા મુજબ ચાલ્યા કર્યું.

પ્લેન્ટાજેનેટ રાજાઓના સમયથીજ ઇંગ્લૅંડની પાર્લમેંટના બે વિભાગ પડી ગયા હતા. ઉમરાવની સભા અને આમની સભા. ઉમરાવની સભામાં મોટા મોટા અમીરો અને મોટા ધર્માધ્યક્ષો હોવાથી એ સભાની સત્તા અને અગત્ય કુદરતી રીતેજ બહુ હતી. રાજાઓ લગભગ એ સભાને

બ્હીતા. જ્યારે આમની સભામાં ખેડુતો અને વેપારીઓના સામાન્ય વર્ગના પ્રતિનિધિઓ જતા અને જોકે તેમના હાથમાં સત્તા ન હતી છતાં અવાર નવાર ઉમરાવો અને રાજાઓ તેની મદદ લેતા. વળી એજ સમયમાં રાજાઓની નબળાઈને લઈને પાર્લમેંટે કેટલાક બહુ અગત્યના હકો મેળવ્યા હતા. જેવા કે—(૧) રાજા પાર્લમેંટની સંમતિ શિવાય કર ઉઘરાવી શકે નહિ. (૨) પાર્લમેંટની સંમતિ વગર કોઈ પણ કાયદો થઈ શકે નહિ અને (૩) રીતસર કામ ચલાવ્યા વગર કોઈને કેદમાં નાંખી શકાય નહિ.

આવી ભારે સત્તા ભોગવનાર પાર્લમેંટ રાજ્ય બંધારણમાં અગત્યનું સ્થાન ભોગવે એ ચોકખું છે. વળી પ્લૅંટાજેનેટ સમયમાં પાર્લમેંટ એટલે ખરૂં જોતા ઉમરાવની સભા એ પણ આપણે જોયું. પરંતુ ગુલાબના વિગ્રહોએ મોટા મોટા સર્વે ઉમરાવોનો ભોગ લીધો અને જે બાકી રહ્યા હતા તેમને સાતમા હેનરીએ તારાગૃહની મદદથી ઠેકાણે કરી દીધાં. એટલે પાર્લમેંટમાં ઉમરાવની સભાની સત્તા ટ્યુડર સમયમાં નહિ જેવી થઈ ગઈ. આવી રીતે પ્લૅંટાજેનેટ સમયમાં મેળવેલી પાર્લમેંટની ભારે સત્તા ટ્યુડર સમયમાં આમની સભાના હાથમાં આવી. વળી રાજાને સ્વતંત્ર સત્તા ભોગવવાને ઉમરાવોને છૂંદવા સામાન્ય પ્રજાના ટેકાની જરૂર હતી અને સામાન્ય પ્રજાને પોતાની ઉન્નતિ સાધવાને રાજાના રક્ષણની જરૂર હતી. આથી પરસ્પર ગરજને લીધે આમની સભાએ રાજસત્તા વધવા દીધી અને રાજાએ આમની સભાના હકો પર તરાપ ન મારી. આ રીતે ટ્યુડર સમયમાં આમની સભાની સત્તા અને અગત્ય બહુ વધી.

2. How will you show that Elizabeth's reign forms one of the most brilliant periods in English history ?

આઠમા હેનરિના સમયથી અંગ્રેજ પ્રજા ધાર્મિક ઝગડામાં પડી હતી. પોપની સત્તા કાઢી નાંખવાથી ઇંગ્લેંડમાં નવા રાષ્ટ્રીય ધર્મની સ્થાપના થઈ હતી. હેનરીના પુત્ર એડવર્ડે સામાન્ય પ્રાર્થના પુસ્તક પ્રસિદ્ધ કરી આ નવા ધર્મ વિષે વધુ વ્યવસ્થા કરી. પરંતુ તેના મૃત્યુ પછી ખૂની

મેરીના સમયમાં રોમન કેથોલિક ધર્મ પૂર પ્રકાશમાં આવ્યો અને નવો રાષ્ટ્રીય ધર્મ છિન્ન ભિન્ન થઈ ગયો. વળી રોમન કેથોલિક ધર્મની પુનઃ સ્થાપનાથી ઇંગ્લૅંડ, સ્પેન અને ફ્રાંસનું તાબેદાર રાજ્ય બની જાય એ પણ ભય હતો. આમ મેરીના મૃત્યુ વખતે ઇંગ્લંડનું ધાર્મિક વાદળ બહુ ઘેરાયલું હતું. એલિઝાબેથે ગાદીએ આવી એ વાદળ વીખેરી નાંખ્યું. એક્ટ ઑફ સુપ્રિમસિ અને એક્ટ ઑફ યુનિફૉર્મિટિ નામના બે કાયદાઓ પસાર કરી તેણે રાષ્ટ્રીય પ્રૉટેસ્ટંટ ધર્મનો પાયો નિશ્ચલ કર્યો. અને સ્પેન અને ફ્રાંસની ઝૂંસરીમાંથી ઇંગ્લૅંડ બચી ગયું. આ બધું કરવામાં રાણીએ જૂલમ કર્યો નહિ તેમ પ્રજાને ગમતું થયું એટલે તેમાં એકંદરે રાજ્યને બહુ લાભ થયો.

વળી સ્કૉટલૅંડની રાણી મેરી એલિઝાબેથ સામે ઇંગ્લૅંડનું રાજ્ય મેળવવાનો દાવો કરતી હતી. તેના કેથોલિક ધર્મથી તેમજ તેની કેળવણી, સંસ્કાર અને લગ્નથી તે લગભગ ફ્રેંચ જેવી હતી. આથી એલિઝાબેથના જીવતા યા મૃત્યુ પછી જો એ મેરી ઇંગ્લૅંડની ગાદી પર આવે તો મેરી ટ્યુડરના જૂલ્મી રાજ્યનો ફરીથી અનુભવ થાય એવો ભય હતો. એલિઝા-બેથ સ્વાર્થી હશે પણ સાથે તેને દેશદાઝ તો હતીજ. એટલે તેણે સ્કૉટલૅંડના અમીરો સાથે સંધિ કરી તેમને મેરી સામે ઉશ્કેર્યા. આખરે ધાર્મિક ઝઘડાથી તેમજ પોતાના ખાનગી કૃત્યોથી ઉશ્કેરાયલી સ્કૉટ પ્રજા સામે રક્ષણ મેળવવા મેરીને એલિઝાબેથનો આશરો લેવો પડ્યો. અને કુનેહબાજ એલિઝાબેથે વર્ષો સુધી તેને કેદમાં રાખી આખરે દેહાંત દંડ દીધો. આ રીતે સ્કૉટલૅંડ અને ઇંગ્લૅંડ વચ્ચે મિત્રાચારી થઇ અને યુરોપિયન કેથોલિક રાજ્યો નાશી પાસ થયા.

પ્રજાના વિશ્વાસથી ઉત્તેજીત થઈ હવે એલિઝાબેથે પરદેશીય બાબતોમાં ધાર્મિક કારણે માથું મારવા માંડયું. નેધરલૅંડસ અને ફ્રાંસમાં ત્યાં રહેતા પ્રૉટેસ્ટંટો (હ્યુજેનૉટ્સ)ના ઉપર સ્પેન અને ફ્રાંસની કેથોલિક સરકાર ભારે જૂલમ કરતી હતી. આખરે એ જૂલમ ન સહેવાયાથી તેઓ દેશ છોડી ઇંગ્લંડ આવ્યા અને એલિઝાબેથે તેમને સત્કાર્યા. આ લોકો સારા

કારીગરો હતા અને તેમણે ઇંગ્લૅંડમાં રેશમના વણાટનો તેમજ કોર બનાવવાનો ઉદ્યોગ શરૂ કર્યો. વળી રંગવાનો ધંધો પણ તેમણેજ ચાલુ કર્યો. આથી પ્રૉટેસ્ટંટ રાજ્યોમાં ઇંગ્લેંડની પ્રતિષ્ઠા વધી અને ઇંગ્લેંડનો હુન્નર ઉદ્યોગ વધ્યો.

ઇંગ્લેંડની આ ઉન્નતિ આખરે સ્પેનથી ન ખમાઈ અને તેના રાજા ફીલીપે ઇંગ્લેંડને હરાવવાને એક મહાન્ નૌસેના તૈયાર કરી ચઢાઈ મોકલી. પરંતુ રાણીના વચનોથી પ્રોત્સાહન પામેલા અંગ્રેજ નાવિકોએ બહુજ સાહસ, કળા કૌશલ્ય અને શૌર્ય વાપરીને એ અજય્ય મનાતા નૌકાસૈન્યનો ધાણ કાઢયો. દુનીઆમાં અપ્રતીમ મનાતું સ્પેનનું નૌકાબળ તૂટયું અને તે સાથે અંગ્રેજ નાવિકોમાં અજબ સાહસ અને દરીઆ ખેડવાની વૃત્તિ ઉત્પન્ન થઈ. ઇંગ્લેંડના નૌકાસૈન્યની ચઢતી પણ એ સમયથી શરૂ થઈ.

અંગ્રેજ નાવિકોએ પૃથ્વિની પ્રદક્ષિણા કરી, અમેરિકા જઈ સંસ્થાન વસાવ્યું અને અંગ્રેજ વેપારીઓએ દૂરદૂર આવેલા હિંદુસ્તાન સાથે વેપાર કરવા મંડળ સ્થાપ્યું. અંગ્રેજ પ્રજામાં નવું ચૈતન્ય પ્રગટયું હતું. અને એ નવજીવન જાણે પરિપૂર્ણ કરવાને વિલિયમ શેક્સપિયર જેવા સાહિત્ય સમ્રાટ્‌ને હાથે અંગ્રેજી સાહિત્યનો પણ ભારે વિકાસ થયો.

આમ હોવાથી ઇંગ્લેંડના ઇતિહાસમાં રાણી એલિઝાબેથનો સમય બહુજ જ્વલંત મનાય છે.

3. "Never had a sovereign a higher notion of his dignity, never was any less qualified to sustain it." Justify this remark about James I.

ટયુડર રાજ્યકર્તાઓએ પાર્લમેંટ અથવા પ્રજાને ખુલ્લી રીતે જણાવ્યા વગર નિરંકુશ રાજ્યસત્તા ભોગવી હતી. તેમણે વિદ્વત્તાનો ડોળ કરી કોઈ રાજકીય સિદ્ધાંતની મદદથી એ રાજ્યસત્તા ટકાવવાનો પ્રયત્ન કર્યો નહોતો. પાર્લમેંટને ખબર નપડે તેવી રીતે તેને નિર્બળ બનાવી પોતાની કુનેહથી એ રાજ્યકર્તાઓએ તેમની સબળતા સાધી હતી. ટૂંકમાં રાજાની પદવીનો બહુ ઉંચો ખ્યાલ બાંધ્યા યા બંધાવ્યા વિના એ ચતુર રાજાઓએ પોતાનું કામ કાઢી લીધું હતું.

જેમ્સ પહેલાને આ ટ્યુડર રાજ્યકર્તાઓના જેટલીજ સ્વતંત્ર રાજ્યસત્તા જોઈતી હતી. પણ બદલાયેલો સમય અને સંજોગો ધ્યાનમાં લેવાની તેનામાં ચતુરાઈ નહોતી. તે ભણ્યો હતો પણ ગણ્યો નહોતો. રાજ્યકારભારના લગભગ દરેક વિષય અને મુદ્દાપર તે લંબાણથી તાત્ત્વિક ચર્ચા કરતો અને આખરે તદ્દન અવ્યવહારૂ નિર્ણયપર આવતો. પોતે બહુ વિદ્વાન છે એમ માનતો અને પોતાનાથી દરેક રીતે ચઢિયાતા માણસો પાસે પોતે વધારે ડાહ્યો છે એમ મનાવવા પ્રયત્ન કરતો.

એની કારકીર્દીની શરૂઆતમાં રોમન કેથોલિક, એપિસ્કોપેલિયન અને પ્યુરીટન એ દરેક પંથના લોકો જેમ્સની મહેરબાની મેળવવા ઈચ્છતા હતા. રોમન કેથોલિક ધર્મનો ઉપરી પોપ હોય એટલે પોતાની ધર્મ પરની સત્તા જતી રહે તે એને ગમતું નહિ તેમ પ્યુરિટન પંથમાં ધર્માધિકારીઓ નહિ એટલે તે પણ પસંદ નહોતું. આથી એપિસ્કોપેલિયન પંથને મૂંગાં મૂંગા ઉત્તેજન આપી બીજા બે પંથો તરફ સહિષ્ણુતા બતાવવી એજ એને માટે સરળ રસ્તો હતો. ટ્યુડર રાજાઓએ પણ તેમજ કર્યું હતું. પરંતુ પોતાના જ્ઞાન અને ડહાપણના ખોટા ખ્યાલથી દોરવાઈ વિદ્ગત્તાનું પ્રદર્શન કરવા તેણે હૅમ્પટન કોર્ટ કૉન્ફરન્સ બોલાવી અને ત્યાં ધર્માધ્યક્ષોની ચર્ચામાં ભાગ લઈ પોતાનો પ્રિયસિદ્ધાંત રજુ કર્યો કે જેઓ આજે ધર્મમાં અધિકારીઓની ના પાડે છે તેઓ કાલે રાજ્યમાં રાજાની પણ જરૂર નથી એમ કહેશે. અને પરદેશી પોપના કરતાં સર્વે બાબતમાં પ્રજાનું હિત જોનાર રાજા પ્રજાની ધાર્મિક ભાવનાઓનો દોરનાર હોય તે વધારે સારૂં. આ રીતે તે બંને પંથવાળાઓના મન દુભાવી તેમને પછીથી હેરાન કર્યા. આમ આ વધારે પડતા ડાહ્યા અને વિદ્વાન રાજાએ ટ્યુડર રાજ્યકર્તાઓના જેવુંજ ધર્મોપરિપણું સાચવતાં પોતાની સામે એક મજબુત અને ચળવળીઓ વિભાગ પ્રજામાં ઉભો કર્યો.

સમય અનુકુળ હોવા છતાં પાર્લમેંટની સામે થવાની હિંમત ટ્યુડર રાજાઓએ કરી નહોતી. જ્યારે પ્રતિકુળ સંજોગોમાં આ જ્ઞાની-મૂર્ખ રાજાએ મુત્સદ્દીપણાને બદલે શુષ્ક રાજકીય સિદ્ધાંતો અને નમાલા ખુશામતીઆ સલાહકારોની મદદથી એ કામ આરંભ્યું. તેનું એમ કહેવું હતું

કે રાજા એ તો ઈશ્વરે નીમેલો પ્રજાનો દોરવનાર રખેવાળ છે. પ્રજાનુંહિત, પ્રજા પોતે નહિ, પણ રાજાજ સમજી શકે; અને એ રાજા પોતાના કાર્યો માટે પ્રજાને નહિ પણ પ્રભુને જવાબદાર છે. આ 'રાજાનો ઈશ્વરી હક'નો સિદ્ધાંત કહેવાય છે. પાર્લમેંટને આ સિદ્ધાંત કદી માન્ય નહોતો અને તેથીજ રાજા અને પ્રજા વચ્ચે ચાલુ કલહ થતો.

વળી તેણે લોકોની મરજી વિરૂદ્ધ ફ્રાંસ અને સ્પેન જેવા ઈંગ્લેંડના શત્રુઓ સાથે મિત્રતા અને સગપણ કરવાની ધૃષ્ટતા કરી. આ રીતે રાજ્યમાં સર્વોપરિપણાનો દાવો કરનાર, રાજાનો ઈશ્વરી હક રજુ કરનાર અને વિદ્વત્તા અને ડહાપણનો અત્યંત આડંબર કરનાર આ રાજામાં બહાદુરી, દૃઢતા, નમ્રતાઈ, વ્યવહારૂપણું, કુનેહ, માણસ પરીક્ષા અને કૃતજ્ઞતા જેવા રાજાને જરૂરના સદ્‌ગુણોનો છાંટોયે નહોતો.

4. How did the Revolution of 1688 affect the supremacy of the Crown, the administration of justice, and the control of the Parliament over public expenditure?

"૧૬૮૮"ની રાજ્યક્રાંતિએ 'રાજાનો ઈશ્વરી હક'ના સિદ્ધાંતને હંમેશને માટે દફનાવ્યો. પોતાની પસંદગીની વ્યક્તિઓને ઈંગ્લેંડની ગાદી પર બેસાડી પાર્લમેંટે પોતાની સર્વોપરિસત્તા સાબીત કરી આપી. આખા સ્ટુઅર્ટ સમય દરમ્યાન ચાલુ રહેલી રાજા અને પાર્લમેંટની તકરારનો આ રીતે પાર્લમેંટની તરફેણમાં અંત આવ્યો અને આમ મળેલી સર્વોપરિસત્તા કાયમને માટે પોતાના હાથમાં રહે માટે પાર્લમેંટે એક જાહેરનામું ઘડી કાઢી તે પર રાજાની સહી લીધી. આ જાહેરનામામાં પાર્લમેંટની સર્વોપરિસત્તા બતાવનારા અને સાચવનારા હક્કો લખવામાં આવ્યા હતા—દા. ત. રાજા પાર્લમેંટે પસાર કરેલા કાયદાઓ મોકુફ રાખી શકે નહિ તેમ રદ કરી શકે નહિ. પાર્લમેંટની સંમતિ વગર રાજા કર નાંખી શકે નહિ તેમ સૂલેહના સમયમાં લશ્કર રાખી શકે નહિ. અને પાર્લમેંટ બોલાવ્યા વિના રાજા રાજ્ય કરી શકે નહિ. આ રીતે રાજયસત્તા નિયંત્રિત કરી પાર્લમેંટે ઈંગ્લેંડમાં 'નિયંત્રિત રાજ્યસત્તા'ની સ્થાપના કરી.

ટયુડર તેમજ સ્ટુઅર્ટ સમયમાં ન્યાયાધીશોને નીમવાની તમજ કાઢી મુકવાની તમામ સત્તા રાજાઓના હાથમાં હતી. ઇંગ્લેંડના ન્યાયાધીશો આથી સ્વતંત્ર મિજાજના સિંહ જેવા હોય તોપણ લૉર્ડ બેકનના શબ્દોમાં કહીએ તો રાજ્યાસનને ટેકો આપનાર સિંહના પુતળા જેવી તેમની સ્થિતિ હતી. આમ રાજા અને પ્રજા વચ્ચેની તકરારોમાં પ્રજાને કદી ન્યાય મળતો નહિ. સ્ટુઅર્ટ સમયમાં રાજાઓએ દેશના કાયદાઓ બાજુએ મુકવાનો દાવો કર્યો હતો ત્યારે ન્યાયાધીશોએ તેમને ટેકો આપ્યો હતો. આથી ન્યાયાધીશોને રાજાની વગથી દૂર કરવાની જરૂર હતી. '૧૬૮૮'ની રાજ્યક્રાંતિ પછી રાજાની સત્તા નબળી પડી અને પાર્લમેંટે ૧૭૦૧માં ગાદી સંબંધી કાયદો પસાર કરતી વખતે એમ નક્કી કર્યું કે ન્યાયાધીશોની નીમણુંક રાજાનાજ હાથમાં રહે પરંતુ પાર્લમેંટની સંમતિ શિવાય કોઈપણ સંજોગોમાં તેમને ખસેડી શકાય નહિ. આ રીતે બ્રિટિશ ન્યાયાધીશો સ્વતંત્ર થયા.

ટયુડર સમયની પણ પહેલાં પાર્લમેંટે પોતાની સંમતિ વગર પ્રજા પાસે કર ઉઘરાવી શકાય નહિ એવો દાવો કર્યો હતો. પરંતુ રાજાએ પ્રજાનો એ હક ૧૬૮૮ પછીજ સ્વીકાર્યો એમ કહી શકાય. પરંતુ જાહેર નાણાના ખર્ચ વિશે પાર્લમેંટે હજુ સુધી કોઈ પણ જાતનો અંકૂશ રાખવાનો દાવો કર્યો નહોતો. પણ હવે જ્યારે સર્વોપરિસત્તા તેના હાથમાં આવી ત્યારે જે પ્રમાણે જાહેર આવક ઉપર તેજ પ્રમાણે જાહેર ખર્ચ ઉપર પણ અંકૂશ મુકવાની જરૂર જણાઈ. આથી ૧૬૮૯માં Civil List અને Appropriation of Suppliesનો કાયદો પસાર કરી પાર્લમેંટે રાજાના ખર્ચ માટે વાર્ષિક અમુકજ રકમ મંજૂર કરી અને રાજ્યકારભારના બીજા ખર્ચ માટે પણ આવકના પ્રમાણમાં ચોક્કસ વ્યવસ્થા કરી. વળી એ વ્યવસ્થા પ્રમાણેજ નાણા ખર્ચાય છે કે નહિ તેની દેખરેખ રાખવાની સત્તાનો પણ પાર્લમેંટે ઉપયોગ કર્યો. Mutiny Act પસાર કરી લશ્કર માટેનો ખર્ચ પણ પાર્લમેંટ એકજ વર્ષને માટે મંજૂર કરવા લાગી. આ પ્રમાણે જાહેર નાણાંનો ખર્ચ કરવાની સ્વતંત્રસત્તા જે અત્યાર સુધી રાજાના હાથમાં હતી તે હવે પાર્લમેંટ એટલે પ્રજાના હાથમાં આવી.

5. What in your opinion, were the strong and weak points of Walpole's administration?

જ્યારે સર રૉબર્ટ વૉલપોલ મુખ્ય પ્રધાનની પદવીએ આવ્યો ત્યારે બ્રિટિશ પ્રજા તરતનીજ સ્પૅનિશ વિગ્રહના બોજામાંથી મુક્ત થઈ હતી. એટલે સ્વભાવિક રીતે તેમને સૂલેહશાંતિ જોઈતી હતી. વળી સંસ્થાનો સાથેનો વ્યાપાર પણ વધવા માંડયો હતો એટલે લોકોનું ધ્યાન ખાસ કરીને વેપારની ખીલવણી તરફ હતું. વૉલપોલ પોતે એવા મતનો હતો કે કોઈ પણ રીતે ઇંગ્લૅંડને વિગ્રહમાં ન ઉતારતાં શાંતિ જાળવવી. દેશની સમૃદ્ધિ વેપાર ઉદ્યોગથીજ વધે અને તે માટે વિગ્રહ નહિ પણ શાંતિજ જોઇએ. આથી વિગ્રહમાં ઉતરવા જેવી સ્થિતિ ઉભી થાય તો પણ પતાવટ કરી શાંતિ જાળવવાનો તે પ્રયત્ન કરતો. અને એક દૃષ્ટિએ જોતાં વૉલપોલનો તદ્દન શાંતિમય એકવીસ વર્ષોનો કારભાર ઇંગ્લૅંડની પ્રજાને આશિર્વાદ સમાન થઈ પડયો હતો. શાંતિ જાળવવા ઉપરાંત પોતાની બુદ્ધિ અને અર્થશાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ કરી વેપાર વધારવાને દેશની જગાત પદ્ધતિમાં પણ તેણે ઘણાએક સુધારા કર્યા. દેશની આયાત અને નિકાશ ઉપરની જગાત તેણે ઓછી કરી એટલે એક તરફથી દાણચોરી ઓછી થઈ અને માલની આવજા વધી. આથી એકંદરે વેપાર વધ્યો અને સરકારની આવકમાં કંઈ ઘટાડો થયો નહિ. આ ઉપરાંત દાણચોરી સદંતર બંધ કરવાને વૉલપોલે આમની સભામાં ૧૭૩૩ માં એવો મુસદ્દો રજુ કર્યો કે "માત્ર બે ચીજો–દારૂ ને તંબાકુ–ઉપરની બંદરી જગાત કાઢી નાંખવી; પણ દરેક વેપારી તે વગર જગાતના માલને સરકારી દેખરેખ નીચે વખારમાં ભરે અને છુટક વેચાણ વખતે રાજ્યને અમુક કર આપે" અર્થશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં મુસદ્દો પ્રજાને બહુ લાભદાયક હતો પરંતુ વૉલપોલના શત્રુઓએ ભોળા લોકોને ભરમાવ્યા કે પ્રધાનો સરકારી અમલદારોને લોકોના ઘરમાં પેસાડી તેમની સ્વતંત્રતા ઝુંટવી લેવા માંગે છે. આખરે લોકોનો વિરોધ જોઈ વૉલપોલે એ કામ માંડીવાળ્યું. આવીજ રીતે વૉલપોલ સ્પેનની સાથે વિગ્રહ કરવાની વિરૂદ્ધ હતો એમ છતાં કેપ્ટન જેન્કિન્સનો કાન જોઈ લોકો વિગ્રહ માટે ગાંડા થયા ત્યારે તેમને નમતું આપી પોતાની ઇચ્છા વિરૂદ્ધ વિગ્રહ જાહેર

કર્યો એટલુંજ નહિ પણ ત ચલાવ્યો એ ખરો. પરંતુ અનિચ્છાએ કરેલું કામ પાર ન પડયું ઇંગ્લૅંડની માનહાનિ થઈ અને વૉલપોલનું પ્રધાનપદ ગયું.

આ રીતે પોતાના સિદ્ધાંતોનો ભોગ આપી, પોતાને ખોટું લાગતું કાર્ય સામાન્ય લોકોના દબાણને લીધે અનિચ્છાએ હાથ ધરવાની વૉલપોલની રીત બહુ ટીકાને પાત્ર છે. કહે છે કે તે બહુ સત્તાલોભી હતો અને તેથી પ્રધાનવટું જાળવવાને તેણે આવી રીત ગ્રહણ કરી હતી. વળી એજ કારણથી રાજ્યકારભારમાં લાંચ રૂશ્વતનો ઉપયોગ તેણે રૂઢિવત્ કરી નાંખ્યો. તે કહેતો કે કોઈપણ સિદ્ધાંતો તેની યોગ્ય કિંમત આપ્યાથી વેચાતા લઈ શકાય છે. પણ એ મોજીલા, અવિદ્વાન, શિષ્ટતા અને સંસ્કાર વિનાના ખટપટી માણસને ખબર નહોતી કે સિદ્ધાંતને ખાતર પ્રાણ પાથરનારા ઘણાએક માણસો દુનીઆમાં તો શું પણ તેનાજ દેશમાં જીવતા હતા. અને વિલિયમ પિટ્ જેવા લોકોએ વૉલપોલ જેવા ચારિત્ર વિનાના નેતાઓને હાથે થતો ઇંગ્લૅંડની પ્રજાનો નૈતિક અધઃપાત અટકાવ્યો. બીજું વૉલપોલનો કારભાર એક રીતે જોતાં એક હથ્થુ હતો. પોતાનાથી ચઢિયાતા સહકારીઓ તે ખમી શકતો નહિ. આથી સ્વાભાવિક રીતે તેણે ઘણા દુશ્મનો ઉભા કર્યા હતા. માત્ર એકજ રીતે વૉલપોલને આપણે સિદ્ધાંતવાદી કહીએ. તે 'વ્હીગ' હતો અને તેણે કદી પોતાના પક્ષના સિદ્ધાંતોનો ભોગ આપ્યો નથી. દા. ત. Peerage Bill નો તેનો વિરોધ અને આમની સભાની બહુમતિને નમતું આપી તેણે આપેલું રાજીનામું.

આમ વૉલપોલનો અમલ શાંતિમય અને દેશને સમૃદ્ધિવાન કરનાર ગણાય છતાં તે એકહથ્થુ, લાંચીઓ અને અસંસ્કારી પણ હતો એ ભૂલવું ન જોઈએ.

6. Describe the events which led to the independence of the English colonies in America. What was the attitude of the leading English statesmen of the time towards the question ?

સપ્તવાર્ષિક વિગ્રહને અંતે ફ્રેંચ કેનેડા અંગ્રેજોના હાથમાં આવ્યું એટલે અમેરિકાના બ્રિટિશ સંસ્થાનવાસીઓને ત્યાંના ફ્રેંચ સંસ્થાનિકોનો જે ભય હતો તે જતો રહ્યો. હવે તેમને ઇંગ્લૅંડના રક્ષણની ગરજ રહી નહોતી. બીજું ઇંગ્લૅંડની પાર્લામેંટે સ્વદેશનો વેપાર વધારવા માટે નૌયાનના અને એવા બીજા કાયદાઓ પસાર કરી તેમને અમેરિકન સંસ્થાનોને લાગુ પાડી પોતાના હિત માટે એ સંસ્થાનિકોનો વેપાર નિયંત્રિત કર્યો હતો. અને જો કે પોતાની ગરજને લીધે તેમજ એ કાયદાઓનો અમલ બહુ શિથિલ હોવાને લીધે સંસ્થાનિકોનો વિરોધ બહુ સ્પષ્ટ જણાતો નહોતો છતાં હવે બદલાયલા સંજોગોમાં જો એ કાયદાઓનો અમલ સખ્ત રીતે કરવામાં આવે તો સંસ્થાનિકો જરૂર સામે થાય એવો સંભવ હતો.

આવા સંજોગોમાં જ્યૉર્જ ગ્રેનવીલ ઇંગ્લૅંડના મુખ્ય પ્રધાનપદે આવ્યો. તેણે જોયું કે સપ્તવાર્ષિક વિગ્રહને લીધે ઇંગ્લૅંડનું રાષ્ટ્રીય દેવું અને તેથી પ્રજાને માથે કરનો બોજો બહુ વધી ગયો હતો. વળી તે જાણતો હતો કે અમેરિકન સંસ્થાનિકો એ વિગ્રહ માટે મોટે અંશે જવાબદાર હતા. તેથી તે એવા નિર્ણયપર આવ્યો કે સંસ્થાનિકોએ બ્રિટિશ પ્રજાના કર ભારમાં સારો ફાળો આપવો જોઇએ. અને સંસ્થાનિકો પણ એવો ફાળો આપવા નારાજ નહોતા. પરંતુ એ ફાળો કેવી રીતે આપવો તે વિષે મત ફેર પડ્યો. ગ્રેનવીલે સંસ્થાનિકોના વેપારને ઇંગ્લૅંડના હિત માટે નિયંત્રિત કરતા કાયદાઓનો અમલ સખત કર્યો અને વધારામાં સંસ્થાનિકોએ પોતાના કબાલા વગેરે માટે બ્રિટિશ સ્ટૅંપવાળા દસ્તાવેજો વાપરવા એવી મતલબનો નવો કાયદો પસાર કરી સંસ્થાનોના ઇતિહાસમાં પહેલીજ વખત એક જાતનો આંતરિક કર નાંખ્યો. સંસ્થાનિકોએ આ સામે સખત વિરોધ ઉઠાવ્યો અને તેઓ તો એમજ કહેવા લાગ્યા કે તેમના પ્રતિનિધિઓ બ્રિટિશ પાર્લમેંટમાં બેસતા નહોવાથી એ સંસ્થાને સંસ્થાનિકોપર કર નાંખવાનો હકજ નથી. No taxation without representation. આખરે મુખ્ય પ્રધાન લૉર્ડ રૉકીંગહેમે સ્ટૅંપનો કાયદો પાછો ખેંચી લીધો પણ સંસ્થાનિકોપર કર નાંખવાનો હક પાર્લમેંટને છે એમ જાહેર કર્યું. સંસ્થાનિકો કંઇક નરમ પડ્યા. પરંતુ ખજાનચી ચાર્લ્સ ટાઉન્શેન્ડે સંસ્થાનોમાં

૧૫૫૧૪

જતા કાગળ, ચા વગેરે ચીજોપર જગાત વધારી, વિરોધાગ્નિ ફરીથી સળગાવ્યો. છેવટે અમેરિકનોને સંતોષવા મુખ્ય પ્રધાન લૉર્ડ નૉર્થે ચા શિવાય બીજી બધી ચીજોપરની જગાત કાઢી નાંખી. પરંતુ સંસ્થાનિકોનો વિરોધ ચાલુજ રહ્યો અને વધારે જગાતવાળી ચાનું વહાણ જ્યારે બૉસ્ટન બંદરે આવ્યું ત્યારે કેટલાક તોફાની અમેરિકનોએ રેડ ઇન્ડીઅન્સનો પોષાક પહેરી તે વહાણુપર જઈ બધી ચ્હા દરીઆમાં પધરાવી. જ્યારે આ બનાવની ખબર ઇંગ્લૅંડમાં પડી ત્યારે રાજા જ્યોર્જ ત્રીજો અને તેના પ્રધાનો બહુ ગુસ્સે થયા અને અમેરિકનોને સજા કરવા માટે બૉસ્ટન બંદરનો વેપાર બંધ કર્યો તેમજ મેસાચ્યુસેટ્સ સંસ્થાનનો પટ્ટો પાછો લઈ લીધો. હવે સંસ્થાનિકોએ ફીલાડેલ્ફિયામાં એકઠા મળી અમેરિકન બ્રિટિશ સંસ્થાનોની સ્વતંત્રતા જાહેર કરી. ૧૭૭૫. ઇંગ્લૅંડે સંસ્થાનિકોને તાબે રાખવા લશ્કર મોકલ્યું અને અમેરિકન સ્વાતંત્ર્ય વિગ્રહની શરૂઆત થઈ.

અમેરિકન સ્વાતંત્ર્યના પ્રશ્ન ઉપર ઇંગ્લૅંડમાં ત્રણ પક્ષો હતા. એક પક્ષ એમ માનતો હતો કે ઇંગ્લૅંડ અને સંસ્થાનો જૂદા થાય તેમાં બંનેને લાભ છે. પણ આ પક્ષનું જોર બહુ ઓછું હતું. બીજો પક્ષ એવા મતનો હતો કે ગમે તેમ સમજાવીને સંસ્થાનોને છુટા પડવા ન દેવા. બર્ક અને પિટ્ટ આ પક્ષના હતા. સંસ્થાન વાસીઓની લડતના વ્યાજબી પણા વિષે બર્કને શક હતો અને પિટ્ટ તેમને તદ્દન ન્યાયી માનતો છતાં બંને એકજ મતના હતા કે સંસ્થાનોને મનાવી તેમની સાથે પતાવટ કરવી. ત્રીજો પક્ષ જે બહુમતિમાં હતો તે સંસ્થાનોને બળજોરીથી અંકૂશમાં રાખવા માંગતો હતો. આ પક્ષનો નેતા રાજા જ્યૉર્જ ત્રીજો પોતે હતો અને તેને ટેકો આપનારા 'રાજાના મિત્રો' અને ટોરીઓ પણ સ્વાભાવિક રીતે એવાજ મતના હતા. આમ હોવાથી અમેરિકન વિગ્રહ ચાલુ કરવામાં અને આખરે સંસ્થાનોની સ્વતંત્રતાનો ન છુટકે સ્વિકાર કરવામાં રાજા જ્યૉર્જ ત્રીજાએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. જીદ્દી રાજાએ બર્ક અને પિટ્ટ જેવા શાણા મુત્સદ્દીઓનું ન માનવાનું આ ફળ આવ્યું!

7. Write what you know of the constitution, functions and powers of the House of Commons. What are the relations between the two Houses of Parliament in the matter of money-bills and ordinary bills ?

આમની સભાનું બંધારણ—દર પાંચ વર્ષે નવી આમની સભા થવીજ જોઈએ, પણ સભાની મુદત દરમ્યાન ગમે ત્યારે રાજા પ્રધાન મંડળની સલાહ પ્રમાણે અથવા આપખુશીથી નવી ચુંટણી કરવાનો હુકમ આપી શકે છે. આમની સભામાં હાલ કુલ ૬૭૦ સભ્યો ચુંટાઈને આવે છે. તેઓ ઈંગ્લૅંડ, સ્કૉટલૅંડ, વેઈલ્સ અને ઉત્તર આયર્લૅંડમાં આવેલા પરગણા, શહેરો અને મહાવિદ્યાલયોના મતદાર મંડળ તરફના પ્રતિનિધિઓ છે. સગીર વયના સ્ત્રી પુરૂષો, દેવાળીઆઓ ચિત્તભ્રમના રોગવાળાઓ, કેટલાક સરકારી અમલદારો તેમજ રાષ્ટ્રીય ધર્મના અધિકારીઓ સભ્ય થઈ શકે નહિ તેમ મત આપી શકે નહિ. ઈંગ્લૅંડ તેમજ સ્કોટલૅંડના ઉમરાવો માટે પણ તેમજ છે. આમની સભા પોતામાંનાજ એક સભ્યને પ્રમુખપદ માટે ચૂંટે છે. તેને સ્પીકર કહેવામાં આવે છે. દરેક સભ્યને વાર્ષિક ૪૦૦ પાઉંડના પગાર ઉપરાંત રેલ્વે પાસ મળે છે. ચુંટાયા પછી કોઈ સભ્ય પોતાની જગ્યાનું રાજીનામું આપી શકે નહિ પણ સરકારી નોકરી સ્વીકારી છુટા થઈ શકાય છે. સભાના કામકાજ માટે ઓછામાં ઓછા ૪૦ સભ્યો જોઈએ, અને મત આપતી વખતે કોઈ તટસ્થ રહી શકે નહિ.

આમની સભાના કાર્યો અને સત્તાના ત્રણ વિભાગો પડી શકે (૧) કાયદા ઘડવા (૨) પ્રજાના નાણાં પર અંકુશ રાખવો (૩) રાજ્ય કારભાર પર દેખરેખ રાખવી.

(૧) આમની સભાની સંમતિ વિના કોઈ પણ મુસદ્દો, કાયદો બની શકે નહિ. નાણાં શિવાયનો કોઈ પણ મુસદ્દો, કોઈ પણ સભ્ય, ગમે તે સભામાં—આમની કે ઉમરાવની—રજુ કરી શકે છે અને બહુમતિથી બંને સભામાં પસાર થઈ રાજાની સહીથી તે દેશનો કાયદો બને

છે. અમુક મુસદ્દો નાણાં વિષયક છે કે નહિ તે નક્કી કરવાની સત્તા સ્પીકરની છે.

(૨) નાણાંની બાબતોમાં આમની સભાની સત્તા સર્વોપરિ છે. વાર્ષિક અંદાજપત્રો તેમજ સર્વે નાણાં વિષયક મુસદ્દાઓ માત્ર આમની સભામાંજ અને સરકાર તરફથીજ રજુ થઈ શકે છે. આમની સભાજ કર નાંખી શકે અને ખર્ચ કરી શકે. તેમ એ સભાજ સરકારની આવક અને ખર્ચ પર ચાલુ દેખરેખ રાખી શકે. નાણાં વિષયક મુસદ્દામાં ઉમરાવની સભા કોઈ પણ જાતનો સુધારો યા વધારો કરી શકે નહિ. જેમને તેમ માત્ર તેનો સ્વિકાર અથવા અસ્વિકાર કરી શકે છે.

(૩) રાજ્ય કારભાર પર દેખરેખ રાખવા માટે આમની સભા પ્રધાન મંડળના સભ્યોને સવાલો પૂછી શકે છે અથવા જરૂર પડે તો નાણાં આપવાની ના પાડી અથવા કોઈ સરકારી ઠરાવ અથવા મુસદ્દાનો અસ્વિકાર કરી અથવા અવિશ્વાસનો ઠરાવ પસાર કરી, પ્રધાનમંડળને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.

સને ૧૯૧૧ના કાયદા પ્રમાણે કોઈ પણ સાધારણ મુસદ્દાને આમની સભાએ પસાર કર્યો હોય પણ ઉમરાવની સભા બે વર્ષો સુધી તેને સંમતિ ન આપે તો તે મુસદ્દો પછી રાજાની સહી મેળવી દેશનો કાયદો થઈ શકે છે. અને નાણાં સંબંધી કોઈ પણ મુસદ્દો ઉમરાવની સભાના સ્વિકાર અથવા અસ્વિકાર પછી તરતજ રાજાની સહી મેળવી કાયદો બને છે.

8. Write short notes on—(1) The Freedom of the Press (2) The importance of the battle of Naseby (3) William Wilberforce (4) Akbar's Hindu marriages (5) The importance of the Treaty of Bassein.

(૧) છાપાંનું છૂટાપણું—અસલના વખતમાં ઇંગ્લેંડમાં છાપેલા પુસ્તકો અને પત્રિકાઓ પ્રસિદ્ધ કરવાની રજા ધર્માધ્યક્ષો આપતા. જેમ્સ અને ચાર્લ્સ પહેલાના સમયમાં એ કામ 'તારાગૃહને' સોંપાયું હતું અને તેમાં

સરકાર વિરૂદ્ધ છાપનાર લોકોને બહુ સખત શિક્ષા કરવામાં આવતી. 'પુનઃસ્થાપનાં' પછી સને ૧૬૬૨ના પ્રેસ લાઇસિન્સના કાયદા પ્રમાણે માત્ર લન્ડન, યૉર્ક અને ઑક્સ્ફર્ડ અને કેમ્બ્રિજના મહાવિદ્યાલયોને છાપખાના રાખવાની રજા મળી હતી અને દરેક છાપકામ માટે લાઇસિન્સરની રજા મેળવવી પડતી. 'રાજ્ય ક્રાંતિ' પછી સને ૧૬૯૫માં આમની સભાએ એ કાયદો ચાલુ કરવાની ના પાડી અને તેથી છાપનારા અને પ્રસિદ્ધ કરનારાઓને સરકારી અંકૂશમાંથી મુક્તિ મળી, જો કે હજુએ બદનક્ષીનો કાયદો તો તેમને હેરાન કર્તો હતોજ. લાઇસન્સનો કાયદો જવાથી આધુનિક વર્તમાનપત્રોની શરૂઆત થઇ. પહેલું દૈનિક, The Daily Courant, ૧૭૦૨માં બહાર પડ્યું. જો કે સત્તરમા અને અઢારમા સૈકામાં લોકમત કેળવવા માટે વર્તમાનપત્રો કરતાં ખાસ છાપેલી પત્રિકાઓનો ઉપયોગ વધારે થતો.

(૨) નેઇસિબીના યુદ્ધની અગત્ય—સને ૧૬૪૪માં માર્સ્ટન મૂરના યુદ્ધમાં ઘોડેસ્વાર લશ્કરના સરદાર તરીકે ઑલીવર ક્રોમવેલ પ્રકાશમાં આવ્યો. એ યુદ્ધમાં તેણે મેળવેલા વિજયથી આંતર વિગ્રહે પલટો ખાધો, ચાર્લ્સે ઇંગ્લૅંડનો ઉત્તર ભાગ ગુમાવ્યો અને હવે તેના પક્ષમાં માત્ર મધ્ય ભાગ રહ્યો. પાર્લમેંટે હવે ક્રોમવેલને લગભગ સરમુખત્યાર બનાવ્યો અને તેની સલાહથી લશ્કરની પણ પુનર્રચના કરવામાં આવી. આ નવા લશ્કર સાથે ક્રૉમવેલ ચાર્લ્સને ૧૬૪૫માં નેઇસિબી આગળ મળ્યો અને તેને સખતહાર ખવડાવી તેના લશ્કરનો લગભગ નાશ કર્યો. પરિણામે બાકી રહેલો ઇંગ્લૅંડનો મધ્યભાગ પણ તેની પાસેથી જતો રહ્યો. આ યુદ્ધ પછી ઇંગ્લૅંડમાં તેનું પક્ષકાર કોઇ રહ્યું નહિ અને થોડા ઘણા મણુસો સાથે ક્રૉમવેલના સિપાઈઓથી નાસતો તે આમ તેમ ભટકવા લાગ્યો. આમ નેઇસિબીના યુદ્ધની અગત્ય બે પ્રકારની છે. પહેલું એ ક્રૉમવેલની સેનાપતિ તરીકેની શક્તિ બતાવી આપે છે અને બીજું ક્રૉમવેલના લશ્કરી અમલની તરફેણમાં આંતર વિગ્રહનો વાસ્તવિક રીતે અંત આણે છે.

(૩) વિલિયમ વિલ્બરફોર્સ—ઓગણીસમી સદીના મનુષ્ય કલ્યાણ અર્થે કાર્ય કરનારાઓમાં વિલ્બરફોર્સનું સ્થાન ઉંચું છે. તેનું મુખ્ય પ્રચાર કાર્ય

ગુલામીના વિનાશ અર્થે હતું. આફ્રિકામાં નિર્દોષ સીધીઓને પકડી સામાન્ય પશુઓ પેઠે તેમને પોતાના વહાણોમાં નાંખી અમેરિકા લઈ જઈ ખુલ્લા બજારોમાં અંગ્રેજ વેપારીઓ અમેરિકન જમીનદારોમાં તેમનું–મનુષ્યોનું–વેચાણ કરતા. વિલ્બરફોર્સના દયાળુ સ્વભાવ અને પરમાર્થ પરાયણતાએ આ અમાનુષી વેપાર વિરૂદ્ધ પ્રચંડ બંડ ઉઠાવ્યું અને તેણે પોતાના મિત્ર નાનાપિટ્ ઉપર સપરિણામ પ્રભાવ પાડયો. પરંતુ ગુલામીના વિનાશ માટે દાખલ કરેલા પિટ્ના ખરડા વિરૂદ્ધ પાર્લમેંટમાં ભારે વિરોધ થયો અને એ સત્કાર્ય ભવિષ્યના સમય પર મુલતવી રહ્યું. આખરે તેના સતત્ પ્રયાસથી ૧૮૦૭માં આ વેપારનો વિનાશ થયો અને ૧૮૩૩માં આખા બ્રિટિશ સામ્રાજ્યમાંથી ગુલામીની પ્રથા નાબુદ થઈ. આમ પોતાનું જીવન કાર્ય સફળ થયલું જોયા પછી ૧૮૩૩માં વિલ્બરફોર્સ મૃત્યુ પામ્યો.

(૪) અકબરે હિંદુઓ સાથે કરેલો લગ્ન સંબંધ—અફઘાન સુલતાનો હિંદુઓનો ઘણોજ તિરસ્કાર કરતા. અને રજપૂતો સાથે તો તેમણે ત્રણસો વર્ષો સુધી લડાઈઓ કરી પણ કંઈ ફાવ્યા નહિ. જ્યારે અકબર હિંદનો પાદશાહ થયો ત્યારે તેના દરબારીઓના મન હિંદ પર બરોબર લાગ્યાં નહોતાં અને પઠાણો તો તેમના હડહડતા દુશ્મનોજ હતા તેથી અકબરે મુસલમાન રાજ્યોને જીતવા રજપુત રાજાઓને હિંદુઓને પોતાના પક્ષમાં લેવાનો નિશ્ચય કર્યો. વળી રાજ્યની વૃદ્ધિ કરવી એજ રાજધર્મ છે એવા તેના સાંકડા વિચાર નહોતા. રાજ્યમાં સર્વત્ર સુલેહશાંતિ ને વ્યવસ્થા સ્થાપવી અને ન્યાય અને ડહાપણથી હિંદુ અને મુસલમાનો પર સમાન દૃષ્ટિ રાખી સર્વ પ્રજાની પ્રીતિ સંપાદન કરવી એજ રાજધર્મ છે એમ તે સમજતો હતો. પરંતુ હિંદુઓ અને ખાસ કરીને રજપૂતોની મૈત્રી કેમ કરવી એ પ્રશ્ન હતો. રજપૂતો બહુ અભિમાની અને સ્વાતંત્ર્ય ભાવનાવાળા હતા. સમાન પદે સંબંધ બંધાયા વિના તેઓ કદી મોગલોની સેવા સ્વીકારે તેમ નહોતું. અને શૂરવીર અને વફાદાર રજપૂતોની સેવા વિના મોગલ રાજ્ય ટકવું મુશ્કેલ હતું. આથી અકબરે રજપૂતો સાથે લગ્ન સંબંધ કરવાનો વિચાર કર્યો. પહેલાં અંબરના રાજા બિહારીમલ્લને હરાવી તેની પુત્રીને અકબર પરણ્યો અને તેનો કુંવર તે જહાંગીર. ત્યારપછી

જહાંગીરને પણ જોધપુરની રાજકુંવરી જોધબાઈ સાથે પરણાવ્યો આ રીતે જયપુર અને જોધપુરના રજપૂત રાજ્યો મોગલોના મોસાળ પક્ષી થવાથી તેમણે મોગલ પાદશાહોને પોતાનાજ ગણી તેમની સેવા ખરા દીલથી ઉઠાવી. આમ લગ્ન સંબંધથી અકબરે રાજા માનસીંગ અને ભગવાનદાસ અને ભવિષ્યમાં રાજા જયસિંહ અને જસવંતસીંગની સેવા મોગલોને માટે હંમેશને માટે મેળવી લઈ મોગલ સામ્રાજ્યનો પાયો મજબુત કર્યો.

(૫) વસાઈના કરારની અગત્યતા—હિંદુસ્તાનના સર્વે દેશી રાજાઓને અંગ્રેજોની સાર્વભૌમ સત્તા હેઠળ આણવા માટે માર્કિવસ વેલેસ્લીએ સહાય્યકારા લશ્કરની યોજના કરી હતી. નિઝામ જેવા નબળા રાજ્યે તે સ્વિકારી પણ હતી. પરંતુ વેલેસ્લીની ઘણીએ માગણી છતાં નાના ફડન-વીસ જીવતો હતો ત્યાં સુધી મરાઠાઓએ તે યોજના સ્વીકારી નહોતી. ઇ. સ. ૧૮૦૦માં નાના ફડનવીસ મૃત્યુ પામ્યો, અને તેની સાથે મરાઠાઓનું ડહાપણ અને સત્તા પરવારી ગયાં. તેમણે માંહોમાંહે લઢવાનું શરૂ કર્યું. જસવંતરાવ હોલ્કરે દોલતરાવ સિંધિયા સાથે લડાઈ કરી તેને હરાવ્યો. બાજીરાવ પેશ્વાએ સિંધિયાનો પક્ષ લઈ હોલ્કરના લશ્કરને નસાડયું. આથી જસવંતરાવે પુના પર હલ્લો કર્યો અને પેશ્વા વગર વિચારે અંગ્રેજોનું રક્ષણ માગવા વસાઈ નાસી ગયો. અંગ્રેજોને એવું જોઇતુંજ હતું એટલે તેમણે ખુશીથી સહાય્ય-કારી લશ્કરની યોજના પ્રમાણે બાજીરાવ પેશ્વા સાથે વસાઈના કરાર કર્યા. ઈ. સ. ૧૮૦૨. વસાઈના કરારથી પેશ્વાએ અંગ્રેજોની સર્વોપરિ સત્તા સ્વીકારી પોતાની સ્વતંત્રતા હંમેશને માટે ગુમાવી. વળી તેણે એ કરાર મરાઠા સરદારોના અધ્યક્ષ તરીકે કર્યા હતા. પરંતુ હોલ્કર, સિંધિયા તેમજ ભોંસલેએ તે સ્વીકારવાની ના પાડી. કમનસીબે એકઠા મળી સામે થવાને બદલે પહેલા સિંધિયા તથા ભોંસલે અને પછી હોલ્કર અંગ્રેજો સાથે લડ્યા, હાર્યા, અને પરતંત્ર થયા. આ પ્રમાણે વસાઈના કરારે મરાઠી સત્તાનો મૃત્યુઘંટ વગાડયો. એક વખત આખા હિંદુસ્તાનનું સામ્રાજ્ય સ્થાપવાની મહત્ત્વાકાંક્ષાવાળી સત્તાની પોતાનીજ ભૂલને લીધે પૂરી સ્વતંત્રતા પણ ન રહી.

9. How was the Mauryan power established in India? Whom do you consider the greatest of the Mauryans? Write all that you know of him.

મૂરાનો પુત્ર, નંદવંશનો સંબંધી, ચંદ્રગુપ્ત મૌર્ય પીપલ્લીવનની પ્રજાસત્તાક સંસ્થાનો અધ્યક્ષ હતો. નંદ રાજાઓએ પીપલ્લીવન તાબે કરી ચંદ્રગુપ્તને કાઢી મૂકયો. કહે છે કે ત્યારપછી ચંદ્રગુપ્તે સીકંદરની મુલાકાત લઇ નંદ રાજાઓને મગધ દેશ સર કરવાનું કહ્યું. પણ આખરે ચંદ્રગુપ્ત પોતેજ વિષ્ણુગુપ્ત અથવા ચાણક્યના નામથી પ્રસિદ્ધિ પામેલા બ્રાહ્મણની મદદથી છેલ્લા નંદ રાજા ધનનંદનો નાશ કરી મગધ દેશની રાજધાની પાટલીપુત્રની ગાદીએ આવ્યો. આ પ્રમાણે ઇ. સ. પૂ. ૩૨૨માં હિંદુસ્તાનના મગધદેશમાં મૌર્ય સત્તાની સ્થાપના ચંદ્રગુપ્ત મૌર્યે કરી. અને એ સત્તા તેણે અફઘાનિસ્તાનથી વિંધ્યાચળ સુધી વધારી.

મૌર્ય સત્તાધીશોમાં પ્રથમ સ્થાન અશોકવર્ધનનું છે. ચંદ્રગુપ્ત પોતે મહાન રાજા હોવા છતાં એનો પૌત્ર અશોક એના કરતાં ઘણી રીતે ચઢિયાતો છે. ગાદીએ આવ્યો તે પહેલાં તેણે તક્ષશિલા અને અવંતિકા મુકામે અધિકાર ભોગવ્યો હતો. ઈ. સ. પૂ. ૨૬૧ માં તેણે કલિંગદેશપર ચડાઈ કરી ખૂનખાર યુદ્ધો પછી તે દેશ કબજે કર્યો. આ ખૂનરેજીથી અશોકને વિમાસણ થયું. પરિણામે તેણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો, તે ધર્મની પવિત્ર જગ્યાઓની યાત્રા કરી અને અહિંસા ધર્મના પાલન માટે યુદ્ધો કરવાં બંધ કર્યાં. તેણે દેશ પરદેશ બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માણસો મોકલ્યા. તેની પુત્રી ચારૂમતિએ દીક્ષા લીધી અને તેના ભાઈ બ્હેન એજ માટે લંકા ગયાં. અશોકે આખા રાજ્યમાં શિલાલેખો, ધર્મશાળાઓ, સ્તૂપો, સ્તંભો ને દવાખાનાં તૈયાર કરાવ્યાં. તે ઘણો પરગજુ રાજા હતો. તેણે પરધર્મીઓને પણ ઉત્તેજન આપ્યું ને આખા રાજ્યમાં ઝાડો રોપાવ્યાં, રસ્તાઓ બાંધ્યા અને કાયદાઓ નક્કી કર્યાં. તેની પુત્રીએ દેવપટ્ટન અને તેણે કાશ્મીરનું શ્રીનગર વસાવ્યાં.

અશોકના રાજ્યનો વિસ્તાર બતાવનારા, તેમજ તેના રાજ્યની યાદગીરીરૂપે અત્યારે જુનાગઢ, પેશાવર, પુરી, સોપારા, દિલ્હી, અલ્લાહાબાદ,

કાશી ને નેપાળમાં શિલાલેખો ને સ્તંભો છે. આ લેખોમાં સત્ય બોલવા, ધર્મ પ્રમાણે ચાલવા, અને અહિંસા પાળવાનો ઉપદેશ છે.

અશોકના અમલથી બૌદ્ધ ધર્મ આખા જગતમાં ફેલાયો, અને આપણી સંસ્કૃતિથી આપણા પાડોશીઓ સારી રીતે જાણીતા થયા તેના જેવો પરાક્રમી, ધાર્મિક, સત્યવક્તા, દયાળુ, ને સદ્‌ગુણી રાજા દુનિયાના ઇતિહાસમાં મળવો મુશ્કેલ છે. ઘણા રાજાઓ દેશો જીતી ગયા છે ને કાયદાઓ કરી ગયા છે પણ અશોકે દયાની ખાતર નવા દેશો કબજે કરવાનું છોડી દીધું ને ધર્મ તથા સત્યનો ઉપદેશ આપવામાંજ રાજ્યનો પૈસો વાપર્યો.

10. State all that you know of king Harsha.

હર્ષ રાજાના પૂર્વજો થાણેશ્વરમાં ગુપ્ત રાજાઓના અમલદારો હતા ને ધર્મે સૂર્યને પૂજનારા હતા. તે કુટુંબનો આદિત્યવર્ધન નામનો માણસ ગુપ્ત રાજાની પુત્રી વેરે પરણ્યો. તેમને પ્રભાકરવર્ધન નામનો પુત્ર થયો. તેણે હૂણોને હરાવી કાઢી મૂક્યા ને સિંધ ને સુરાષ્ટ્રના રાજાઓને પણ હરાવ્યા. તેની સ્ત્રીનું નામ યશોમતી હતું. તેમને રાજ્યવર્ધન, હર્ષ અને રાજ્યશ્રી નામે બે પુત્રો અને એક પુત્રી થયાં. રાજ્યશ્રી કનોજના મૌખરી વંશના રાજા સાથે પરણી. પ્રભાકરવર્ધનના મરણ પછી મોટો પુત્ર રાજ્યવર્ધન ગાદીએ આવ્યો પણ માળવાના ગુપ્ત રાજાએ કનોજના રાજા રાજ્યવર્ધનના બનેવીને લડાઈમાં મારી નાંખ્યો તેથી તે માળવા તરફ ગયો. દુશ્મન હારી ગયો પણ તેવામાં બંગાળાના રાજાએ દગાથી રાજ્યવર્ધનને મારી નંખાવ્યો. તેથી તેનો નાનો ભાઈ હર્ષ ગાદીએ આવ્યો, ઇ. સ. ૬૦૪.

ગાદીએ આવતાંજ હર્ષે આસામના રાજાને પોતાના પક્ષમાં લીધો ને બંગાળાના રાજાને હરાવ્યો. પછી તેણે વિધવા બ્હેન રાજ્યશ્રીને વિંધ્યાચળની ઝાડીમાંથી બચાવી કનોજ આણીને કનોજ મુકામે રાજધાની કરી. તેણે નેપાળના રાજાને હરાવ્યો અને દક્ષિણમાં લશ્કર મોકલ્યું પણ ફાવ્યો નહિ. શ્રીહર્ષે માળવા, કચ્છ, ને સુરાષ્ટ્ર પણ જીતી લીધાં. તેણે વલ્લભીપુરના રાજા ધ્રુવસેનને હરાવી તેને પોતાની પુત્રી આપી તે રાજ્યને

ખંડિયું રાજ્ય બનાવ્યું. હર્ષે હવે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો ને ચીન તરફ એક વકીલ મોકલ્યો.

હર્ષ જાતે વૈશ્ય હતો. તે ધર્મ પ્રમાણે રાજ્ય કરી ગયો. તેની પ્રજા આબાદ હતી. તે બધા ધર્મના લોકોને સરખું માન આપતો. વારંવાર તે મોટી મોટી ધર્મની સભાઓ ભરતો ને મેળાઓ કરતો. આવા મેળાઓ વખતે તે રાજ્યનું તમામ ધન દાનમાં આપી દેતો. તેણે ધર્મશાળાઓ, દવાખાનાંઓ, વિહારો ને સ્તૂપો બંધાવ્યાં. તે શીલાદિત્યના નામથી પણ ઓળખાય છે. હર્ષ સારો કવિ થઈ ગયો. તેણે સંસ્કૃતમાં ત્રણ નાટકો લખ્યાં છે. તે લેખકોને ને વિદ્વાનોને સારો આશ્રય આપતો. બાણભટ્ટ નામનો એક મોટો વિદ્વાન તેના દરબારમાં થઈ ગયો. તેણે 'હર્ષચરિત' ને 'કાદંબરી' સંસ્કૃતમાં લખ્યાં છે. વળી હર્ષનાજ સમયમાં ચીની ભિક્ષુ અને મુસાફર હ્યુએનસાંગ બૌદ્ધ ધર્મના અભ્યાસ અર્થે હિંદમાં આવ્યો હતો. તે હર્ષનો મિત્ર થયો હતો અને તેણે તે સમયના હિંદુસ્તાનની પરિસ્થિતિનો બહુ સુંદર હેવાલ લખ્યો છે.

11. Show that Shir Shah was a great man and a great ruler.

સીકંદર લોદીના જાગીરદારની અણમાનીતી સ્ત્રીનો છોકરો ફરીદખાં દુઃખમાં ઉછરેલો હોવા છતાં નાનપણથીજ ચાલાક અને હોશિયાર હતો. બહુ નાની વયમાં તેણે બાપની જાગીરનો કબજો મેળવી તેનો સારી રીતે વહીવટ કરવા માંડયો અને રાજ્યના અમલદારોની પણ પ્રીતિ મેળવી. સિંહના શિકારમાં બહાદુરી બતાવ્યાથી જવનપુરના સુલતાને તેને શેરખાંનો ઇલ્કાબ આપ્યો જે નામથી તે ઇતિહાસમાં ઓળખાયો. કહેવાય છે કે બાદશાહ બાબરે આપેલી એક મીજલસમાં શેરખાં હાજર હતો. ત્યાં ફળ કાપવાને પાસે છરી ન હોવાથી આસપાસ બેઠેલા મોટા અમલદારો તેમજ ખુદ પાદશાહની દરકાર ન રાખતાં તેણે તરતજ પોતાની તરવાર મ્યાનમાંથી કાઢી તે વડે ફળના કકડા કર્યા. શેરખાંની આવી નૈતિક હિંમત તથા સમયસૂચકતા જોઈ બાબર તાજૂબ થયો અને તેના ભારે વખાણ કર્યાં. અફઘાનને સ્વાભાવિક એવું કપટીપણું તેનામાં પણ હતું અને કોઈ કોઈ

વખત તેણે ઘાતકીપણું પણ બતાવ્યું હતું. એમ છતાં તેનો સ્વભાવ માયાળુ, ઉદાર અને અનુકંપાવાળો હતો અને તેણે કદી ધર્માંધપણું બતાવ્યું નથી. તે ઘણોજ નિયમિત અને ઉદ્યમી હતો. તેનો ઈન્સાફ અદલ હતો, અને ચરિત વિશુદ્ધ હતું.

રાજ્યકર્તા તરીકે શેરશાહનું સ્થાન ઉંચું છે. જો કે અકબર જેટલો તે પ્રતાપી કે પ્રતિભાવાળો નહોતો પણ અકબરના કરતાં તેનામાં કારભાર કરવાની શક્તિ વધારે હતી. તે જાણતો હતો કે ધર્મને નામે જૂલમ કરવાથી રાજ્યસત્તા નબળી પડે છે તેથી હિંદુ પ્રજા પર કોઈ પણ રીતે નિરર્થક ક્રૂરતા તેણે વાપરી નહિ. અદલ ઈન્સાફ, મજબુત રાજ્ય કારભાર, અને લોકહિત માટે સુધારા એ તેના કારભારના મુખ્ય લક્ષણો કહી શકાય. મુલકી અને લશ્કરી ખાતાંઓ છુટા પાડી, પ્રાંતવાર અમલદારો નીમી, ન્યાય તેમજ જમીન મહેસૂલની તદ્દન નવેસરથી તેણે કરેલી ઉત્તમ વ્યવસ્થા તેમજ આખા મુલક માટે નવી ઢબના તોપખાના તથા જાસુસખાતા સાથે માત્ર એકજ લશ્કરની યોજના શેરશાહને માત્ર હિંદુસ્તાનનાજ નહિ પણ આખી દુનીઆના પ્રગતિમાન રાજ્યકર્તાઓની હરોળમાં મૂકે છે. એ ઉપરાંત દેશના ચલણમાં તેણે કરેલા સુધારાથી, જુદે જુદે સ્થળે ખોલેલી ટંકશાળોથી જગાતની વ્યવસ્થા સુધારવાથી તેમજ પાકી સડકો અને થોડે થોડે અંતરે બધી સગવડ સાથે સરાઇઓ બાંધવાથી શેરશાહે દેશનો વેપાર આબાદ કર્યો. તેણે ઘોડેસ્વાર ખેપીઆઓ મારફતે ઝડપથી ટપાલ મોકલવાની વ્યવસ્થા કરી અને ચોર લૂટારૂઓ પર ત્રાસ વર્તાવી ઓછા કર્યા. રાજ્યકર્તા તરીકે શેરશાહને અકબર અને શિવાજી સાથે સહેલાઇથી મુકી શકાય.

12. Compare Akbar and Aurangzeb as statesmen and carefully point out the results of the policy adopted by each of them.

અકબર અને ઔરંગઝેબ બેઉ ધુરંધર રાજનીતિજ્ઞ પુરૂષો હતા. બંનેને હિંદુસ્તાનમાં સામ્રાજ્ય સ્થાપી મહાન સમ્રાટ થવાની મહેચ્છા હતી. પરંતુ જ્યારે અકબરને પ્રેમ અને ઐક્યના પાયા પર પોતાનુ સામ્રાજ્ય રચવું હતું ત્યારે ઔરંગઝેબને હિંદમાં ઈસ્લામનું રાજ્ય સ્થાપવું હતું. આથી કરીને એ બંનેની રાજ્યનીતિ જુદી પડે છે.

અકબરે જોયું કે હિંદમાં હિંદુઓની વસ્તી મુસલમાનો કરતાં ઘણી વધારે છે. વળી તેઓ બળવાન અને સંસ્કારી છે. આથી ધર્માંધતા વાપરી તેમને અળગા કરવા કરતાં સહિષ્ણુતા વાપરી તેમને સાથે રાખી મોગલ સામ્રાજ્યનો પાયો નાંખવામાં આવે તો તે વધારે પાકો થાય અને તે ઉપર ચણાયલી ઇમારત પણ ચિરસ્થાયી બને. આવી માન્યતાથી તેણે રજપૂતો સાથે મિત્રતા કરી અને પછી લગ્ન સંબંધ બાંધી મોગલ રાજ્યકુટુંબ માટે તેમની મદદ હંમેશને માટે મેળવી. રાજા માનસિંગ, રાજા ભગવાનદાસ, રાજા ટોડરમલ વગેરે બધા હિંદુઓ જે મોગલ સામ્રાજ્યના સ્તંભો જેવા ગણાતા તે અકબરની આ દૂરંદેશીનું પરિણામ હતું. વળી અકબર પોતે ઉદાર મનનો હોવાથી તે પોતાના અમલદારો પર વિશ્વાસ રાખતો અને તેઓ સ્વાભાવિક રીતે એને માટે મરી ફીટતા. એના અમલદારોના પ્રેમ અને વફાદારીને લીધે અકબર પોતાનું સામ્રાજ્ય વધારી શક્યો એટલુંજ નહિ પણ તેને બરાબર વ્યવસ્થિત પણ કરી શક્યો અને મૃત્યુ વખતે આબાદ અને સંતુષ્ટ પ્રજા, વ્યવસ્થિત રાજ્યતંત્ર અને વિશાળ સામ્રાજ્યનો વારસો પોતાના પુત્ર માટે મૂકી જવાનો આત્મસંતોષ મેળવી શક્યો. સફળ રાજ્યનીતિનું આથી વધારે સારૂં પરિણામ શું હોઈ શકે ?

બીજી બાજુ ઔરંગઝેબમાં અકબરની સહિષ્ણુતાનો છાંટોયે નહોતો. તે એટલો બધો ધર્માંધ હતો કે એ ધર્મયજ્ઞમાં આખા મુગલ સામ્રાજ્યની આહુતિ તેને મન વિસાતમાં નહોતી. ઇસ્લામના પ્રચાર અર્થે તેણે રજપૂતો સાથે વેર બાંધ્યું, હિદુઓ પર જજીયાવેરો નાંખી તેમને દુસ્મન કર્યા, સર્વે જાતની મોજશોખના સાધનો પર અંકૂશ મુકી જાણે આખી પ્રજા પાસે કુરાને શરીફની આજ્ઞાઓ પળાવવાનો પ્રયત્ન કરી તેને અસંતુષ્ટ કરી અને દક્ષિણમાં બળવાખોર મરાઠાઓને એકલાને વખતસર ચાંપવાને બદલે ગોળકોંડા અને બિજાપુર જેવા શિયા મુસલમાની રાજ્યોને જીતવામાં અમૂલ્ય સમય અને શક્તિનો વ્યય કર્યો. એ ઉપરાંત દખ્ખણ જીતવાના લોભમાં ઉત્તર હિંદમાં રાજ્યકારભાર તદ્દન શિથિલ થયો તે તો જુદું. વળી તેના દગલબાજ અને સંકૂચિત સ્વભાવને લીધે તેના નિકટના સ્નેહીઓ અને અમલદારોમાં પણ તે અળખામણો થયો. રાજા જયસિંહ અને

જસવંતસીંગ જેવા વફાદાર રજપૂત સરદારોનો પણ તેને વિશ્વાસ નહોતો અને તેથી તેમને પોતાની કામગીરીમાં રસ ન રહ્યો. આવા અમલદારોએ સામ્રાજ્યનો પાયો લૂલો કરી નાંખ્યો. આમ વિદ્વાન, વિચક્ષણ, ઉદ્યમી, ચારિત્ર્યવાન, સાદો અને ધર્મિષ્ઠ ઔરંગઝેબ જે સામાન્ય પુરૂષ તરીકે મહાત્મા થઈ ગયો હોત તે વિધિના વૈચિત્ર્યને લીધે રાજ્યાધિકારી બન્યો અને પરિણામે ધર્માંધ બની તદ્દન ભૂલભરેલી રાજ્યનીતિ ગ્રહણ કરી અકબરે મહામહેનતે સ્થાપેલા સામ્રાજ્યને છિન્નભિન્ન કરી ગયો.

13. Mention the circumstances that contributed to the rise of the Maratha power, and give the causes of its decline and fall

મહારાષ્ટ્ર એ પહાડી પ્રદેશ છે. તેથી ત્યાંના લોકો મજબુત બાંધાના અને લડાયક છે. વળી એજ કારણથી એ દેશનું પરદેશીઓ સામે સારૂં રક્ષણ થઈ શકે છે. આથી કુદરતી રીતે મરાઠાઓમાં સ્વાતંત્ર્ય ભાવના ખીલી હતી. તે ઉપરાંત બહમની સુલતાનો મરાઠાઓને પોતાનાં રાજ્યોમાં મુલકી તેમજ લશ્કરી નોકરીમાં મોટી પદવીઓ આપતા હોવાથી તેમને લડવાનો તેમજ રાજ્ય વહીવટનો ઘણો સારો અનુભવ મળ્યો. એજ અરસામાં તુકારામ અને રામદાસ જેવા સંતોએ 'મહારાષ્ટ્ર ધર્મ'નો બોધ આપી ધર્મ વગેરેના રક્ષણ માટે સ્વતંત્ર થવાનું ચૈતન્ય પ્રગટાવ્યું. આવી પરિસ્થિતિમાં મોગલોએ દક્ષિણમાં આક્રમણ કર્યું. આથી મરાઠા જાગીરદારો જે સ્વતંત્રપણે પોતપોતાની જાગીર સંભાળતા હતા તેમને સંઘશક્તિની જરૂર લાગી. હવે તેમને માત્ર માર્ગદર્શક નાયકની ખોટ હતી. તે મહાન શિવાજીએ પુરી પાડી. તેણે મરાઠા ચૈતન્યને યોગ્ય દિશામાં દોર્યું, તેમની સ્વાતંત્ર્યભાવનાને વિશેષ પુષ્ટિ આપી, અને સ્વધર્મ અને સ્વરાજ્ય અર્થે પોતાની સઘળી શક્તિ અને બુદ્ધિનો ઉપયોગ કરી એક એવું સુવ્યવસ્થિત રાજ્ય સ્થાપ્યું કે એની પછીના રાજાઓની નબળાઈ છતાં મરાઠી સત્તાનો તરત નાશ ન થયો.

મરાઠી સત્તાની અવનતિ માધવરાવ પેશ્વાના અકાળ મૃત્યુથી શરૂ થઈ અને બાજીરાવ પેશ્વાએ ૧૮૦૨ માં વસાઈના કરાર કરી મરાઠી સત્તાનો

મૃત્યુ ઘંટ વગાડયો. એ અવનતિ અને અંતના કારણો આ પ્રમાણે–
(૧) માધવરાવના મૃત્યુથી વિકાસ પામતી મરાઠી સત્તાને સખત ફટકો પડયો એટલુંજ નહિ પણ પેશ્વાની ગાદી માટે તકરાર પડવાથી ઉલટી પડતી આવી. (૨) રાઘોબા તેમજ નાનાફડનવીસના પક્ષો માંહોમાંહે લડી નબળા પડ્યા. (૩) રાઘોબાએ અંગ્રેજોની મદદ માંગવાથી તેમને મરાઠી બાબતોમાં માથું મારવાનો સુયોગ મળ્યો. (૪) મરાઠા સરદારો પેશ્વાનું ઉપરીપણું નામનુંજ સ્વીકારવા લાગ્યા અને તેથી મરાઠી સત્તાની સંઘશક્તિ જતી રહી. (૫) વસાઈના કરારથી બાજીરાવ પેશ્વાએ મરાઠી સત્તાની સ્વતંત્રતા અંગ્રેજોને ચરણે ધરી. (૬) મરાઠા સરદારોએ હજુ એકત્ર થવાને બદલે કુસંપ અને અદેખાઈથી તેમણે એકબીજાને અંગ્રેજોને હાથે નાશ પામતા જોયા. (૭) અંગ્રેજોનું લશ્કરી બળ મરાઠાઓ કરતાં બધીજ રીતે ચઢિયાતું હતું. (૮) શિવાજીની રાજ્યવ્યવસ્થાના સિદ્ધાંતોનો બીજા પેશ્વાના સમયથીજ ત્યાગ થયો હતો, અને તેથી એક દૃષ્ટિએ જોતાં મરાઠી સત્તાના વિકાસમાંજ તેના વિનાશના બીજો રોપાયાં હતાં.

14. Write what you know of the rise of the great Maratha families in the time of Baji Rao I.

બીજા પેશ્વા બાજીરાવ પહેલાના સમયમાં મરાઠી રાજ્યનો વિસ્તાર એટલો તો ઝપાટાબંધ થતો હતો કે એકજ વ્યકિતના હાથમાં રાજ્યતંત્ર લાંબો વખત રાખવું કઠણુ થઈ પડયું. તેથી જુદા જુદા મરાઠા સરદારો જ્યાં જ્યાં તેઓ કામગીરી પર ગયા ત્યાંજ સહકુટુંબ રહી પોતાનો જીતેલો અને અમલ નીચેનો મુલક સંભાળવા લાગ્યા. આ રીતે જે મરાઠા રાજ્ય કુટુંબો જુદે જુદે સ્થળે સ્થપાયા તે–સિંધિયા, હોલ્કર, ભોંસલે અને ગાયકવાડ.

(૧) સિંધિયાનું કુટુંબ—આ કુટુંબનો સ્થાપક રાણોજી સિંધિયા, પહેલા પેશ્વા બાલાજી વિશ્વનાથના પગરખાં ઉંચકનારો હતો. પરંતુ તેની અતુલ કાર્ય દક્ષતાને લઇને તે ધીમે ધીમે ઉંચી પદવીએ ચઢયો હતો. તે બહાદુર લડવૈયો હતો અને પાછળથી ઘણો કુશળ સેનાપતિ નીવડયો હતો. પહેલા બાજીરાવે તેને હોલ્કર સાથે માળવામાં ચોથ

ઉઘરાવવા મોકલ્યો અને ત્યાં તેણે ઉત્તર માળવા, ગ્વાલિયર અને લગભગ ચંબલ સુધીના પ્રદેશપર પોતાની સત્તા બેસાડી. તેના વંશજો મહાદજી અને દૌલતરાવ સિંધિયા ગ્વાલિયરમાં લગભગ સ્વતંત્ર સત્તા ભોગવતા થયા.

(૨) હોલ્કરનું કુટુંબ—પુના નજીક આવેલા, હોલ ગામડાનો ભરવાડ મલ્હારરાવ હોલ્કર આ કુટુંબનો સ્થાપક હતો. પહેલા બાજીરાવના સમયમાં તે મરાઠી સૈન્યમાં દાખલ થયો અને શૂરવીર લડવૈયા તરીકે નામના મેળવી. સને ૧૭૩૩માં તેને સિંધિયા સાથે માળવામાં ચોથ ઉઘરાવવા મોકલ્યો અને ત્યાં દક્ષિણ માળવામાં પોતાની સત્તા સ્થાપી. તે પોતે તથા તેનો વંશજ જસવંતરાવ હોલ્કર ઇંદોરમાં લગભગ સ્વતંત્ર સત્તા ભોગવતા હતા.

(૩) ભોંસલેનું કુટુંબ—રાઘુજી ભોંસલે નામના મરાઠા સરદારને બાજીરાવે પૂર્વ તરફ એટલે મધ્ય હિંદુસ્તાન અને વરાડમાં કામગીરી પર મોકલ્યો હતો. રાજ્ય ખટપટમાં તે બહુજ પ્રવીણ હતો અને પહેલેથીજ પેશ્વા સાથે તેને બહુ બનતું નહિ. વરાડમાં મરાઠી સત્તા બેસાડી નાગપૂરમાં તેણે લગભગ સ્વતંત્ર સત્તા સ્થાપી.

(૪) ગાયકવાડનું કુટુંબ—બાલાજી વિશ્વનાથના સમયમાં દામાજી ગાયકવાડ નામનો એક માણસ મરાઠા સૈન્યમાં દાખલ થયો હતો અને પછી ઉંચી પદવીએ ચઢી પૂર્વ ગુજરાત–સોનગઢમાં ચોથ ઉઘરાવતો હતો. બાજીરાવ પહેલાએ ઉત્તર ગુજરાતનો કબજો લઈ, દાભાડે ને હરાવી, દામાજીના છોકરા પીલાજી ગાયકવાડને ચોથ ઉઘરાવવા નીમ્યો. ત્યારપછી સને ૧૭૨૭માં તેણે વડોદરા સર કરી ત્યાંજ પોતાની સત્તા જમાવી. આ રીતે પીલાજી ગાયકવાડે ગુજરાતમાં મરાઠી રાજ્ય કુટુંબની સત્તા સ્થાપી વડોદરામાં રાજધાની રાખી.

આ પ્રમાણે બીજા પેશ્વા બાજીરાવની મરાઠી સામ્રાજ્ય વધારવાની રાજ્યનીતિને પરિણામે આ ચાર મોટા મરાઠી રાજ્યકુટુંબો અસ્તિત્વમાં આવ્યા.

15. Describe carefully how civil and criminal justice is administered in British India.

લોકોને ન્યાય આપવા માટે ગવર્નરના લગભગ દરેક પ્રાંતવાર એક હાઈ કોર્ટ હોય છે. હાઇ કોર્ટના જડ્જોને નામદાર શહેનશાહ નીમે છે. ગવર્નર–જનરલ તેમજ બીજા અમલદારોનો અંકુશ તેમના પર હોતો નથી. આ કોર્ટજ માત્ર મોતની સજા ફરમાવી શકે. એ ઉપરાંત તેને પોતાના પ્રાંતના બધા જીલ્લાની તમામ કોર્ટોના નિર્ણય પરની અપીલો સાંભળવાની સત્તા છે. દરેક જીલ્લામાં એક ડીસ્ટ્રીક્ટ કોર્ટ હોય છે, અને તેનો ન્યાયાધીશ ડીસ્ટ્રીક્ટ જડ્જ કહેવાય છે. તે દિવાની અને ફોઝદારી બંને કેસો સાંભળે છે. મોતથી ઉતરતી બધી જાતની સજા ફરમાવાની તેને સત્તા છે. જિલ્લાના દરેક શહેરમાં આ ડીસ્ટ્રીક્ટ કોર્ટ નીચે દીવાની અને ફોજદારી અદાલતો હોય છે.

ફોઝદારી અદાલતોના ન્યાયાધીશોને મેજીસ્ટ્રેટ કહેવાય છે. તેમના વર્ગો નીચે પ્રમાણે છે.

મેજીસ્ટ્રેટનો વર્ગ	અધિકાર	
પહેલો	દંડ રૂ. ૧૦૦૦ સુધી બે વર્ષની સજા	કલેક્ટરો, આસિસ્ટંટ અને ડેપ્યુટી કલેક્ટરો, સીટી મેજીસ્ટ્રેટો અને પ્રેસિડંસી
બીજો	દંડ રૂ. ૨૦૦ સુધી ૬ માસની સજા	મેજીસ્ટ્રેટો એ બધા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટો છે. તેમના
ત્રીજો	દંડ રૂ. ૧૦૦ સુધી ૧ માસની સજા	નિર્ણયોની અપીલ ડીસ્ટ્રીક્ટ કોર્ટને અથવા હાઇકોર્ટને છે.

દિવાની ન્યાય માટે દરેક શહેરમાં ડીસ્ટ્રીક્ટ કોર્ટ ઉપરાંત તે જીલ્લાના નાની મોટી રકમના કેસો ચુકવવા પહેલા અને બીજા વર્ગના સબૉર્ડીનેટ જડ્જોની અદાલતો હોય છે. એ ઉપરાંત બહુ નાની રકમના કેસો ચુકવવા સ્મૉલ કૉઝીઝ કોર્ટ હોય છે અને તેના ચુકાદા પર અપીલ હોતી નથી.

ફોઝદારી ન્યાય આપતી વખતે ડીસ્ટ્રીક્ટ જડ્જ અને તેની કોર્ટને સેશન્સ જડ્જ અને સેશન્સ કોર્ટ કહે છે અને તેને મદદ કરવાને માટે કાયદા પ્રમાણે શહેરીઓમાંથી એસેસરો અને જ્યુરરોને બોલાવવામાં આવે છે. વળી મોટા શહેરના નાના નાના ગુન્હાઓની સજા કરવા માટે

શહેરીઓમાંથી ઑનરરી મેજીસ્ટ્રેટોની પણ સરકાર નીમણુંક કરે છે. આવા મેજીસ્ટ્રેટો પણ ત્રણે વર્ગના હોય છે.

કોઇ પણ કોટ કરેલી સજાની ગવર્નર અથવા ગવર્નર જનરલ માફી આપી શકે છે. હાઇ કોર્ટના ચુકાદા પર ઈંગ્લૅન્ડમાં પ્રિવિ કાઉંસિલને અપીલ થઈ શકે છે. યૂરોપીઅનો તેમના ફોઝદારી ગુન્હાઓની તપાસ વખતે કેટલાએક ખાસ હક્કો ભોગવે છે.

16. What is meant by Local Self-Government? What are the functions and sources of Indian Municipalities?

પોતાના દેશનો વહીવટ હિંદ વાસીઓ પોનાની મેળે ચલાવી શકે તે માટે તેમને રાજ્ય કારભારના વિષયમાં માત્ર શાસ્ત્રીય જ્ઞાન નહિ પણ પ્રત્યક્ષ તાલીમ આપવી એવો બ્રિટિશ સરકારે લૉર્ડ રિપનના સમયમાં ઠરાવ કર્યો અને એ તાલીમની શરૂઆત મધ્યસ્થ કે પ્રાંતિક સરકારના જોખમ ભર્યા વહીવટથી નહિ પણ સ્થાનિક સંસ્થાઓથી કરવી એમ નક્કી કર્યું. એ મુજબ મ્યુનિસિપેલિટિ અને લોકલ બોર્ડના બંધારણો નક્કી કરવામાં આવ્યા અને તેથી ઉત્સાહી અને કાર્યકુશળ પ્રજાજનોને પોતાના શહેર અથવા જીલ્લા અથવા ગામના વહીવટમાં ભાગ લઇ તેને સફળતાથી ચલાવવાની તક મળી. આનું નામ તે સ્થાનિક સ્વરાજ્ય.

હિંદી મ્યુનિસિપેલિટિની ફરજો—(૧) શહેરોની સફાઈ—શહેરના રસ્તાઓની યોગ્ય મરામત થાય, તે પરથી કાદવ કચરો દૂર કરી સાફ રાખવામાં આવે એ જોવું જોઈએ. (૨) જાહેર તંદુરસ્તી—મુડદાં બાળવા તથા દાટવાની વ્યવસ્થા રાખવી; શહેરમાં રોગનો ઉપદ્રવ ન થાય તે માટે સાવચેતી રાખવી. દરેક મ્યુનિસિપેલિટિ એક હેલ્થ ઓફીસર રાખે છે અને તે પાણી અને દુધની ચોકખાઈ અને મેવો તેમજ બીજી ખોરાકીની વસ્તુની સફાઇ વિગેરે પર ધ્યાન આપે છે. વળી લોકોમાં મરકી, કૉલેરા ફાટી નીકળે ત્યારે મદદ કરે છે. શીતળાની રસી ટાંકે છે, અને લોકો માટે જાહેર દવાખાના ખોલે છે. (૩) લોક સુખાકારી—મ્યુનિસિપેલિટિ તરફથી રાત્રે દીવાઓ થાય છે. બાગબગીચા સાફસુફ થાય છે અને સંગ્રહસ્થાનોની

દેખરેખ રખાય છે. (૪) કેળવણી—પ્રાથમિક કેળવણીનો વહિવટ હવે મ્યુનિસિપેલિટિની સંપૂર્ણ દેખરેખ હેઠળ સ્કુલ બોર્ડ નામની સંસ્થા કરે છે. વળી મ્યુનિસિપેલિટિ પોતાના નાણાંમાંથી કેળવણીની બીજી સંસ્થાઓને જરૂર લાગે તો મદદ આપી શકે છે. (૫) આગ હોલવવી, જોખમકારક વેપાર ધંધા અટકાવવા, જોખમકારક મકાનો દૂર કરવાં, તેમજ શહેરના યોગ્ય વિભાગો પાડી તેમને નામ આપવાનું કામ મ્યુનિસિપેલિટિનું છે.

હિંદી મ્યુનિસિપેલિટિની આવકનાં સાધનો—(૧) પ્રાંતિક સરકારો જે કાંઈ મદદ આપે તે (૨) જમીન કે એવી મીલકતના વેચાણનું ઉત્પન્ન (૩) વ્યાજે લીધેલી રકમ (૪) કર, જેમકે નાકાવેરો, દાણુ કે જગાત, ઘરવેરો, જમીનવેરો, ગાડાં, મોટરો, ગાડીઓ, સાઇકલો વગેરે પરના કરો, શાક મારકીટ, પાણી, દીવાબત્તી, બાજરૂ વગેરેના ઉપયોગના કરો (૫) નોંધણીનું ઉત્પન્ન.

17. What were the principal charges on which Warren Hastings was impeached? What was his defence?

ઈ. સ. ૧૭૮૫માં હેસ્ટિંગ્સ ઈંગ્લંડ ગયો. ત્યાં આમની સભાએ તેના ઉપર જુદા જુદા આરોપો મુકયા અને ઉમરાવની સભામાં તેના ઉપર કામ ચાલ્યું. આ કામમાં મુખ્ય આરોપો આ પ્રમાણે હતા.

(૧) અયોધ્યાના નવાબ વજીર શુજાદૌલાની પાસેથી પૈસા મેળવવા માટે તેના દુશ્મનો, રોહિલખંડના રહેવાસી રોહિલાઓનો, નાશ કરવા માટે હેસ્ટિંગ્સે અન્યાયી રીતે કંપનીના લશ્કરની મદદ આપી હતી. આમની સભાનું એમ કહેવું હતું કે રોહિલા જેવી શાંત પ્રજાનો શુજાદૌલા પોતાની રાજ્યતૃષ્ણા સંતોષવા ખાતર નાશ ઇચ્છતો હતો અને આ નિર્દય અને જૂલ્મી કૃત્યમાં હેસ્ટિંગ્સે મદદ કરી કંપની સરકારની આબરૂને ધોકો પહોંચાડયો હતો. હેસ્ટિંગ્સનો બચાવ એવો હતો કે રોહિલાઓ બીજી અફઘાન જાતોની પેઠે લૂંટફાટ પરજ જીવનારા હતા. વળી શુજાદૌલા અને રોહિલા સરદાર વચ્ચે થયલા અમુક કરાર પ્રમાણે રોહિલાએ અમુક પૈસા નવાબને આપવાના હતા. વળી નવાબની ન્યાયી માંગણીઓને ટેકો આપવા

કંપની બંધાઈ ચુકી હતી તેથી જ્યારે રોહિલા સરદારે વચન ન પાળ્યું ત્યારે નવાબ અને કંપનીના લશ્કરે મળીને તેનો નિકાલ આણ્યો. હેસ્ટિંગ્સને પૈસા મળ્યા એ ખરૂં પણ તે ખાતર જ શુજાદૌલાને મદદ આપવામાં આવી નહોતી.

(૨) અયોધ્યામાં કંપનીનું લશ્કર રહેતું હતું અને તેનો ખર્ચ નવાબે આપવાનો હતો. શુજાદૌલાના મૃત્યુ પછી અયોધ્યામાં દુકાળ પડયો એટલે જુવાન નવાબને કંપનીનું ખર્ચ પેટે ભારે દેવું થયું. હેસ્ટિંગ્સને મરાઠી અને મ્હૈસૂર વિગ્રહો માટે નાણાની બહુ તાણ હતી માટે તેણે પૈસાની તાકીદ કરી. નવાબે કહ્યું કે તેની પોતાની પાસે તો કંઈ નહોતું પણ રાજ્યમાતાઓ, અયોધ્યાની બેગમો, પાસે રાજ્યનું પુષ્કળ ધન છે તેમાંથી કંપનીની રજા હોય તો દ્રવ્ય મેળવી તે પૈસા આપી શકે. હવે આરોપ એવો હતો કે હેસ્ટિંગ્સે નવાબને, બેગમોની ખાનગી મીલકત, પોતે પૈસા મેળવવા માટે, અન્યાયી રીતે અને બહુ ઘાતકીરીતે લૂટવા દીધી. અને એ રીતે કંપનીને બેઆબરૂ કરી. હેસ્ટિંગ્સનો બચાવ એવો હતો કે બેગમોની ખાનગી મીલકત હતીજ નહિ અને નવાબના માણસોએ તે મેળવવામાં ઘાતકીપણું ગુજાર્યું હોય તો તેને માટે કંપની જવાબદાર નહોતી. કંપનીનું લહેણું વ્યાજબી હતું એટલે તે વસુલ કરવામાં હેસ્ટિંગ્સને કંઈ અન્યાયીપણું લાગ્યું નહિ.

(૩) બનારસના રાજા ચૈતસિંહની પાસેથી હેસ્ટિંગ્સે બળજોરીથી નાણાં કઢાવ્યા. આ બાબતમાં રાજા રક્ષિત હોવાથી કંપનીને તેની પાસેથી ખંડણી ગમે તેટલી વધારી વસૂલ લેવાની સત્તા હતી એવી દલીલ જે હેસ્ટિંગ્સે કરી હતી તે કાયદાની દૃષ્ટિએ ભલે ઠીક હોય પણ દુનીઆની રીતે તો અન્યાયીજ લાગે. લાખો રૂપીઆની વગર કારણે ખંડણી વધારવી અને તે વસુલ કરવાને ગવર્નર–જનરલે જાતે કાશી જવું એ રક્ષક અને રક્ષિત બંનેને નાનમ લગાડનારૂં હતું. ચૈતસિંહ ભલે પદભ્રષ્ટ થયો પણ હેસ્ટિંગ્સનું કાર્ય તો અન્યાયીજ હતું.

(૪) પરંતુ જે આરોપ માટે સૌથી વધારે ચર્ચા થઈ તે બાબત નંદકુમાર, બંગાળના એક જમીનદારની હતી. બંગાળામાં ચાલતી દ્વિરાજ્ય પદ્ધતિમાં તેને નાયબદિવાન બનવાની આશા હતી. માણુસ બહુ ખટપટી

હતો છતાં એ પદવી તેને ન મળી. એટલે નંદકુમારે હેસ્ટિંગ્સના ઉપર લાંચ લેવાનો આરોપ મુક્યો. ફ્રાંસિસ વગેરે હેસ્ટિંગ્સના દુશ્મનો તેને મદદ આપતા હતા. આજ વખતે વરિષ્ઠ અદાલતમાં નંદકુમાર ઉપર ખોટી સહી કરવાના આરોપસર કામ ચાલ્યું. અને તે અદાલતે અંગ્રેજી કાયદા પ્રમાણે નંદકુમારને ફાંસીની શિક્ષા કરી. હવે હેસ્ટિંગ્સના ઉપર આરોપ એવો હતો કે પોતાની આબરૂ ઉઘાડી પાડનાર દુશ્મનનું વરિષ્ઠ અદાલત મારફતે તેણે કાસળ કાઢયું, ન્યાયના ઓથા હેઠળ એક જાતનું ખૂન કરાવ્યું હતું. હેસ્ટિંગ્સનો બચાવ એવો હતો કે ખોટી સહીનો આરોપ લાવવામાં તેમ ફાંસીની શિક્ષામાં તેનો બીલકુલ પણ હાથ હતો નહિ. વરિષ્ઠ અદાલત અને નંદકુમાર વચ્ચેનીજ એ બાબત હતી. એમ છતાં હેસ્ટિંગ્સે જો ધાર્યું હોત તો વચ્ચે આવી તે નંદકુમારને માફી અપાવી શકયો હોત.

18. Show how Lord Ripon established his claims upon the love and respect of the people of India.

દુકાળના સમયમાં દરબારભરી, વર્તમાનપત્રોની સ્વતંત્રતા પર તરાપ મારનારો કાયદો કરી, અને પ્રજામત તેમજ પોતાના સરકારી સલાહકારોની સલાહને ન ગણકારી પરદેશી કાપડ પરની જગાત રદ કરી વાઈસરૉય લૉર્ડ લિટન લોકોમાં બહુજ અળખામણો બન્યો હતો. વળી અફઘાન પ્રકરણમાં તેણે કરેલી ભૂલોથી હિંદ ઉપરાંત ઈંગ્લૅંડમાં પણ તેની પ્રતિષ્ઠા ઘટી. અને તેની જગ્યાએ ઉદાર મતવાદી લૉર્ડ રિપન હિંદના વાઈસરૉય પદ પર આવ્યો. લૉર્ડ રિપને પહેલાં તો અફઘાન વિગ્રહનો સફળ નિવેડો આણ્યો અને તેથી એક જાતની સતત્ ચિંતામાંથી હિંદીઓ તેમજ અંગ્રેજોને મુક્ત કર્યા. ત્યારપછી પોતાના વિચારોની ઉદારતા અમલમાં મુકવા માટે પહેલાંતો તેણે વર્તમાનપત્રોને ફરીથી છૂટ આપી. આથી હિંદી પ્રજામાં તે લોકપ્રિય થવા માંડયો. વળી તેણે જાહેર કર્યું કે ભવિષ્યમાં હિંદીઓ પોતાના દેશનો કારભાર પોતેજ કરતા થાય એટલા માટે એ કારભારનો પ્રત્યક્ષ અનુભવ તેમને મળવો જોઈએ અને એવો અનુભવ લોકોને મળે એ હેતુથી સ્થાનિક સંસ્થાઓમાં ઘટતો ફેરફાર કરી એવી

વ્યવસ્થા કરી કે જેને પરિણામે પ્રજાને સ્થાનિક સ્વરાજ્ય મળ્યું. આમ હિંદ સ્વરાજ્યને માર્ગે હિંદી પ્રજાને વાળનાર આ પહેલોજ વાઇસરૉય હતો અને તેથી કુદરતી રીતે લોક લાગણી તેના તરફ વળી હતી. ત્યારપછી ન્યાયના વહીવટમાં યુરોપીઅન અને હિંદી ગુન્હેગારોની તપાસમાં જે પક્ષપાત બતાવવામાં આવતો હતો તે દૂર કરવાને તેની કાઉંસિલમાં સરકાર તરફથી ઇલ્બર્ટ બીલ રજુ થયું. પણ હિંદમાં વસતી યુરોપીઅન પ્રજાના વિરોધને લીધે અસલ સ્વરૂપમાં અહિ પણ બહુ ફેરફારો પછીજ તે પસાર થઈ શક્યું. આ બીલથી રિપન હિંદી પ્રજામાં બહુજ લોકપ્રીય થયો અને હિંદી–યુરોપીઅનોમાં અળખામણો થયો. આ ઉપરાંત લૉર્ડ રિપને હિંદી પ્રજાના ભલાને માટે (૧) સર વિલિયમ હંટરના પ્રમુખપદ હેઠળ એક કેળવણી કમિશન નીમ્યું હતું અને તેણે પ્રાથમિક અને માધ્યમિક કેળવણી માટે બહુ અગત્યની ભલામણ કરી હતી. (૨) દેશના હુન્નરને ઉત્તેજન આપવા કલકત્તામાં એક મોટું ઔદ્યોગિક પ્રદર્શન ભર્યું (૩) બંગાળાના ખેડુતોને રાહત આપવા નવો કાયદો ઘડયો. (૪) હિંદી કારખાનાઓમાં કામ કરતા મજૂરોની સ્થિતિ સુધારવા કાયદો ઘડી કામ કરવાનો વખત નક્કી કર્યો. વળી દેશી રાજાઓની સાથે પણ તેણે બહુ ઉદાર નીતિ ગ્રહણ કરી, મ્હૈસૂરનો રાજા પુખ્ત ઉમરે પહોંચતા મ્હૈસૂરની ગાદી તેને પાછી સોંપી.

આ ઉપરથી જણાશે કે લૉર્ડ રીપનનું કાર્ય સ્વદેશીય હતું. બધી દિશામાં લોકોની પ્રગતિ કરી રાજ્યકર્તા તરીકે પ્રજા તરફની પોતાની ફરજ બજાવવી એ તેનું લક્ષ્ય હતું. અને પોતાનાથી બનતો પ્રયાસ કરી ચાર વર્ષના ટુંકા સમયમાં લોકહિતનાં જે કાર્યો તેણે કર્યાં તે માટે તે લોકપ્રિય બને, બ્રિટિશ હિંદના ઇતિહાસમાં અમર કીર્તિ મેળવે તો તે તદન સ્વાભાવિક છે.

1929

1. Why was the Reformation received so well in England? How did Henry VIII break the papal power? How was the Reformed church finally established in England?

જે ધર્મ સુધારણાનો પ્રયત્ન માર્ટીનલ્યુથર વગેરેએ યુરોપમાં સોળમા સૈકામાં કર્યો અને જેમાં તેઓ ઘણે અંશે સફળ થયા તેવીજ ધર્મ સુધારણાનો પ્રયત્ન ઇંગ્લૅંડમાં ચૌદમાં સૈકામાં થયો હતો. જ્હોન વિકલિફ જેને ધર્મ સુધારણાના પ્રભાતનો તારો કહેવામાં આવે છે તેણે ખ્રિસ્તિ ધર્મમાં પેઠેલો સડો દૂર કરવા અને બાઇબિલનો તરજુમો કરી ખરો ખ્રિસ્તિ ધર્મ ફેલાવવા કોશિષ કરી હતી. સત્તાધારીઓના ધર્માંધપણાને લીધે વિકિલફ ધર્મ સુધારણા કરવામાં સફળતા ન પામ્યો પરંતુ એના વખતથીજ ઇંગ્લૅંડનો સંસ્કારી વર્ગ તો રોમનકેથોલિક પંથથી કંટાળવા માંડયો હતો. જો કે એ પણ ખરૂં કે ઇંગ્લૅંડના સામાન્ય વર્ગને નવા ધર્મની બહુ સમજ નહોતી. વળી બીજી વાત ધ્યાનમાં લેવા જેવી એ છે કે ઇંગ્લૅંડમાં ધર્મ સુધારણા થવાનું કારણ ધાર્મિક કરતાં રાજકીય વધારે હતું. આઠમો હેન્રી જેણે પોપની સત્તા ઇંગ્લૅંડમાંથી કાઢી નાંખી તે પોતેજ ચુસ્ત રોમન કેથોલિક હતો. પરંતુ પરિસ્થિતિને લઈને પોતાની અંગત મહેચ્છાઓની આડે આવવાની પોપે ધૃષ્ટતા કરી એટલે સ્વચ્છંદી હેન્રીએ ધાર્મિક ભાવનાઓ બાજુએ મુકી ઇંગ્લૅંડના રાજાને રાષ્ટ્રીય ધર્મનો ઉપરિ જાહેર કર્યો. પરંતુ નવા ધર્મથી ધાર્મિક સિદ્ધાંતો તેમજ ક્રિયાઓમાં કંઈ ફેર પડયો નહિ, અને ઇટલીમાં રહેતા પરદેશી પોપને માટે સામાન્ય અંગ્રેજી પ્રજાને બહુ માન નહોતું એટલે ઇંગ્લૅંડમાં હેન્રીએ કરેલી ધર્મ સુધારણા સામે લોકોએ કંઈ વિરોધ કર્યો નહિ.

ઇંગ્લૅંડમાં પોપની સત્તા તોડવા માટે પહેલાં તો હેન્રીએ પાર્લમેંટ પાસે એવો કાયદો પસાર કરાવ્યો કે હવેથી ઇંગ્લૅંડના ધર્મનો અને ધર્માધ્યક્ષોનો રાજા પોતેજ મુખ્ય અધિકારી અને સંરક્ષક છે. એ ઉપરાંત

ધર્મને માટે લોકો પાસેથી નાણાંનું જે ઉઘરાણું થતું તે બંધ કરવામાં આવ્યું. ઈંગ્લૅંડના લોકો તેમજ ધર્માધિકારીઓ પોપને બીલકુલ પૈસા મોકલી શકે નહિ. રાજાની સંમતિ વિના ધર્માધ્યક્ષો કાયદો કરી શકે નહિ તેમ ધર્મની બાબતમાં હવે રાજાનેજ અપીલ થઈ શકે. વળી તમામ ધર્માધ્યક્ષોની નીમણુંકનો અધિકાર હવે પોપને બદલે રાજાનેજ સોંપવામાં આવ્યો. આવી રીતે આઠમા હેન્રીએ ઈંગ્લૅંડમાંથી પોપની સત્તા નાબુદ કરી.

આ પ્રમાણે આઠમા હેન્રીએ ધર્મની સત્તા પોપના હાથમાં લીધી. તેના પુત્ર એડવર્ડના સમયમાં સામાન્ય પ્રાર્થના પોથીની યોજના કરી ધર્મ ક્રિયા અને સિદ્ધાંતોમાં સુધારો કરવાનો પ્રયત્ન થયો. ત્યાર પછી મેરીએ બધું ઉંધું વાળી અસલ ધર્મ પાછો ચાલુ કર્યો. પરંતુ આખરે રાણી એલિઝાબેથે ગાદીએ આવ્યા પછી પોતાના ભાઈ તેમજ પિતાનું કાર્ય એકઠું કરી પાર્લમેંટ પાસે ફરીથી સુપ્રિમસિ અને યુનિફોર્મિટિના કાયદાઓ પસાર કરાવ્યા. આથી ઈંગ્લૅંડના રાષ્ટ્રીય દેવળની સંપૂર્ણ સ્થાપના થઈ. નવો ધર્મ રોમન કેથોલિક નહોતો કારણ કે ધર્મ સત્તા બધીજ પોપને બદલે રાજાના હાથમાં હતી. તેમ એ યુરોપના પ્રોટેસ્ટંટ ધર્મ જેવો પણ ન હતો કારણ કે એની ક્રિયા તેમજ સિદ્ધાંતો ઘણે અંશે રોમન કેથોલિકોના જેવાજ રહ્યા હતા. આથી આ નવા ધર્મને ઇંગ્લૅન્ડનો રાષ્ટ્રીય ધર્મ કહે છે.

2. What induced Philip of Spain to send the Armada to England? How do you account for its defeat? What great results followed the defeat?

સ્પેનનો રાજા ફિલિપ રોમન કેથોલિક ધર્મનો અગ્રગણ્ય નેતા હતો અને પોતાના ધર્મના પ્રચાર માટે જે જે દેશોમાં પ્રોટેસ્ટંટ ધર્મ ચાલતો હતો તે સર્વેને મહાત કરવાની તેને પ્રબળ ઇચ્છા હતી. બીજું નેધરલેન્ડ્સના લોકોએ સ્પેન સામે જે બળવો કર્યો હતો તેમાં ઈંગ્લૅંડની રાણી એલિઝાબેથે બળવાખોર ડચ લોકોની તરફેણમાં ભાગ લીધો હતો. ત્રીજું મેરીની પેઠે એલિઝાબેથ પાસે પણ ફિલિપે લગ્નની માગણી કરી હતી પણ તેણે તે સ્વીકારી નહોતી, તેમ સ્કોટલોકોની રાણી અને ફિલિપની

મિત્ર મેરીના મૃત્યુ પછી ઇંગ્લૅંડની ગાદી પર સત્તા મેળવવાનો, લડાઈ સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. ચોથું પોપના મનાઈ હુકમની સામે થઇને અંગ્રેજ ખલાસીઓ અને સાહસિકો અમેરિકા તેમજ બીજાં સ્થળોએ ગયા હતા. ત્યાં તેઓ સ્પેનિશ લોકોનું અપમાન કરતા, તેમના વહાણો લૂટતા અને તેમના વેપારમાં ભારે નુકસાન કરતા. આ પ્રમાણે ધાર્મિક, રાજકીય તેમજ વેપારના કારણોને લઇને ઇંગ્લૅંડને મહાત કરવાને ફિલિપે પોતાનું મહાન નૌકાસૈન્ય મોકલ્યું હતું.

સ્પેનનો મુખ્ય નૌકાધિપતિ મૃત્યુ પામેલો હોવાથી અજીત નૌકાસૈન્યની સરદારી ડયૂક ઑફ મેડિના સિડોનીઆને આપવામાં આવી હતી. પરંતુ મેડિના કદી દરિયાઈ લડાઇ કરી જાણતો નહોતો. બ્રિટિશ ચૅનલમાં સહેલાઈથી હિલચાલ કરવા માટે સ્પેનિશ વહાણો બહુ જંગી હતા. વળી સ્પેઇનના લોકોએ નૌકાયુદ્ધની કળામાં જમાનાને અનુકૂળ ફેરફારો કર્યા નહોતા. તેમનું તોપખાનું બહુ હલકી જાતનું હતું. પોતાની અને શત્રુની નૌકાને એકમેક કરી પોતાના સિપાઇઓ પાસે શત્રુની નૌકાના માણસો ઉપર હુમલો કરાવવો, એ તેમની લઢવાની રીત હતી. આ કળા હવે જૂની થઈ ગઇ હતી. અંગ્રેજોની નૌકાઓ હલકા વજનવાળી ઉંચી જાતના તોપખાનાથી અને માત્ર નાવિકોથીજ સજ્જ થયેલી હતી. અંગ્રેજ નાવિકો દૂરથીજ શત્રુની નૌકાપર તોપનો મારો ચલાવી તેમની લડાયક શક્તિનો નાશ કરવામાં બાહોશી માનતા, અને એ કળામાં તેઓ બહુ પ્રવીણ હતા. સ્પેનિશ નૌકાસૈન્યમાં નાવિકો નહિ પણ સૈનિકો હતા અને નાવિકોને સૈનિકોના અધિકાર નીચે રાખવામાં આવ્યા હતા. જ્યારે અંગ્રેજ નૌકાસૈન્ય તાબે ન કરી શકાયું ત્યારે પાર્માના લશ્કરને નેધરલૅન્ડ્સને કિનારેથી બ્રિટિશ કિનારા પર ઉતારવા માટે કૅલે તરફ મેડિના પોતાનું નૌકાસૈન્ય લઈ ગયો પણ ત્યાં રાત્રે ચતુર અંગ્રેજ નાવિકોએ સળગતા વહાણોને દરિઆઈ–કિલ્લાઓ વચ્ચે મોકલી તેમની વ્યૂહરચના તોડી છિન્નભિન્ન કરી નાંખ્યા. આજ વખતે સખત પવન ફૂંકાવા લાગ્યો. પરિણામે અજય્ય નૌકાસૈન્યનો નાશ થયો.

વીસ વીસ વર્ષો થયાં ઇંગ્લૅંડના લોકો સ્પેઇનની સત્તાને દરિયાઈ બળમાં નિર્બળ કરવા માંગતા હતા તે હવે સિદ્ધ થઈ ચૂકયું. ઇંગ્લૅંડ પોતે હવે પરદેશી હુમલાઓથી નિર્ભય બન્યું. સ્પેઇનની લડાયક શક્તિના અને તે સાથે તેના દરિયાઈ સામ્રાજ્યના નાશનો હવે આરંભ થયો. અંગ્રેજ નાવિકોની આ જીતથી આખી પ્રજામાં એક જાતનું નવું ચૈતન્ય આવ્યું જેને પરિણામે તેમનો વેપાર ઉદ્યોગ વધ્યો, સંસ્થાનો વસ્યાં, યુરોપના રાજકીય ક્ષેત્રમાં ઇંગ્લૅંડનું વજન વધ્યું અને તે સાથે કેથોલિક ધર્મસત્તાને ભારે ફટકો પડયો. વળી એલિઝાબેથના સમયથી જે નૌકાબળ અંગ્રેજોએ સાધ્યું એ હંમેશાં વધતુંજ ગયું અને આખરે તે તેની હાલની પ્રથમ પંક્તિને પામ્યું.

3. State why the Restoration was received with great joy. How do you account for the subsequent unpopularity of Charles II?

ચાર્લ્સ પહેલાને દેહાંત દંડ દેવાનું એક કારણ એ હતું કે તેણે રાજસત્તાને લોકસત્તાથી ચઢિયાતી અને લોકોને બીન જવાબદાર ગણી હતી. અંગ્રેજ પ્રજાને રાજસત્તા પાર્લમેંટને જવાબદાર બનાવવી હતી. પરંતુ ક્રોમવેલના પ્રજાસત્તાક રાજ્યમાં તેમને માલમ પડયું કે રાજાને મારીને રાજસત્તાથીએ વધારે એકહથ્થુ અને કદાચ વધારે જૂલમી લશ્કરની સત્તા દાખલ થઈ હતી. એટલે પાર્લમેંટ તો પહેલાના જેવીજ સત્તા વિહીન રહી વળી ક્રોમવેલના સમયમાં તો લોકોના ખાનગી જીવન પર પણ અંકૂશ મુકવામાં આવ્યો. ઔરંગઝેબની પેઠે ક્રોમવેલને પણ બધાજ લોકોને ધાર્મિક, સદાચારી, સાદા અને ગંભીર બનાવવા હતા. અને તેથી મોજ શોખના સર્વે સાધનો—નાટક, સંગીત, સાહિત્ય વગેરે સદંતર બંધ કરી સર્વેને પ્યૂરિટન્સ બનાવવાનો પ્રયત્ન થયો. પરિણામ સ્વાભાવિક રીતે ઉલટુંજ આવ્યું. ક્રોમવેલના સમયના એકહથ્થુ લશ્કરી અમલથી તેમજ તેના આનંદ રહીત લગભગ ધર્માંધ રાજ્યથી લોકો કંટાળ્યા અને તેનો અંત ઇચ્છિવા લાગ્યા. આથી જ્યારે ચાર્લ્સે બ્રેડાનું જાહેરનામું બહાર પાડયું ત્યારે આખી અંગ્રેજ પ્રજાએ છુટકારાનો દમ ખેંચ્યો. પહેલું તો

ચાર્લ્સ પાર્લમેંટનું સર્વોપરિપણું સ્વીકારીને રાજ્ય ગાદી પર આવતો હતો અને બીજું તેનો સ્વભાવ મોજીલો હોવાથી તેમજ રાષ્ટ્રીય ધર્મની પુનઃ સ્થાપના થવાથી લોકોને પણ મોજ મજાહ કરવાની સંપૂર્ણ છૂટ મળવાની ખાતરી હતી. આથી ક્રોમવેલના અમલથી નાશીપાસ થયલા તેમજ કંટાળેલા લોકોએ સત્તા તેમજ આનંદ ફરીથી પ્રાપ્ત કરવા માટે પુનઃ સ્થાપનાને વધાવી લીધી.

ચાર્લ્સના ગાદીએ આવવા પછી પ્રજાકીય આનંદના પૂર બમણા વેગથી ઉલટી દીશામાં વળ્યા. જાહેર જીવન દુરાચારી બન્યું. અને એ દુરાચારનો અગ્રણી રાજા પોતેજ હતો. એનો દરબાર માલ વિનાના સુંદર અને દુરાચારી સ્ત્રી પુરૂષોથી ભરેલો હતો. તે સમયનું સાહિત્ય પણ તેટલુંજ હલકા પ્રકારનું હતું. આખરે ઊંચ વર્ગમાં લંપટતા એટલી વધી પડી કે સામાન્ય વર્ગના લોકો એ દુરાચારથી તેમજ તેના અગ્રણી રાજા ચાર્લ્સથી કંટાળી ગયા. બીજું પાર્લમેંટના કહ્યા મુજબ ચાલવાનું એણે જે વચન આપ્યું હતું તેનો તેણે ભંગ કર્યો. પાર્લમેંટ વગર રાજ્ય ચલાવવા માંડયું. વળી અંગ્રેજ પ્રજાના કટ્ટા શત્રુ ફ્રાંસની સાથે છુપા કરાર કરી, રોમન કેથોલિક ધર્મવાળાઓને પ્રજાની ઇચ્છા વિરૂદ્ધ રાહત આપવાનું તેનું કાવતરૂં બહાર પડી આવ્યું. યુદ્ધ ચલાવવાને અપાયલા નાણાં પોતાના ખાનગી વિલાસમાં વાપરી નાંખી અંગ્રેજ નૌકાસૈન્યને નબળું કર્યું અને પરિણામે વલંદા લોકોએ ટેમ્સ નદીના મુખ સુધી આવી તોપનો મારો ચલાવ્યો. આ પ્રમાણે સ્વદેશ પ્રેમનો લેશ પણ છાંટો તેનામાં હોય એવું પ્રજાને લાગ્યું નહિ. આમ પ્રજાના સ્વમાનને વેચનાર, રોમન કેથોલિકો તરફ સહાનુભૂતિ બતાવનાર, પાર્લમેંટને ન બોલાવી અનિયંત્રિત રાજ્યસત્તા ભોગવવાનો પ્રયત્ન કરનાર, નિર્લજ્જ, દુરાચારી, વચન ભંગ કરનાર રાજા પ્રજામાં અળખામણો થાય એમાં નવાઈ જેવું કશું નથી.

4. Give the circumstances in which the Parliamentary Union of England and Scotland was brought about. How did it affect each of the two countries?

ઈ. સ. ૧૬૦૩ માં ઍલિઝાબેથના મૃત્યુ પછી સ્કૉટલૅંડના રાજા જેમ્સને ઇંગ્લૅંડની રાજ્ય ગાદી પણ આપવામાં આવી એટલે એકજ વ્યક્તિ તે સમયથી ઇંગ્લૅંડ અને સ્કૉટલૅંડ બંને દેશની રાજ્યકર્તા બની. પરંતુ બંને દેશની પાર્લમેંટ, ધર્મ, કાયદાઓ વગેરે તો જુદાંજ રહ્યાં. પોતાનો રાજા ઇંગ્લૅંડનો રાજા થયો એટલે સ્કૉટ લોકોએ આશાં રાખી હતી કે તે તેમના ધર્મમાં બીલકુલ ખલેલ નહિ કરે એટલુંજ નહિ પણ વેપારની બાબતમાં તેમને મદદ કરી સ્કૉટલૅંડની ઉન્નતિ કરશે. પરંતુ સ્કૉટલૅંડને કમનશીબે બન્યું ઉલટુંજ. જેમ્સ તેમજ ચાર્લ્સ બંનેએ એપિસ્કોપેલિયન ધર્મને ટેકો આપી પ્રેસ્બિટેરિયન પંથના સ્કૉટ લોકોપર જૂલમ કરવા માંડયો. આથી સ્કૉટ લોકો નારાજ થયા. બીજું અંગ્રેજ પાર્લમેંટે તેના વેપારીઓને ખાતર સંસ્થાનો સાથે વેપાર કરવાની છૂટ સ્કૉટ લોકોને આપી નહિ. આ પ્રમાણે પોતાના રાજાને ઇંગ્લૅંડ મોકલીને સ્કૉટ પ્રજાને કોઈ રીતનો લાભ થયો નહિ. આખરે ૧૬૮૮ ની રાજ્યક્રાંતિ પછી વિલિયમના એક સ્કૉચ સલાહકાર પૅટરસને ડેરિયન મુકામે એક સ્કૉચ સંસ્થાન વસાવવાની યોજના કરી. સ્કૉટ લોકોએ તેમાં પુષ્કળ નાણું રોકયાં. પરંતુ ખરાબ હવાપાણી તેમજ સ્પેનિશ અને અંગ્રેજ સંસ્થાનિકોના વિરોધથી ડેરિયન કંપનીએ દેવાળું કાઢયું. દ્રવ્ય મેળવવા જતાં ગરીબ સ્કૉટ લોકોએ હતું તે ખોયું. આ બાબતમાં મુખ્ય વાંક અંગ્રેજોનો કાઢવામાં આવ્યો. અને પરિણામે ૧૭૦૪ માં સ્કૉટિશ પાર્લમેંટે ઠરાવ પસાર કર્યો કે અંગ્રેજો જેવીજ સંસ્થાનો સાથે વેપારની છૂટ તેમને ન આપવામાં આવે તો ઇંગ્લૅંડની ગાદીએ આવનાર ભવિષ્યની કોઈ વ્યક્તિને સ્કૉટલૅંડ રાજ્યકર્તા તરીકે સ્વીકારશે નહિ. ઇંગ્લૅંડે એક કાયદો પસાર કરી સ્કૉટ લોકોને પરદેશી ગણવાનો ઠરાવ કર્યો પરંતુ બંને દેશોના મુત્સદ્દીઓ સલાહ માટે ઉત્સુક હતા અને તેથી આખરે તે લોકોએ મળી બંને દેશને અમુક શરતોએ એકત્ર કરવાનો ખરડો ઘડી કાઢયા જે પછીથી બંને દેશની પાર્લમેંટોએ સ્વીકાર્યો. એ ખરડો તેથી 'સંયોજનનો કાયદો' કહેવાય છે. ૧૬૦૭. એ કાયદા પ્રમાણે (૧) બંને દેશનું એક નામ ગ્રેટબ્રિટન આપવામાં આવ્યું. (૨) ગ્રેટબ્રિટનની એકજ પાર્લમેંટ વેસ્ટમિન્સ્ટરમાં બેસે અને તેમાં સ્કૉટલૅંડ

તરફથી આમની સભામાં ૪૫ અને ઉમરાવની સભામાં ૧૬ સભ્યો બેસે. (૩) સ્કૉટલૅંડનો ધર્મ અને કાયદાઓ તેમજ ન્યાયખાતું કાયમ રહે અને સ્કૉટ લોકોને અંગ્રેજો જેટલીજ વેપાર છૂટ મળે.

આ કાયદાથી ઇંગ્લૅંડને ઉત્તરના પરરાજ્યનું ભય જતું રહ્યું અને તેથી તે યૂરપિઅન રાજકારણમાં છૂટથી ભાગ લઈ શક્યું. વળી સ્કૉટિશ હાઇલૅન્ડર્સ લશ્કરમાં બહુ ઉપયોગી થઈ પડ્યા. ઇંગ્લૅંડ સાથે એકત્ર થવામાં સ્કૉટલૅંડે પોતાની સ્વતંત્રતા ગુમાવી એ ખરૂં પણ તેમને જોઈતું હતું તે સર્વ તેમને મળ્યું. તેમનો ધર્મ અને કાયદાઓ રહ્યા અને જે નવી વેપાર છૂટ મળી તેથી તેમને પોતાની બુદ્ધિ અને શક્તિ વાપરવાનું નવું ક્ષેત્ર જડયું. થોડા સમયમાં ગ્લાસગો જેવું ગામડું ઉદ્યોગનું મોટું શહેર થઈ પડયું, તેમજ આખા દેશનો વેપાર વધ્યો, ખેતી વધી. 'સંયોગના કાનૂન 'થી આ પ્રમાણે ઇંગ્લૅંડ તેમજ સ્કૉટલૅંડ બંને દેશને ફાયદો થયો. એક રીતે બ્રિટિશ સામ્રાજ્ય અને હાલની તેની સત્તા ઘણે અંશે આ સંયોજનને આભારી છે.

5. Mention the events under which the disabilities of the Roman Catholics were finally removed. Who were the great men whose names are associated with this relief ?

ચાર્લ્સ બીજાના સમયમાં ધાર્મિક અસહિષ્ણુતાને લઇને કસોટીનો અને કોરપોરેશનનો કાયદો પસાર કરવામાં આવ્યો હતો. આથી રોમન કેથોલિકો કોઈપણ જાહેર નોકરી લઈ શકતા નહિ. જો કે પ્યુરિટન્સો સામે પણ આ કાયદાઓ હતા છતાં વોલ્પોલના સમયથી તેમને છૂટ આપનારો કાયદો દર વર્ષે પસાર થતો. પરંતુ બિચારા રોમનકેથોલિકોને સહાય આપનારૂં કોઈ નહોતું. તેમને ભારે અન્યાય થતો હતો. પણ એ અન્યાય ઇંગ્લૅંડ કરતાં આયર્લૅંડમાં વધારે હતો. આયર્લૅંડમાં તો પ્રોટેસ્ટંટ લઘુમતિ વાળા રોમન કેથોલિકોને જાહેર નોકરીમાંથી બાતલ કરતા હતા. તેમને રાજ્યતંત્રમાં જરાપણ પ્રવેશ મળી શકતો નહોતો. કેથલિક સવાલ ઉપર પિટ્ટે સને ૧૮૦૧માં રાજીનામું આપ્યા પછી એ સવાલ પાર્લમેંટમાં ઘણી વખત ચર્ચાયો હતો પરંતુ અંગ્રેજ લોકોની ધાર્મિક અસહિષ્ણુતા હજુ

કાયમ હતી એટલે એ પ્રયત્નો સફળ થયા નહોતા. સને ૧૮૦૦ના આઇરિશ સંયોગના કાનૂન પછી આઇરિશ કેથોલિકો બહુ અસંતુષ્ટ રહેતા અને તેથી તે દેશનો કારભાર હંમેશાં કડક રાખવામાં આવતો. આખરે પોતાની ફરિયાદો સરકાર આગળ સબળ રીતે રજૂ કરવા માટે ૧૮૨૩માં O'Connel નામના કેથલિક આગેવાને "કેથલિક એસોસિએશન" ઉભી કરી. એ મંડળ બધા કેથલિકો પાસેથી કર ઉઘરાવતું. દેશનું રાજ્યતંત્ર પણ એ મંડળના સભ્યો સંભાળે એ પ્રકારની તેની યોજના ઘડાવા લાગી. પાર્લમેંટના સભાસદો હંમેશાં આ મંડળની આજ્ઞા પ્રમાણેજ ચુંટાતા. સને ૧૮૨૮માં કલૅર પરગણા તરફથી ઓ'કોનેલની ચુંટણી થઈ. પણ તે કેથલિક હોવાથી આમની સભામાં કાયદેસર તે બેસી શકે નહિ. મંત્રિમંડળની સ્થિતિ કફોડી થઈ. કેથલિકો સામેના કાયદા અથવા તો ઓ'કોનલની ચુંટણી બેમાંથી એકને રદ કરવા સિવાય ઉપાય નહોતો. આયર્લૅંડમાં ભારે ખળભળાટ થઈ રહ્યો હતો. લૉર્ડ જોન રસેલે પાર્લમેંટમાં કસોટીનો અને કોરપોરેશનના કાયદાઓ રદ કરવાની દરખાસ્ત રજુ કરી અને તે મોટી બહુમતિથી પસાર થઈ. પરંતુ હજુ કૅથલિકો પાર્લમેંટના સભ્ય તરિકે બેસી શકતા નહિ. એટલે ચાલુ સ્થિતિમાં બહુ ફેરફાર પડયો નહિ. આખરે ધર્મછૂટના કટ્ટા વિરોધી ટોરી પ્રધાનો રૉબર્ટપીલ અને વેલિંગ્ટને પોતાનો મત ફેરવ્યો અને તેમણે આંતરયુદ્ધ કરતાં નમતું આપવાનું વધારે સલાહકારક માન્યું. રાજાએ પણ વખત જોઈ નમતું આપ્યું અને ૧૮૨૯માં રાજ્યકારભારમાં દાખલ થવા માટે જે જે અંકૂશો રોમન કૅથલિકો ઉપર હતા તે લગભગ બધા દૂર કરવામાં આવ્યા. માત્ર રાજા અથવા તો તેનો પ્રતિનિધિ–Regent, ઇંગ્લૅંડ અને આયર્લૅંડનો લૉર્ડ ચાન્સેલર, અને આયર્લૅંડનો લૉર્ડ લેફ્ટેનન્ટ એટલા કેથલિક હોઈ શકે નહિ. પછી 'કૅથલિક એસોસિયેશન'ને ગેરકાયદેસર કરવામાં આવી.

રોમન કૅથલિકોને છૂટ આપવાના કાર્યમાં આગળ પડતો ભાગ લેનાર નાનોપિટ્ટ, ડૅનિયલ ઓકોનેલ, પીલ અને વેલિંગ્ટન એ ચાર મહાન વ્યક્તિઓ હતી. નાનાપિટ્ટે સંયોગના કાનૂન વખતે ધર્મછૂટનું વચન આપી, રાજાની હઠથી નબળાઈ બતાવી, તે પાળ્યું નહિ. પીલ તેમજ

વેલિંગ્ટન પહેલેથીજ એ છૂટની વિરૂદ્ધ હતા પરંતુ ઓકોનેલે ચલાવેલી ચળવળના બળ આગળ માત્ર સુલેહ જાળવવા માટે તેમણે નમતું આપ્યું અને પરિણામે રોમનકેથલિકોને રાજ્યકારભારમાં યોગ્ય હકકો મળ્યા.

6. Give a brief sketch of Gladstone's career and your estimate of him as a statesman.

વિલિયમ એવર્ટ ગ્લૅડ્સ્ટન સને ૧૮૦૯માં લિવરપૂલના એક વેપારીને ત્યાં જન્મ્યો હતો. નાનપણમાંજ તેને પિટ્ટ અને કૅનિંગ જેવાની ઓળખાણ થતાં તેના મગજ ઉપર કોન્ઝરવેટિવ વાતાવરણની છાપ પડી હતી. કોલેજમાં ગ્રીક અને લેટિન સાહિત્યનો તેને શોખ હતો અને તે બહુજ છટાદાર ભાષણો કરતો. સને ૧૮૩૨ના સુધારા પછી તે પાર્લમેંટમાં દાખલ થયો અને બે વર્ષ પછી પીલના મંત્રિમંડળમાં દાખલ થયા પછી તે મુત્સદ્દીની સાથે તેના મૃત્યુ સુધી કામ કર્યું. એજ સમય દરમ્યાન વેપાર રોજગાર, કર પદ્ધતિ, જગાત વગેરેનો અભ્યાસ કરી મંત્રિ તરીકે તેણે ઘણા એક સુધારા કર્યા. સને ૧૮૫૦–૫૧માં તે ઇટલિ ગયો ત્યાં નેપલ્સના રાજ્યકર્તાનો જુલમ જોઈ તેનું અંતર બળી ગયું ને તેથી યૂરોપ તરફના વલણમાં તે 'લિબરલ' પક્ષ તરફ ઢળવા લાગ્યો. ત્યાંથી પાછા ફર્યા પછી ક્રિમિયાના વિગ્રહ વખતે તેણે મંત્રિમંડળમાં ખજાનચી તરીકે પહેલવહેલું કામ કર્યું, અને ત્યારથીજ એક મહાન નાણાં શાસ્ત્રી તરીકે તેણે નામના મેળવી. સને ૧૮૫૫માં તેણે પાછું રાજીનામું આપ્યું ત્યારે તે કોન્ઝરવેટિવ પક્ષ છોડી ચોક્કસ રીતે લિબરલ પક્ષમાં દાખલ થયો હતો. સને ૧૮૫૯માં પાછો તે લૉર્ડ પામર્સ્ટનના કારભારમાં ખજાનચી બન્યો. આ વખતે તેણે ફ્રાંસ સાથે વેપારી કરાર કર્યા, જગાતના દરો બહુ ઘટાડી નાંખ્યા, આવક વેરો કાયમ કર્યો, પોસ્ટ ઓફીસમાં સેવિંગ્સ બૅંક સ્થાપી અને આમની સભાની નાણાંની સત્તા વધારે સાબુત કરી. પામર્સ્ટનના મૃત્યુ પછી તે આમની સભાનો આગેવાન થયો. અને ૧૮૬૮માં લિબરલ પક્ષના નેતા તરીકે મુખ્ય પ્રધાન બન્યો. સને ૧૮૬૮થી ૭૪ સુધીનો ગ્લેડ્સ્ટનનો પહેલો કારભાર બહુ અગત્યનો છે. તે તેની અદ્દ્ભુત કાર્યશક્તિ બતાવી આપે છે. આયર્લેંડનું દરદ મટાડવા માટે ધર્મ અને જમીનની બાબતમાં

તેણે સુધારા કર્યા પણ આઇરિશ લોકો તેથી સંતોષ ન પામ્યા અને એની મહેનત નિષ્ફળ ગઈ. પછી તેણે ઇંગ્લૅંડની પ્રાથમિક કેળવણી, લશ્કરી ખાતું, મત આપવાની રીત વગેરે વિષે કાયદાઓ પસાર કર્યા. પરંતુ આ ઉદ્યમી કારભારમાં સામ્રાજ્ય તેમજ પરદેશો તરફ બહુ ઓછું લક્ષ અપાયું અને તેથી આખરે કોન્ઝરવેટિવ પક્ષનો નેતા ડિઝરાયલિ સત્તામાં આવ્યો. અને ગ્લૅડસ્ટન રાજકારણથી કંટાળી વાનપ્રસ્થ થયો. પરંતુ બલગેરિયાના અત્યાચારોની કથા સાંભળી તેની ધાર્મિક અનુકંપા કકળી ઉઠી અને તેણે ચાલુ પ્રધાનમંડળ સામે જુસ્સાદાર ભાષણોની પરંપરા શરૂ કરી. સને ૧૮૮૦માં તે પાછો મુખ્ય પ્રધાન બન્યો અને દમનનીતિ નિષ્ફળ જતાં આયર્લૅંડને સ્વરાજ્ય આપવાનો ખરડો પહેલવહેલો ૧૮૮૫માં તેણે દાખલ કર્યો. આથી લિબરલ પક્ષમાં ભંગાણ પડયું. અને પોતાના પક્ષની હાર થવાથી તેણે રાજીનામું આપ્યું. વળી ૧૮૯૩માં બહુમતિથી અધિકાર પર આવવાથી તેણે આઇરિશ સ્વરાજ્યનો ખરડો પાર્લમેંટમાં આણ્યો. આમની સભામાં તે પસાર પણ થયો પરંતુ ઉમરાવની સભાએ તે ઉડાડી મૂકયો. ત્યારે ઉમરાવની સભાની સામે બહુજ મનનીય છતાં જુસ્સાદાર ભાષણ છેલવેલ્લું આપી તે વાનપ્રસ્થ થયો. ૧૮૯૪. સને ૧૮૯૮માં તે મૃત્યુ પામ્યો.

ઓગણીસમી સદીના પાછલા ભાગનો ઇંગ્લૅંડનો ઇતિહાસ એટલે ગ્લૅડસ્ટન અને ડિઝરાઈલીનો ઇતિહાસ અને ગ્લૅડસ્ટન એટલે ઉત્તમ પ્રતિના 'લિબરૅલિઝમ'નો પ્રણેતા. બહુજ ધાર્મિક પ્રકૃતિનો માણસ હોવાથી દંભ, દમામ, જૂલમ, વિગ્રહો વગેરેથી તે કંટાળતો, દૂર રહેતો. વળી બધીજ જાતની સ્વતંત્રતાનો તે પૂજક હતો. સામ્રાજ્યમાં તેને શ્રદ્ધા હતી પણ તે સામ્રાજ્યના બધા ભાગો સ્વતંત્ર હોવા જોઈએ એમ તે માનતો. વળી ગોરી પ્રજાઓએ સંસ્થાનોના અસલ વતનીઓ પર ન્યાય અને નીતિના ધોરણે અમલ કરવો એવો તેનો મત હતો. દેશાવર સાથે વેપારની છૂટ, પરરાજ્યો સાથે સુલેહ, ખુદ ઇંગ્લૅંડમાં લોકોની ઇચ્છાનુસાર રાજ્યકારભાર, રાજ્યના ખર્ચમાં ખૂબ કરકસર, એ તેના મુખ્ય સૂત્રો વર્ણવી શકાય. પરદેશીય સંબંધમાં સ્વદેશનું માન જાળવવામાં પામર્સ્ટન જેટલી કાળજી તેને નહોતી તેમ ડિઝરાઈલીની પેઠે સામ્રાજ્યની દૃષ્ટિએ ઇંગ્લૅંડનું હિત તે

જોઈ શકતો નહિ, ગ્લૅડ્સ્ટન 'લિબરલ' હતો પણ તે 'રેડિકલ' નહોતો. માણસ જાતની સમાનતામાં તે કદી માનતો નહિ. જૂની સંસ્થાઓ તરફ તેને પૂજ્ય ભાવ હતો પરંતુ ઉમરાવની સભાએ જ્યારે એનું બીલ ઉડાડી દીધું ત્યારે એને લાગ્યું કે ખોટી જીદ કરીને તે સભા ઇંગ્લેંડનાં હિતની સામે થતી હતી અને તેથી એનું છેલ્લું ભાષણ એ રાજકારણના એક ઉંડા અભ્યાસીએ કરેલી એ અપ્રગતિમાન સભાની સખતમાં સખત ઝાટકણી હતી.

7. What is the Cabinet? How was it instituted in England? How has it affected the responsibility of ministers? Write what you know of some important Coalition Ministries.

દેશનું રાજ્યતંત્ર ચલાવવા માટે સત્તાધારી પક્ષના, પાર્લમેંટની બંને સભાના સભ્યોમાંથી ચુંટી કાઢેલા, અમુક રાજકીય મંતવ્યો અથવા કાર્યક્રમમાં માનનારા પ્રધાનોનું મંડળ તે કૅબિનેટ કહેવાય. જો કે કેબિનેટનો અર્થ ખાનગી ઓરડો થાય છે પરંતુ આ પ્રધાન મંડળનું કામકાજ બહુ ખાનગી રીતે થતું હોવાથી એ મંડળનેજ કૅબિનેટ નામ આપવામાં આવ્યું છે.

રાજ્યકારભારમાં રાજાને સલાહ આપવાને માટે તેનાજ નીમેલા મુત્સદ્દીઓનું એક મંડળ અસલથીજ ઇંગ્લૅંડના રાજ્ય બંધારણમાં જોવામાં આવે છે. આ સલાહકાર સમિતિને પહેલાં 'વિટન' અને પછી 'પ્રીવિ કાઉંસિલ' કહેતા. વર્ષો જતાં સભ્યોની સંખ્યા સાથે રાજકીય મંતવ્યોની ભિન્નતા વધવાથી એ સમિતિનું કામકાજ અશક્ય બનવા લાગ્યું. આથી મંડળની પેટા કમિટિઓ નીમવાની પ્રથા ચાલુ થઈ અને આવી પેટા કમિટિઓમાંથી જે રાજાને કાયદાનો અમલ કરવા વિષે સલાહ આપતી તેને કૅબિનેટ નામ આપવામાં આવ્યું. સ્ટુઅર્ટ સમયમાં કૅબિનેટ ચાલુ થઈ. કૅબિનેટના સભ્યો રાજાના નીમેલા નોકરો હતા. રાજા પૂછે તો સલાહ આપે. પરંતુ પોતાની સલાહ પ્રમાણે કે તેથી વિરૂદ્ધ રાજાની સૂચના પ્રમાણે કારભાર કરવાને તેઓ બંધાયલા હતા. આ ઉપરથી સ્પષ્ટ થશે કે કૅબિનેટના પ્રધાનો સંપૂર્ણ રીતે રાજાને જવાબદાર હતા.

પરંતુ આ વસ્તુસ્થિતિ વિલિયમ ત્રીજાના સમયથી બદલાઈ. તેણે પોતાના પ્રધાનો એકજ પક્ષમાંથી અને તેયે જેની આમની સભામાં બહુમતિ હોય તેવા પક્ષમાંથી પસંદ કર્યા. પાર્લમેંટની સર્વોપરિ સત્તા સચવાય અને તે સાથે રાજ્યકારભાર સરળ થાય એવા હેતુથી તેણે આ નીતિ અખત્યાર કરી હતી. પરંતુ એનું પરિણામ એ આવ્યું કે પ્રધાનો રાજાને નહિ પરતુ હવે આમની સભાની બહુમતિને જવાબદાર બન્યા. રાજાની તેમની નીમણુંકની અથવા કાઢી મુકવાની સત્તા તો નામનીજ રહી. તેમની સલાહ પ્રમાણેજ રાજાને ચાલવું પડ્યું. વળી હેનોવેરિયન રાજાઓના અંગ્રેજી ભાષાના અજ્ઞાનને લીધે મુખ્ય પ્રધાનનો દરજ્જો અસ્તિત્વમાં આવ્યો અને તેથી પ્રધાનમંડળમાં ‘એકત્રિત જવાબદારી’ અને ‘રાજકીય મંતવ્યેની એકતા’ના બે નવા સિદ્ધાંતો દાખલ થયા. આથી કોઈપણ પ્રધાનના કોઈ પણ રાજકીય કાર્ય અથવા ભાષણ માટે આખું પ્રધાન મંડળ પાર્લમેંટને જવાબદાર લેખાય છે અને આખું મંડળ સાથેજ અધિકાર પર આવે છે અથવા જાય છે.

આમની સભામાં જ્યારે એક કરતાં વધારે પક્ષો હોય તો મોટા બે પક્ષોમાંથી બહુમતિવાળો પક્ષ બીજા નાના પક્ષોના ટેકા સાથે કૅબિનેટ બનાવે છે. આ પ્રધાન મંડળને પોનાના અસ્તિત્વ માટે બીજા પક્ષના ટેકાની હંમેશાં જરૂર રહે છે તેથી તે હંમેશાં તેટલે અંશે નબળુંજ રહે છે. કેટલીક વખત પ્રધાનમંડળજ બે પક્ષોના નેતાઓનું બનેલું હોય છે કારણ કે કોઈપણ એક પક્ષની એકલાની (absolute) બહુમતિ હોતી નથી. આવા પ્રધાન મંડળને Coalition ministry કહે છે. આવું એક જોડીઆ પ્રધાન મંડળ સને ૧૭૮૩માં જ્યોર્જ ત્રીજાના સમયમાં ફૉક્સ અને નૉર્થે બનાવ્યું હતું. પિટ્ટને અધિકારથી દૂર રાખવાની આ બાજી હતી અને રાજા તમજ પ્રજા બંનેને તે અળખામણું બન્યું હતું. પરંતુ વિરૂદ્ધ મતના નેતાઓએ સ્વાર્થને ખાતર બનાવેલું પ્રધાનમંડળ બહુ ટુંકા વખતમાં અવગતે ગયું બીજું અગત્યનુ જોડીયા પ્રધાનમંડળ મહાન વિગ્રહ સમયે પક્ષવાદ બાજુએ મુકી પ્રજાકીય સંકટને દૂર કરવા આખી પ્રજાના મહાન નેતાઓનું બનેલું લૉઈડ જ્યોર્જનું પ્રધાનમંડળ હતું.

અસામાન્ય સંજોગોમાં બનેલું આ મંડળ પણ લૉઈડ જ્યોર્જ જેવા સમર્થ અને પ્રતિભાશાળી નેતાને લીધેજ વિજયવંત નીવડયું હતું.

8. Write what you know of (1) Whigs & Tories (2) The importance of the Seven Years' War (3) Rana Pratap (4) The Subsidiary System (5) The Non-intervention Policy.

(૧) વ્હિગ અને ટોરી પક્ષો—ઇંગ્લૅંડની પ્રજાના આ બે રાજદ્વારી પક્ષોનો ઉદ્‌ભવ ચાર્લ્સ બીજાના સમયમાં થયો હતો. કૅવૅલિયર પાર્લમેંટ પ્યુરિટનો વિરૂદ્ધ હતી અને સાધારણ રીતે રાજાનો પક્ષ કરતી. તેનો નેતા ડૅન્બિ હતો. પ્યુરિટનોને ક્લૅરેનડન કોડના કડક અમલથી બચાવવા, રાજાની આપખુદ સત્તાને ઓછી કરવા, દેશને ફ્રાંસ સામે લડાઈમાં ઉતારવા શૅફ્ટસબરીએ વિરૂદ્ધ પક્ષ રચ્યો. આજ પક્ષે કૅથલિક જેમ્સને ગાદીએથી બાતલ કરવાનો માર્ગ લીધો હતો. તેઓ આખા દેશમાં રાજાના દુષ્કૃત્યો સામે ચળવળ ચલાવી લોકમત કેળવતા. આ બે પક્ષોએ એક બીજાને ખાસ નામો આપ્યા હતા. ડૅન્બિના પક્ષના માણસો શૅફ્ટ્સબરીના પક્ષકારોને સ્કૉટલૅંડના ગંભીર ખાટા દહીં જેવું કટાણું મ્હોં રાખીને ફરનાર પ્રેસ્બીટિરીઅનોને આપવામાં આવેલા 'વ્હિગ' નામથી ઓળખતા અને તેજ પ્રમાણે તેમણે ડૅન્બિના પક્ષકારોને લોકોના હક્કો લૂંટનારા ગણીને, આઇરિશ લૂટારાઓ જે Tories કહેવાતા તે ઉપરથી, Tories નામ આપ્યું હતું. સને ૧૭૦૧ ના ગાદી વારસના કાયદા વખતે 'વ્હિગ્સ' હેનોવેરિયનોની તરફેણમાં અને ટોરીઓ સામે હતા. વખત બદલાતાં બે પક્ષોની રાજ્યનીતિ પણ બદલાતી ગઈ પરંતુ સામાન્ય રીતે એમ કહી શકાય કે ટોરીઓ 'સ્થાપિત ધર્મ', જૂની અમીરાત અને તાજના પક્ષપાતી હતા જ્યારે 'વ્હિગો' રોમન તેમજ સ્થાપિત ધર્મ અને ફ્રાન્સના કટ્ટા શત્રુઓ હતા. તેઓ પાર્લમેંટની સર્વોપરિ સત્તામાં માનતા અને તેમાંએ આમની સભાની સત્તાના પક્ષપાતી હતા. કાળાંતરે ટોરી પક્ષ 'કૉન્ઝરવેટીવ' અને વ્હિગ પક્ષ 'લિબરલ' બન્યો.

(૨) સપ્ત વાર્ષિક વિગ્રહની અગત્ય—આ વિગ્રહથી યૂરોપમાં કેટલીક જુની પરિસ્થિતિ ફરી ગઈ અને નવી પરિસ્થિતિ ઉભી થઈ. પ્રશિયા હવે પ્રથમ

પંક્તિમાં આવ્યું. ફ્રાંસ ને ઑસ્ટ્રિયા સાથે તે હવે હરિફાઈ કરવા લાગ્યું. બીજું અંગ્રેજોને અમેરિકા, હિંદ અને આફ્રિકામાં સારા લાભો મળ્યા. હિંદમાં બ્રિટિશ રાજ્ય સ્થાપવામાં સૌથી વધારે અડચણ કર્તા ફ્રેંચ સત્તા બીલકુલ નાબુદ થઈ અને તેથી હિંદ સામ્રાજ્યનો રસ્તો સરળ થયો. અમેરિકામાં કૅનેડામાં તેજ પ્રમાણે થવાથી ત્યાં અંગ્રેજ સંસ્થાનો વધારે નિર્ભય અને સ્વતંત્ર થયા. ત્રીજું ઈંગ્લૅંડના પરરાજ્યો સાથેના વ્યવહારમાં હવે એકદમ ફેરફાર થઈ ગયો કારણકે તેને હવે આખી પૃથ્વિ ઉપર પોતાનું હિત સાચવવાનું આવ્યું. ચોથુ ઈંગ્લૅંડનો વેપાર વધવા લાગ્યો. વળી ફ્રાંસનું નૌકાબળ બહુ નબળું થઇ ગયું અને સ્પેનનું રાજ્ય તો હવે ત્રીજી પંક્તિમાં ગણાવા લાગ્યું. અંતમાં સપ્ત વાર્ષિકવિગ્રહ એટલે વિલિયમ પિટ્ટનું કાર્ય. એટલે જો એ વિગ્રહને પરિણામે બ્રિટિશ સામ્રાજ્યની સ્થાપના થઈ હોય તો તે સર્વાંશે મહાન પિટ્ટને આભારી છે.

(૩) પ્રતાપરાણો—રાણો પ્રતાપ મેવાડના પ્રખ્યાત શિશોદિયા રજપૂત કુટુંબમાં જન્મ્યો હતો. તેના પિતા ઉદયસિંહે પોતાના કુટુંબની કન્યા મોગલોને ન આપવાથી અકબરે તેની રાજધાની ચિતોડગઢ સર કર્યું. આથી ઉદયસિંહે બીજું શહેર ઉદેપૂર વસાવી ત્યાં રાજ્ય કરવા માંડયું. તે ૧૫૭૨ માં મૃત્યુ પામ્યો એટલે શૂરા પ્રતાપે એકલે હાથે સમ્રાટ્ અકબર સામે યુદ્ધ ચાલુ રાખ્યું. મોટા મોટા રજપૂત સંસ્થાનોના રાજાઓ અકબરને મદદ કરતા હતા અને તેનો ભાઈ શુક્તસિંહ પણ મોગલોના પક્ષમાં ચાલ્યો ગયો હતો. દ્રવ્ય, માણસ, દારૂગોળો કે કાંઈ સાધન પ્રતાપ રાણા પાસે નહોતું. તેના કુટુંબને ખાવાના પણ સાંસાં હતાં. છતાં વીર પ્રતાપે પોતાનામાં જીવ હતો ત્યાં સુધી ચિતોડ અને મેવાડ પાછા મેળ-વવા માટે મોગલોને સતાવ્યાં કર્યું. સને ૧૫૭૬માં અકબરે પ્રતાપ સામે મોટું લશ્કર મોકલ્યું. હલદીઘાટ પાસે ભયંકર યુદ્ધ થયું. પ્રતાપ પોતાના પ્રિય અશ્વ ચેતક પર બેસી નાસી છૂટયો. થોડા વખતમાં આખો મેવાડ અકબરે કબજે કર્યો. પણ પ્રતાપ ડગ્યો નહિ. પાદશાહ છેવટે થાકી ગયો. ચિતોડને અજમેર સિવાય બધાં ગામો પ્રતાપે પાછાં મેળવ્યાં. તે સને ૧૫૯૭માં મૃત્યુ પામ્યો. રજપૂતોની શૂરવીરતા, ધર્મવીરતા અને અડગ ટેકને માટે પ્રતાપ કરતાં વધારે સુંદર ઉદાહરણ ભાગ્યેજ જડે!

(૪) સહાયકારી લશ્કરની યોજના—સને ૧૮૯૮માં જ્યારે માર્કિવસ વેલેસ્લી હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે ત્યાંના દેશી રાજ્યો-રજપૂત, પઠાણ, મરાઠા, નિઝામ, ટીપુ વગેરે-માંહોમાંહે લઢતા હતા. હિંદી પ્રજામાં તેથી અશાંતિ હતી. પરિણામે વેપાર રોજગારની તેમજ ખેતીની સલામતી ન હોવાથી લોકો દુઃખી હતાં. વેલેસ્લીએ જોયું કે શાંતિ વિના લોકોને સુખ નથી અને એક સાર્વભૌમસત્તા દેશી રાજ્યોને અંકૂશમાં ન રાખે ત્યાં સુધી લોકોને શાંતિ નહિ મળે. તેને એમ પણ લાગ્યું કે આવી સાર્વભૌમ સત્તા માત્ર અંગ્રેજોજ મેળવી શકે. આવા હેતુથી દેશી રાજ્યોને અંગ્રેજોના તાબામાં આણવા માટે તેણે સહાયકારી લશ્કરની યોજના કરી. અને એ યોજના સ્વિકારવાની ખાસ કરીને મરાઠાઓને ફરજ પાડી. એ યોજના સ્વીકારનાર દેશી રાજ્ય કંપનીનું સાર્વભૌમત્વ સ્વિકારે એટલે તેનાથી કંપનીની દરમ્યાનગીરી શિવાય બીજા રાજ્યો સાથે કોઇ જાતનો વ્યવહાર રાખી શકાય નહિ. વળી પોતાની રાજધાનીમાં તે અંગ્રેજ રેસિડંટ રાખે. વળી તે કંપનીનું લશ્કર પોતાના રાજ્યમાં પોતાને ખર્ચે રાખે-આવો ખર્ચ તે subsidy અને તેથી યોજનાનું અંગ્રેજી નામ-આ હકકો બદલ કંપની દેશી રાજ્યનું પરદેશી સત્તા તેમજ આંતરિક બળવા સામે રક્ષણ કરે. કંપનીની પરવાનગી સિવાય દેશી રાજ્યો યુરોપિયનોને નોકરીમાં રાખી શકે નહિ. આ યોજનાના અમલથી વેલેસ્લીએ મરાઠાઓ તેમજ બીજા નાના દેશી રાજ્યોને કંપનીની સત્તા હેઠળ આણ્યાં. તે રાજ્યોમાં લડાઇ, લૂટફાટ ઓછાં થયાં લોકોને શાંતિ મળી. બ્રિટિશ રાજ્ય વિસ્તાર પામ્યું, સાર્વભૌમ બન્યું.

(૫) તટસ્થ રાજ્યનીતિ—વોરન હેસ્ટિંગ્સના પાર્લમેંટમાં ચાલેલા ખટલા પછી અંગ્રેજ પ્રજાની બહુમતિની એવી ઇચ્છા હતી કે કંપનીએ હિંદુસ્તાનમાં જે રાજ્ય સત્તા મેળવી હતી તેટલેથીજ સંતોષ માની રાજ્ય કે દ્રવ્ય વગેરેના લોભથી દેશી રાજ્યોની ખટપટોમાં માથું મારવું નહિ. વળી એજ અભિપ્રાયને વ્યક્ત કરતી પીટ્ના કાયદાની એક કલમ હતી જેમાં પાર્લમેંટની પરવાનગી વિના કોઈ પણ સંજોગોમાં દેશી રાજ્યો સાથે લડાઇ કે સલાહ કરવાની બંધી કરી હતી. પરંતુ આ તટસ્થ

રાજ્યનીતિના પક્ષકારો હિંદુસ્તાનની ખરી પરિસ્થિતિથી અજ્ઞાન હતા. તે સમયે હિંદુસ્તાનના દરેક રાજ્યને પોતાના અસ્તિત્વ માટે લઢવાનું હતું. જો કંપની તટસ્થપણું જાળવે તો એ તેની નબળાઈ ગણવામાં આવે અને બધા દેશી રાજ્યો એકઠા થઈ એ નબળી સત્તાનો નાશ કરવાનો પ્રયત્ન કરે. ત્રીજા ગવર્નર-જનરલ સર જૉન શોરની તટસ્થ રાજ્યનીતિનું પણ કંઇક એવુંજ પરિણામ આવ્યું હતું. કંપનીએ તેના મિત્ર નિઝામને મદદ ન કરી. પરિણામે મરાઠાઓ તેને હરાવી લૂટી ગયા. અંગ્રેજોના શત્રુઓ મરાઠાઓ સબળ થયા તેમનો મિત્ર નિઝામ હવેથી લગભગ દુશ્મન જેવો થયો. અને અંગ્રેજોને નબળા ગણી ટીપુ સુલતાને તેમને હિંદમાંથી કાઢી મૂકવાનો નિશ્ચય કર્યો. આ રાજ્યનીતિ ચાલુ રહી હોત તો સારૂં પરિણામ તો નજ આવતે પણ સુભાગ્યે માર્કિવસવેલેસ્લીએ પોતાની સહાયક યોજના અમલમાં મુકી ખરી દિશામાં પગલું ભર્યું. આમ હિંદી પરિસ્થિતિને માટે તટસ્થ રાજ્યનીતિની નિષ્ફળતા બહુ ટૂંક સમયમાં જણાઈ ગઈ.

9. Give a brief account of the life and teachings of Gautama Budhha, and say what led to the decline of Buddhism in India.

ઈ. સ. પૂર્વે સાતમા સૈકામાં હિંદમાં કાશીની ઉત્તરે શાક્ય જાતિના લોકોનું પ્રજાસત્તાક રાજ્ય હતું. ત્યાં કપિલવસ્તુ નામના મુખ્ય નગરમાં શુદ્ધોધન નામનો તેમનો પ્રમુખ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ માયાદેવી હતું. તેને એક પુત્ર થયો જેનું નામ સિદ્ધાર્થ પાડવામાં આવ્યું. શાક્ય વંશમાં અને ગોતમ ગોત્રમાં તે જન્મ્યો માટે તેને શાક્ય મુનિ ગૌતમ કહે છે. જન્મ પછી થોડે દિવસે માયાદેવી મૃત્યુ પામી. નાનપણમાં યોગ્ય કેળવણી લીધા પછી તેનું લગ્ન યશોધરા નામની સ્ત્રી સાથે થયું અને એક પુત્ર પણ થયો. ગૌતમ નાનપણથીજ વિરાગી હતા. તેથી તેના પિતાએ સંસારનું કોઈપણ જાતનું દુઃખ ન દેખે તેવો બંદોબસ્ત કર્યો હતો. એમ છતાં રાજમહેલના બગીચામાં ફરતાં કુમારે ઘડપણ, ગરીબી, રોગ અને મરણ એ ચારે પ્રત્યક્ષ જોયાં. આથી ગૌતમને ખાત્રી થઈ કે સંસાર અસાર છે તેથી જગત્‌ને સુખી બનાવવાનો માર્ગ શોધવા માટે

તેમણે સાધુ થઈ જવાનો નિશ્ચય કર્યો. એક રાત્રે તેઓ રાજમહેલ છોડી ઘોડા ઉપર બેસી કપિલવસ્તુ બહાર નીકળી ગયા, ને સાધુ થઈ સત્ય શોધવા લાગ્યા. ૭ વર્ષો સુધી ગયા પાસે ઘોર તપ કર્યાં છતાં તેમને ખરૂં જ્ઞાન મળ્યું નહિ. તેથી તપ છોડી ફરવા માંડયું. એકવાર તેઓ પીપળાના ઝાડ નીચે ધ્યાનમાં બેઠા હતા ત્યારે તેમને ખરૂં 'કેવળ જ્ઞાન થયું'. તે ઝાડ જે બોધિવૃક્ષ નામે ઓળખાય છે તેને હિંદુઓ અને બૌદ્ધો બહુ પવિત્ર માને છે. ગૌતમે અનુભવ્યું અને પછી તેનો બોધ કર્યો કે બધી વાસનાઓનો નાશ થાય ત્યારેજ જીવને ખરૂં સુખ અથવા મોક્ષ મળે છે; તે માટે ઘોર તપ કે યજ્ઞ જેવી ક્રિયાઓની જરૂર નથી; પણ ફક્ત સદાચાર અને અહિંસાથીજ મોક્ષ મેળવી શકાય છે; અને તે માટે દરેક ધાર્મિક સ્ત્રીપુરૂષે મનસા, વાચા, કર્મણા વિશુદ્ધ, પ્રમાણિક અને પવિત્ર રહેવું જોઈએ.

બૌદ્ધ ધર્મની પડતીના કારણો નીચે પ્રમાણે આપી શકાય:—(૧) બૌદ્ધો તરફ જૈનો અને બ્રાહ્મણો ઘણો વિરોધ દર્શાવતા. કેટલાક રાજાઓએ બૌદ્ધોને સતાવ્યા હતા. (૨) દેશના રાજાઓએ બૌદ્ધ ધર્મ મૂકી દીધો એટલે પ્રજા પણ તેવીજ થઈ ગઈ. (૩) બૌદ્ધ સંપ્રદાય પાછળના સમયમાં ઘણો બગડી ગયો. (૪) તે પંથમાં ઉપનિષદોની માન્યતા પેસી ગઈ એટલે બૌદ્ધ સંપ્રદાયમાં ને બીજા હિંદુ સંપ્રદાયોમાં ઝાઝો તફાવત રહ્યો નહિ. (૫) બ્રાહ્મણોએ બૌદ્ધ માર્ગનાં કેટલાક મુખ્ય ઉપદેશોને ને મુખ્યત્વે અહિંસાને પોતાના સાહિત્યમાં ભેળવી દીધાં એટલે બૌદ્ધ ધર્મ તરફનું આકર્ષણ જતું રહ્યું. (૬) હિંદુ સમાજનો જે નાનો ભાગ બૌદ્ધ માર્ગી રહ્યો તેને જ્ઞાતિ બંધનથી સમાજ બહાર રાખવામાં આવ્યો. આ લોકો તેથી ધીમે ધીમે વૈષ્ણવ કે શૈવ માર્ગી બન્યા. (૭) બૌદ્ધ સાધુઓ કરતાં બીજા લોકોમાં વિદ્વત્તા વધારે દેખાવા લાગી એટલે લોકમત તેમના તરફ વળવા લાગ્યો. પરિણામે બૌદ્ધ પંથ હિંદમાંથી અદૃશ્ય થયો. (૮) મગધ દેશમાં બારમા સૈકા સુધી બૌદ્ધોનું જોર હતું. મુસલમાનોએ બિહાર જીત્યું ત્યારે તેમણે બૌદ્ધ વિહારો અને પુસ્તકાલયોનો નાશ કર્યો. આ બધા કારણોને લીધે બૌદ્ધ ધર્મની અશોક પછી જે અવનતિ શરૂ થઈ હતી તે આખરે આઠમા સૈકામાં સંપૂર્ણ વિનાશ પામી.

10. State what you know of Vikramaditya the Great.

સમુદ્રગુપ્તના મૃત્યુ પછી સને ૪૦૧માં તેનો સૌથી લાયક પુત્ર દેવગુપ્ત, ચંદ્રગુપ્ત નામ ધારણ કરી મગધની ગાદીએ બેઠો. તેણે ૧૫ વર્ષ રાજ્ય કર્યું. તે પોતાના પિતાના જેવોજ પરાક્રમી અને શૂરવીર હતો. પહેલાં તો તેણે પોતાની પુત્રીને મહારાષ્ટ્રના રાજાને પરણાવીને તે બળવાન રાજાને પોતાનો મિત્ર બનાવ્યો. ત્યાર પછી તેણે માળવા અને ગુજરાતના ક્ષત્રપ રાજાઓને હરાવી તેમનાં રાજ્યો ખાલસા કર્યાં. ગુજરાતના રાજા રૂદ્રસિંહ ક્ષત્રપ સાથે તો બાર વર્ષો સુધી યુદ્ધ ચાલ્યું હતું.

ગુપ્ત વંશના સ્થાપક ચંદ્રગુપ્તની રાજધાની તો પાટલીપુત્રમાં હતી. પણ સમુદ્રગુપ્તે મધ્ય દેશ જીત્યા પછી અયોધ્યા પાટનગર કર્યું કારણકે પાટલીપુત્ર બહુ છેટે પડતું. હવે માળવા અને ગુજરાત જીત્યા પછી ચંદ્રગુપ્તે ઉજ્જનમાં રહેવા માંડયું કારણકે એ શહેર તેના સામ્રાજ્યની લગભગ મધ્યમાં આવતું હતું.

ઉજ્જનમાં એક મહારાજા વિક્રમાદિત્ય થઈ ગયો. જે પરદુઃખભંજન હતો તેમજ નગરચર્ચા જોવા નીકળતો. એવી ઘણી વાતો લખાઈ છે. પરંતુ વિક્રમ નામે કોઈ રાજા ઉજ્જનમાં થયો હોય એવું હજુ સિદ્ધ થયું નથી. એટલે આ વિક્રમ તે મહારાજા ચંદ્રગુપ્તજ હોવો જોઈએ. અને તેનું કારણ છે. ચંદ્રગુપ્તના પરાક્રમોથી અંજાઈ તેના દરબારના પંડિતો તેને 'સિંહ વિક્રમ', 'અજીત વિક્રમ' વિક્રમાદિત્ય' વગેરે નામોથી ઓળખવા લાગ્યા. અને શાતવાહન રાજાઓના સમયમાં માલવ લોકોએ શક લોકોને હરાવ્યા ત્યારથી માળવામાં શરૂ થયલો સંવત્ જે ચંદ્રગુપ્તે ચાલુ રાખ્યો તે હવે 'વિક્રમ સંવત્' નામે ગણાવા લાગ્યો. વિક્રમ સંવત ઈસવીસનથી ૫૬ વર્ષ વહેલો ગણાય છે ને તેનું નવું વર્ષ કાર્તિક માસના પહેલા દિવસથી શરૂ થાય છે.

ચીનનો પ્રસિદ્ધ બૌદ્ધ યાત્રાળુ ફાહિયાન જે ચંદ્રગુપ્ત બીજાના અથવા વિક્રમાદિત્યના રાજ્યમાં ૬ વર્ષ રહ્યો હતો તેણે તે સમયની દેશની સ્થિતિ વિશે સારી માહિતી આપી છે. દેશ આબાદ હતો. લોકો સુખી હતા.

રાજ્યવ્યવસ્થા સારી હતી. પાટલિપુત્ર હજી આબાદીમાં હતું. તેમાં જમીન-દારો તરફથી ચાલતી ઘણી ધર્માદા સંસ્થાઓ હતી અને ગરીબ લોકોને મફત દવા મળે એવું દવાખાનું હતું. ઠેકાણે ઠેકાણે વિહારો હતા જ્યાં હજારો સાધુઓને અન્ન, વસ્ત્ર, સૂવાની પથારીઓ તથા સાદડીઓ આપવામાં આવતાં. માણસો અને પશુઓ માટે પુષ્કળ દવાખાનાં હતા, તેમાં હોશિયાર દાક્તરો હતા અને મફત દવા આપવામાં આવતી. ફોજદારી કાયદા નરમ હતાં. દેહાંત દંડની શિક્ષાજ નહોતી. ચંડાળ અને ભંગીઓ શિવાય કોઈપણ દારૂનું સેવન કરતા નહિ. અને જોકે ગુપ્ત રાજાઓ વૈષ્ણવમાર્ગી હતા છતાં બૌદ્ધ લોકો તરફ કોઈ જાતનો જુલમ રાજ્યમાં નહોતો.

ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના દરબારમાં નવરત્નો હતાં. તેમાં કવિ કાલિદાસ મુખ્ય ગણાય છે. સંસ્કૃત સાહિત્યના એ કવિકુલ શિરોમણીએ શાકુંતલ, વિક્રમોર્વશીય, રઘુવંશ, મેઘદૂત તથા કુમારસંભવ જેવાં નાટકો તથા કાવ્યો લખ્યાં છે.

જે વિક્રમાદિત્યની કારકીર્દી આ પ્રમાણે સર્વ રીતે ઉજ્જવળ હતી તેને મહાન વિક્રમાદિત્ય નામ આપવામાં આવે તો તે તદ્દન વ્યાજબી છે.

11. Mention the events which led to the establishment of Moghul power in India. Say what were Babar's difficulties of the outset and how he oversame them.

હિંદુસ્તાનમાં મોગલ સત્તાનો સ્થાપક બાબર હતો. તે તીમૂર લંગનો વંશજ હતો. ચૌદ વર્ષની નાની ઉમરે પોતાનો પિતા ગુમાવી નશીબની ઘણીએક લીલીસૂકી અનુભવી આખરે તે કાબુલ અને સમરકંદના રાજ્યોનો ધણી થયો હતો, ૧૭૧૦. આ પ્રમાણે હિંદુસ્તાનની વાયવ્ય સરહદ, કે જ્યાંથીજ માત્ર પરદેશીઓ હિંદુસ્તાન પર ચઢી આવ્યા હતા, ત્યાં ઠરીઠામ થયા પછી સ્વાભાવિક રીતે બાબરનું મન હિંદુસ્તાન તરફ વળ્યું. સને ૧૫૧૯થી ૨૫ સુધીમાં તે પંજાબ ઉપર ચારવાર ચઢી આવ્યો પરંતુ તેથી કંઈ મોગલ સત્તા વધી નહિ. તે સમયે લાહોરમાં પંજાબનો પઠાણ સુબો દૌલતખાં લોદી હતો. દિલ્હીમાં ઈબ્રાહીમખાં લોદી સુલતાન હતો. સુલતાન મિજાજીને લોભી હતો. વળી તે ઉમરાવોની અદેખાઈ કરતો હતો

અને તેમના હક્કો ખુચવી લેવા માંગતો હતો તેથી તેઓ તેનાથી કંટાળી ગયા હતા. આખરે લાહોરના દૌલતખાં તેમજ સુલતાનના કાકા આલમખાંએ બાબરને ઈબ્રાહીમખાંને હરાવી દિલ્હી લેવા આમંત્રણ મોકલ્યું. વળી રજપૂતો પણ સુલતાનને મદદ કરે એવું બાબરને લાગ્યું નહિ. એટલે સને ૧૫૨૬માં હિંદ પર પાંચમી સવારી કરી, છેલ્લી ઘડીએ દગો દેનાર દૌલતખાંને હરાવી, લાહોર સર કરી, બાબર પોતાના લશ્કર સાથે આગળ વધ્યો. એક લાખ માણસનું લશ્કર લઈ એકલો પડેલો સુલતાન ઈબ્રાહીમખાં બાબર સામો ગયો. રાજ્યવંશને ફેરવનાર પ્રખ્યાત પાણીપતના મેદાનમાં પ્રમાણમાં બહુ નાના છતાં ચઢિયાતા શસ્ત્રાસ્ત્રોથી સજ્જ થયલા બાબરના લશ્કર સાથે યુદ્ધ થયું. અફઘાનો હાર્યા અને સુલતાન માર્યો ગયો. લોદીવંશનો ને તે સાથે અફઘાન અમલનો પણ અંત આવ્યો. શાહજાદા હુમાયુંએ દિલ્હીને આગ્રા સર કર્યાં. બાબર હિંદનો પાદશાહ થયો. અને પોતાના સૈનિકોની ઈચ્છાને તાબે થઈ દ્રવ્ય લૂટી સ્વદેશ ચાલ્યા જવાની મોગલોની ચાલી આવેલી પ્રથાને બાજુએ મુકી હિંદમાં મોગલસત્તાની સ્થાપના તેણે કરી.

પરંતુ બાબરના નશીબમાં સુખેથી બેસવાનું હતુંજ નહિ. દિલ્હીમાં રહેવાનો નિશ્ચય કર્યા પછી તેને ત્રણ જાતની મુશ્કેલીઓ નડી. પહેલું તો પોતાનાજ લશ્કરનો અસંતોષ. હિંદના હવાપાણી તેમને રૂચતાં નહિ, અને દ્રવ્યની લાલચે આવેલા તે તેમને મળ્યું હતું. એટલે સ્વદેશ જવાની તેમની તીવ્ર ઈચ્છા હતી. એમ છતાં બાબરને તેઓ ખરા દીલથી ચાહતા હતા એટલે દાબ તેમજ લાલચ બંનેના ઉપયોગથી બાબર તેમને સમજાવી શક્યો હતો. બીજું અફઘાન સલ્તનતના નાશથી રજપૂત સ્વતંત્રતા અને કદાચ હિંદુસામ્રાજ્યના સ્વપ્ના સેવનાર રાણાસંગ સાથે બાબરને લઢવું પડયું. રાણાસંગ સાથેનું સિક્રી પાસે કાનવાનું યુદ્ધ બાબરને પાણીપત કરતાં પણ ભારે પડયું. દારૂ નહિ પીવાના પોતે સોગંદ લઈ સૈનિકોની ધર્મભાવના ઉશ્કેરી તેમનામાં શૂરાતન પ્રેર્યું. એમ છતાં કહે છે કે રજપૂત સૈન્યમાં દગો થયો નહોત તો બાબર હારી જાત. રાણોસંગ હાર્યો અને રણથંભોર અને પછી ચંદેરીના રજપૂત ગઢો બાબરને તાબે થયા. હવે બાબરના

શત્રુઓમાં પૂર્વ પ્રાંતોના અફઘાન સુલતાનો રહ્યા હતા. પરંતુ તે સર્વેને હરાવી શાહજાદા હુમાયુંએ કનોજ, જવનપુર, અયોધ્યા અને પછી બિહાર પ્રાંત પણ કબજે કર્યાં. આવી રીતે હિંદુસ્તાનમાં બાબરે મોગલસત્તા સ્થાપી.

12. Describe Aurangzeb's conquest of the Deccan, and state the results of that conquest.

રજપૂતોના બળવામાંથી પરવારીને ઔરંગઝેબ જાતે દશ લાખ માણસનું પ્રચંડ સૈન્ય લઈને દક્ષિણમાં આવ્યો. તેને દક્ષિણમાં બે કાર્યો પતાવવા હતા. એક તો બિજાપુર અને ગોવલકોંડાના શિયા મુસલમાની રાજ્યોનો નાશ કરવો અને બીજું ઉદ્ધત અને મસ્ત બનેલી મરાઠી સત્તાને મોગલ સામ્રાજ્યમાં આણી દેવી. તેને સુભાગ્યે આગલેજ વર્ષે ૧૬૮૦માં શિવાજી પણ મૃત્યુ પામ્યો હતો, એટલે પોતાનું કામ સરળ થશે એમ એણે આશા રાખી હતી. પ્રથમ તો તેણે પોતાના શાહજાદા આઝીમને બિજાપુર સર કરવા મોકલ્યો. તેણે આસપાસના પ્રદેશો લીધા પરંતુ બિજાપુર લઈ ન શક્યો. ત્યારે બાદશાહ જાતે ઘેરાપર દેખરેખ રાખવા ગયો. અને આખરે ૧૭ માસના બચાવ પછી બિજાપુરીઓ શરણે આવ્યા. ઔરંગઝેબે બિજાપુરના સુલતાન સિકંદરને દોલતાબાદ મોકલી દીધો અને બિજાપુર સંસ્થાન ખાલસા કર્યું. ૧૬૮૬. હવે ગોવળકોંડાનો વારો આવ્યો. ગોવળકોંડાનો કુત્બશાહ અબુલહસન બિજાપુર તેમજ મરાઠાઓને મોગલો સામે ઉશ્કેરતો તેમજ મદદ કરતો હતો. ઔરંગઝેબે શાહજાદા શાહઆલમને તેની સામે મોકલ્યો અને તેણે હૈદરાબાદ લીધું. પરંતુ ગોવળકોંડાનું રાજ્ય ખાલસા કરવાના મતનો તે નહોતો તેથી બાદશાહે તેને કેદ કરી જાતે ગોવળકોંડાના મજબુત કિલ્લાને ઘેરો ઘાલ્યો. કોટ ઘણો મજબુત હતો, તેમ અબુલહસન શૌર્યમાં કોઈથી ઉતરે તેમ નહોતો અને મોગલોના ધાન્ય પાણીને મરાઠાઓ રસ્તામાંજ લૂટી તેમને ત્રાસ આપતા હતા. આથી ઔરંગઝેબને લાગ્યું કે ઘેરો ઉઠાવી લેવો પડશે. પરંતુ છેવટે એક અફઘાનના દગાથી ગોવળકોંડાના દરવાજા ઉઘડી ગયા. અબુલહસનને દોલતાબાદ મોકલી દેવામાં આવ્યો ને કુત્બશાહી ખાલસા કરવામાં આવી. કરોડો રૂપીઆની મીલકતનો ઔરંગઝેબ માલીક

થયો. હવે મરાઠાઓને તાબે કરવા તરફ તેણે સઘળું લક્ષ આપ્યું. પરંતુ વીશ વર્ષો (૧૬૮૭–૧૭૦૭)ની સતત્ મહેનત પછી પણ મરાઠી સત્તા તો જેવી ને તેવીજ રહી. અલબત્ત, પાદશાહને અવારનવાર જીતો મળતી, એક વખત મરાઠાઓના સર્વે કિલ્લાઓ તેના તાબામાં હતા, પણ તેમના પહાડો, તેમનો રાષ્ટ્રપ્રેમી જુસ્સો તે કદી મહાત કરી ન શકયો. પરિણામે તેનું જોર તેમજ લશ્કર ધીમે ધીમે ઘસાતાં ગયાં. મરાઠાઓ ખુલ્લા મેદાનમાં કદી લઢતા નહિ પરંતુ મોગલ લશ્કરપર ઓચિંતો છાપો મારી અથવા તેમનો ખોરાક લૂટી લઈ તેમને બહુ હેરાનગતિ પહોંચાડતા. સને ૧૬૮૯માં શિવાજીનો પુત્ર મરાઠાઓનો રાજા સંભાજી મોગલોના હાથમાં સપડાયો અને ઔરંગઝેબે બહુજ ઘાતકી રીતે તેનો વધ કર્યો. ત્યાર પછી થોડા વખતમાં તેનો છોકરો શાહુ પણ તેના કુટુંબ સહિત મોગલોના હાથમાં પડયો. પરંતુ આ કટોકટીને સમયે શિવાજીના પુત્ર રાજારામ અને તેની સ્ત્રી તારાબાઈએ મરાઠાઓનો ઝુંડો ઉડતો રાખ્યો અને ઔરંગઝેબ મરાઠાઓની રાષ્ટ્રીય સ્વતંત્રતાની ભાવના દાબી શકયો નહિ. આ પ્રમાણે ઔરંગઝેબે બિજાપુર અને ગોવળકોંડા ખાલસા કર્યાં અને મરાઠાઓને પણ નામના જીત્યા. પરંતુ અંત સમયે તેણે જોયું કે મરાઠાઓ સામે તેણે ગાળેલા વીશ વર્ષો એળે ગયા હતા.

દખ્ખણના પચીશ વર્ષના મહાન વિગ્રહે ઔરંગઝેબના રાજ્યને પાયમાલ કર્યું. આખો દખ્ખણ વેરાન થઈ ગયો. મરાઠાઓ વધુ જોર પર આવ્યા. ઉત્તર હિંદનો કારભાર ઢીલો થઈ ગયો. બંગાળા શિવાય બીજા પ્રાંતોનું વસુલ આવતું બંધ થઈ ગયું. જુદા જુદા પ્રાંતોના સુબાઓ સ્વતંત્ર થવા પ્રયત્ન કરવા લાગ્યા. હુન્નર, ઉદ્યોગ, કળા, સાહિત્યની અવગણના થતાં અને ખેડુતો તેમજ વણઝારોની સહીસલામતી જતાં પ્રજાની અવનતિ શરૂ થઈ. મોગલ પાદશાહોનો અખૂટ ખજાનો ખાલી પડયો. દખ્ખણરૂપી વેરાન રણમાં મોગલાઇનું પાણી ચુસાઈ ગયું.

13. Give a brief account of the administration of Balaji Baji Rao.

બાલાજી બાજીરાવ (૧૭૪૦–૬૧) ત્રીજો પેશવા બાલાજી બાજીરાવ તેના પિતાના જેવો યોદ્ધો નહોતો પણ તે દાદા જેવો હિસાબી અને મ્હેસુલી કામમાં કાબેલ હતો. વળી તે મોટો મુત્સદ્દી હતો. તેના વખતમાં મરાઠી રાજ્યનો ઘણો વિકાસ થયો. તેનો વિચાર એવો હતો કે ઉત્તર હિંદની તમામ હિંદુની જાત્રાની જગ્યાઓ મરાઠી સત્તા નીચે લેવી. તેણે મરાઠી લશ્કરમાં તોપખાનું દાખલ કર્યું. તેણે પૂના પાસે પર્વતી ટેકરી ઉપર એક રાજમહેલ બાંધ્યો ને મહારાષ્ટ્રનો મ્હેસુલી બંદોબસ્ત કર્યો.

બાલાજીએ શાહૂ રાજા પાસે પેશવાઈની પદવી વંશપરંપરા પોતાના કુટુંબમાં રહે એવું લખાવી લીધું. શાહૂએ તારાબાઈના પુત્ર શિવાજીના પુત્ર રામરાજાને દત્તક લીધો. આ રામરાજાએ બધો કારભાર પેશવાને સોંપ્યો તેથી તારાબાઈએ તેને કેદ કર્યો. પેશવા પૂના ચાલ્યો ગયો ને ત્યાંથીજ કારભાર કરવા લાગ્યો. ૧૭૫૩.

બાલાજીએ પોતાના હરીફ નાગપુરના રઘૂજી ભોંસલેને દાબી દીધો. રઘૂજી ભોંસલેએ અને સદાશીવરાવ ભાઉએ કર્ણાટક ઉપર ચઢાઈ કરી તાંજોરને બચાવ્યું અને મ્હેસૂર વગેરે રાજ્યો પાસે ખંડણી ઉઘરાવી. બાલાજીએ નિઝામની ગાદીની ખટપટમાં પણ માથું માર્યું અને છ સુબાઓની ચોથાઈ અને સરદેશ મુખીનો હિસાબ માંગ્યો. નિઝામે ના પાડી તેથી સને ૧૭૬૦માં સદાશિવ ભાઉએ નિઝામઅલીને ઉદ્‌ગીર પાસે સખત હાર આપી. પરિણામે મરાઠાઓને રૂા. ૬૨ લાખની વાર્ષિક ઉત્પન્નવાળા દૌલતાબાદ, ઔરંગાબાદ ને બિજાપુરના મુલકો મળ્યા બાલાજીએ કોંકણમાં આંગ્રેને અંગ્રેજોની મદદ લઈ હરાવ્યો. આંગ્રેનું નૌકાસૈન્ય બાલાજીને તેમજ અંગ્રેજોને ખુંચતું હતું.

બાલાજીરાવના સમયમાં મરાઠા સરદારોએ ગુજરાત, માળવા ને બુંદેલખંડમાં પોતાની સત્તા જમાવી હતી. બાલાજીએ આ સત્તાઓનો યોગ્ય બંદોબસ્ત કર્યો. તેના વખતમાં ભોંસલેએ કટક ને બાલેશ્વરના પ્રાંતો મેળવ્યા, ને બંગાળ ને બિહાર ઉપર ચોથાઈ મેળવી. મરાઠી સરદારો રજપૂતાના, રોહિલખંડ, અયોધ્યાને ઠેઠ પંજાબમાં દાખલ થયા. તેમણે રજપૂતો ને જાટો સાથે દોસ્તી કરીને તેમનાં રાજ્યોની ખટપટોમાં ભાગ

લેવા માંડયો. પરિણામે જ્યારે અહમદશાહ અબદાલી હિંદ પર ચઢી આવ્યો અને પાણીપતનું યુદ્ધ થયું ત્યારે રોહિલ્લા તેમજ અયોધ્યાના નવાબ વઝીરે તેને મદદ કરી અને રજપૂતો તેમજ જાટ લોકોએ મરાઠાઓને મદદ ન કરી. આથી મરાઠાઓને બહુ સખત હાર મળી. ૧૭૬૧. આ હારથી મરાઠાઓ કંઈ ઉત્તર હિંદમાં પોતાની વગ ગુમાવી બેઠા નહિ; પણ તેથી બંગાળામાં ને કર્ણાટકમાં અંગ્રેજો, અયોધ્યામાં નવાબ વઝીર શુજાદૌલા, રોહિલખંડમાં રોહિલ્લાઓ, પંજાબમાં સિખો, હૈદરાબાદમાં નિઝામ ને મ્હૈસૂરમાં હૈદર વધારે બળવાન થયા. બિચારો પેશવા બાલાજી જે પાણીપતના મરાઠી સૈન્યને મદદ કરવાને ચંબલ સુધી આવી પહોંચ્યો હતો તે પોતાના પ્રિય પુત્ર વિશ્વાસરાવ તેમજ સદાશિવરાવ ભાઉના મૃત્યુના તેમજ આખા મરાઠી સૈન્યની ભયંકર હાર અને કતલના સમાચાર સાંભળી ભગ્ન હૃદયે પાછો ફર્યો. અને થોડા વખતમાં મૃત્યુ પામ્યો. ૧૭૬૧.

14. State what you know of the rivalry between Mahadji Sindhia and Nana Farnavis, and show how it influenced Maratha history.

બાલાજી જનાર્દન ભાનુને પહેલા માધવરાવ પેશવાએ ફડનીસી આપી ત્યારથીજ ઘણી લાગવગવાળો મુત્સદ્દી ગણાતો. અને એજ કારણથી ઇતિહાસમાં તે નાના ફડનવીસને નામે પ્રખ્યાત છે. સવાઈ માધવરાવના જન્મથી તે ઠેઠ સને ૧૮૦૦માં તેના મરણ સુધી મરાઠાઓનું આખું તંત્ર તેના હાથમાં રહ્યું. સને ૧૭૪૪માં સવાઈ માધવરાવને રાઘોબાની સામે પેશવાની ગાદી અપાવવા માટે નાના અને તેના પક્ષકારોએ અંગ્રેજ સરકાર સાથે પહેલવહેલી બાથ ભીડી. પરંતુ મહાદજી સિંધિયા નામના મરાઠા મુત્સદ્દીની દરમ્યાનગીરીથી આખરે સાલબાઈના કરાર થયા અને તેમાં નાના ઘણે અંશે ફાવ્યો. આ વિગ્રહ દરમ્યાન મહાદજીએ બતાવેલી ચાણક્ય બુદ્ધિથી નાના તેના તરફ બળતો હતો. અને તે સમયથીજ નાનાને વહેમ ભરાયો હતો કે અંગ્રેજોની મહેરબાની મેળવી મહાદજી ઉત્તર હિંદુસ્તાનમાં દિલ્હીના મોગલ બાદશાહનો રક્ષણકર્તા બની સ્વતંત્રસત્તા સ્થાપવા માંગે છે. નાનાનું જીવન લક્ષ્ય એ હતું કે સર્વે મરાઠા સરદારો ને બ્રાહ્મણ પેશ્વાના અધ્યક્ષપણા હેઠળ એકત્ર રાખવા અને તેથી મરાઠા સરદાર સિંધિયાની હિલચાલ

તરફ તે બહુ બારીક દેખરેખ રાખતો અને મહાદજીની સત્તાના વિકાસમાં વિક્ષેપ નાંખવાનો પણ પ્રયત્ન કરતો. આજ કારણથી જ્યારે યુરોપિયન ઢબે કેળવાયલા લશ્કરની મદદથી મહાદજીએ શાહઆલમ પાસે પોતાની વગ સ્થાપી અને બાદશાહે પેશવાને વકિલ–ઈ–મુતાલિક અને સિંધિયાને નાયબ વકીલ બનાવ્યા તથા દિલ્હી અને આગ્રા આપી, ગોવધ સામે ફરમાન કાઢી આપ્યું ત્યારે નાનાએ હોલકરને મહાદજીના કામમાં હરકત નાંખવા મોકલ્યો. વળી થોડે વખતે સિંધિયા સંકટમાં આવી પડયો ત્યારે પણ નાનાએ શરૂઆતમાં તો માત્ર જોયાજ કર્યું. પરંતુ જ્યારે સિંધિયાએ મરાઠી સામ્રાજ્યના હિતને ખાતર નાનાની મદદની માગણી કરી ત્યારે નાના પીગળ્યો અને લશ્કર મોકલ્યું. સિંધિયાએ ફરીથી ઉત્તર હિંદમાં ડંકો વગાડયો અને નાનાને પાછી બીક પેઠી. નિયમ મુજબ નાના મહાદજી પાસે ઉત્તરના કારભારનો હિસાબ માંગતો પણ સિંધિયા ગણકારતોજ નહિ. અને તેથી મહાદજી પેશવાને કાઢી મુકી છત્રપતિના અમલની પુનઃસ્થાપના કરી તેને નામે પોતે કારભાર ચલાવશે એમ નાનાને શંકા આવી. તેણે સિંધિયા અને હોલકરને લઢાવ્યા પણ હોલકર હારી ગયો. ૧૭૯૨. અને હવે તો મહાદજી પોતે લશ્કર સાથે દખ્ખણમાં આવ્યો અને નાના ગભરાયો. પૂનામાં ભર દરબારમાં પેશવાએ બાદશાહના પોષાકનો ને તેણે આપેલા ખીતાબનો સતારાના છત્રપતિની રજા મેળવી સ્વીકાર કર્યો. યુવાન પેશવા ઘણો અંજાઈ ગયો, પણ તેણે જણાવ્યું કે "નાના મારો જમણો, તો સિંધિયા મારો ડાબો હાથ છે ને બંને રાજ્યના સરખા સ્તંભો છે." પેશવાના આ વાકયો તદ્દન સાચા હતા. અને નાના અને મહાદજી તે પ્રમાણે એક બીજાના હેતુઓ બરાબર સમજીને હળીમળીને ચાલ્યા હોત તો તેમણે મરાઠા સામ્રાજ્યને બહુ સબળ તેમજ મોટું બનાવ્યું હોત. પરંતુ જ્યારે સમજવાનો સમય આવ્યો ત્યારે એકાએક મહાદજી મૃત્યુ પામ્યો. ૧૭૯૪.

મહાદજી અને નાના વચ્ચેની સરસાઈને લીધે મરાઠી સત્તા નબળી પડી. નાનાએ મદદ કરી હોત, હોલકરને મોકલી મરાઠા સરદારોને માંહોમાંહે ટંટો કરતાં ન શિખવ્યું હોત, તો ઉત્તર હિંદમાં મહાદજીએ મરાઠી સત્તા વધારે સબળ કરી હોત. ખરૂં જોતાં મહાદજીને પેશવા વિરૂદ્ધ નહિ પણ

અંગ્રેજો સાથે મુકાબલો કરવો હતો. અને એ બાબતમાં એક ગંભીર ભૂલ કરી, મહાદજીના શુભ હેતુ વિષે શંકા આણી, નાનાએ મરાઠી સત્તાને ધોકો પહોંચાડયો હતો.

15. What do you think of Clive as a soldier and as an administrator? Give reasons for your estimate.

મોટા પિટ્ટે કલાઈવના વખાણ કરતા તેને Heaven-born General-ઈશ્વરી સરદાર કહ્યો હતો. પરંતુ આપણે એટલું યાદ રાખવું જોઈએ કે કર્ણાટકમાં રાજાસાહેબની સરદારી સામે અને બંગાળમાં સિરાજુદૌલાની સામે ખાસ લશ્કરી કુશળતા દર્શાવવાનો પ્રસંગ કલાઈવને આવ્યોજ નહોતો. એ ખરૂં કે માત્ર ૫૦૦ સૈનિકો અને તેમાંયે ૩૦૦ તો દેશી, બીનકેળવાયેલા સિપાઈઓના લશ્કરથી આર્કટ લેવાનું બીડું તેણે ઝડપ્યું હતું. એ ૩૦૦ સિપાઈઓને તેણે રસ્તામાં કૂચ કરતાં કેળવ્યા અને તેના નૈસર્ગિક સ્વામિત્વના ગુણથી તેમને પોતાના સરદારને જીવ અળગો કરીને પણ વફાદાર રહેતા શિખવ્યું. વળી અડગતા, હિંમત, સંકટ સમયે અપ્રતિમ ધૈર્ય, અને સાહસ એ તેના ખાસ ગુણો હતા અને તેથી કરીને આપણે તેને ઈશ્વરી સૈનિક તો જરૂર કહીએ. જોકે દુનિયાના મહાન સેનાપતિઓ– નેપોલિયન, માર્લબરો, ફ્રેડરિક, હૈદર કે રણજીતસિંહ જેવા સાથે કલાઈવની સરખામણી કરવી એ અયોગ્ય છે, તો પણ ત્રિચિનોપલ્લીના ઘેરાનું દબાણ ઓછું કરવા ચંદાસાહેબની રાજધાની આર્કટને ઘેરો ઘાલી જીતી લેવાની તેની સલાહ, મળી શકયા તેવા કદાચ નકામા ગણાતા સૈનિકોને કેળવી તેમની મદદથી આર્કટનો બચાવ અને છેલ્લો પ્લાસિના યુદ્ધ પહેલા આંબાવાડીઆની મંત્રણા પછી અંતરના અવાજથી યુદ્ધ કરવાનો તેણે કરેલો નિશ્ચય–આ બાબતો એટલું તો ચોક્કસ બતાવે છે કે ઈશ્વરી સૈનિક ઉપરાંત સારા સેનાપતિ થવાના ગુણો પણ તેનામાં પુરતા પ્રમાણમાં હતા.

કલાઈવના બંગાળાના રાજ્યકારભારના બે વિભાગ પડે છે. પહેલો (૧૭૫૭–૬૦) અને બીજો (૧૭૬૫-૬૭) તેના પહેલા કારભારને શાંતિમય કરતાં વિગ્રહોથી ભરેલો સમય આપણે કહી શકીએ. તેણે મીરજાફરને

ગાદીએ બેસાડી કંપની પાસે ૨૪ પરગણાં અને પોતાને માટે કિંમતી જાગીર મેળવી. ફ્રેંચોને હરાવી ઉત્તર સરકાર મેળવ્યો. આમ તેણે બંગાળા અને મદ્રાસ ઇલાકાની શરૂઆત કરી. અને કંપનીના કારભારી તરીકે તેનો મુલક વધારતાં સાથે પોતાનો સ્વાર્થ પણ સાધ્યો. વળી પ્રસંગ મળતાં વલંદાઓની સત્તા પણ તેણે નબળી કરી. પરંતુ કારભારી તરીકેની તેની શક્તિનો ખરો અનુભવ તો તેના શાંતિમય બીજા કારભારમાં થાય છે. ઇંગ્લૅંડથી પાછા ફરતાંજ તે સીધો શાહઆલમ પાસે ગયો અને બંગાળા, બિહાર ને ઓરિસ્સાની દિવાની કંપનીને માટે તેની પાસે લખાવી લીધી. આમ હિંદુસ્તાનની રાજ્યવ્યવસ્થામાં કંપનિને કાયદા પ્રમાણેનું સ્થાન અપાવ્યા પછી દિવાન પદનો કંપનીએ કેવી રીતે વહિવટ કરવો એ સવાલ રહ્યો. ક્લાઈવે દ્વિરાજ પદ્ધતિની વ્યવસ્થા કરી તેનો તોડ કાઢ્યો. ક્લાઇવની એ વ્યવસ્થાની રાજકારણની દૃષ્ટિએ બહુ ટીકા કરવામાં આવી છે, પરંતુ વ્યવહારૂ દૃષ્ટિએ જોતાં, હિંદીઓની મદદ લીધા વિના છુટકોજ નહોતો ત્યારે, તે સમયને માટે તો તેના કરતાં વધારે સારી વ્યવસ્થા થઈ શકી હોત કે નહિ એ બહુ શંકાની વાત છે. આ નવીન રાજ્ય વ્યવસ્થા ઉપરાંત ક્લાઇવે કંપનીના નોકરોને ખાનગી વેપાર કરતા તેમજ બક્ષીસ સ્વીકારતા અટકાવ્યા અને લશ્કરના અમલદારોને મળતું બેવડું ભથ્થુ બંધ કર્યું. આ અમલદારોએ તો બળવો કરી ક્લાઈવને ડરાવવાનો પણ પ્રયત્ન કર્યો પરંતુ ભય જેવી ચીજ ક્લાઇવે કદી જાણી નહોતી. અડગતા, ધૈર્ય અને કુનેહથી તેમને ઠેકાણે આણ્યા. ક્લાઇવનો બીજો કારભાર તેની દીર્ઘદૃષ્ટિ, મુત્સદ્દીપણું, કાર્યદક્ષતા, ઇચ્છાશક્તિ, અને વ્યવહારકુશળતા બતાવે છે. એમ છતાં કારભારમાં વૉરન હેસ્ટિંગ્સની તોલે તે આવે એમ નહોતું.

16. What do you know of the annexation policy and reforms of Dalhousie?

કંપનીના મુલકના વિસ્તાર માટે લૉર્ડ ડલહાઉસીની કારકીર્દી નોંધવા જેવી છે. મોટા મોટા દેશીરાજ્યોને ખાલસા કરી અથવા તેમને જીતી તેણે બ્રિટિશ રાજ્ય આખા હિંદુસ્તાનમાં ફેલાવ્યું. તે એમ માનતો હતો કે રાજ્યકર્તાઓ પ્રજાના હિતને માટે છે અને સાથે શ્રદ્ધાપૂર્વક તે એમ પણ માનતો કે કોઇપણ દેશીરાજ્યના કરતાં બ્રિટિશ અમલ હિંદી પ્રજાને

વધારે લાભદાયી છે. આથી કોઈપણ દેશીરાજ્યને ખાલસા કરવાનું સહેજ પણ બહાનું જડે તો તેનો ઉપયોગ કરી તે બ્રિટિશ સત્તા વધારતો. કંપનીના મુલકમાં આ રીતે જોડી દીધેલા દેશીરાજ્યોના મુલકના ત્રણ વિભાગ પડી શકે. (૧) વિગ્રહને અંતે મળેલી જીતને લીધે મળેલા પ્રાંતો—બીજા શિખ વિગ્રહને અંતે આખો પંજાબ ખાલસા થઈ કંપનીના મુલકમાં જોડી દેવામાં આવ્યો. વળી બીજા બ્રહ્મી વિગ્રહને અંતે પ્રોમ અને પેગુના પ્રાંતો પણ બ્રિટિશ હકુમતમાં આવ્યા. (૨) ખરાબ કારભારના મુદ્દા ઉપર ખાલસા થયેલા દેશીરાજ્યો–અયોધ્યાના નવાબ વઝીરે જોઈએ તે કરતાં ઘણું મોટું લશ્કર રાખ્યું હતું અને પ્રજા ઉપર ભારે જૂલ્મ થતો હતો. અંગ્રેજોના રક્ષણ હેઠળ એ રાજ્ય હતું અને કંપનીએ કારભાર સુધારવાને માટે તેને ઘણી વખત ચેતવણી આપી હતી, પણ તેણે કંઈ દાદ આપી નહિ. આથી દલહાઉસીએ આખરે પ્રજાના હિતને માટે પોતાના સિદ્ધાંત પ્રમાણે એ રાજ્ય ખાલસા કર્યું. (૩) ખાલસા થયલા નિર્વંશ દેશીરાજ્યો—આ સમયે ઘણા રાજાઓ નિર્વંશ મરી ગયા. અત્યાર સૂધી કંપની દેશી રાજાઓને કે તેમની વિધવા રાણીઓને દત્તક પુત્રો લેવા દેતી. દલહાઉસીએ પોતાના સૂત્ર પ્રમાણે આ ધોરણમાં ફેરફાર કર્યો, ને નિર્વંશ રાજાઓના રાજ્યો ખાલસા કર્યાં, જેમાંના મુખ્ય સતારા, નાગપૂર ને ઝાંસીના મરાઠા રાજ્યો હતા. આ ઉપરાંત નિઝામના દેવા પેટે દલહાઉસીએ તેનો બરાડનો પ્રાંત કંપનીના આશ્રય તળે લીધો અને તે હજુ સુધી બ્રિટિશના તાબામાંજ છે. આ ધોરણથી કંપનીના રાજ્યનો વિસ્તાર વધ્યો એટલુંજ નહિ પણ કપાસ, ચ્હા, વગેરેના વેપાર માટેના સાધનો પણ હવે અંગ્રેજોના હાથમાં આવ્યાં.

દેશના મોટા વિભાગને બ્રિટિશ હકુમત હેઠળ આણ્યા પછી દલહાઉસીએ પોતાના ઉદ્યમી મગજને તેમાં યૂરોપીય સુધારો દાખલ કરવા તરફ વાળ્યું. રાજ્ય કારભારના એકેએક ખાતામાં એણે કંઈક નવીન દાખલ કર્યું છે. અમુક પરિક્ષા પસાર કર્યાથી હિંદી તેમજ યૂરોપીયન જન્મથી બ્રિટિશ પ્રજા સનંદી નોકરીમાં દાખલ થઈ શકે. પ્રાંતવાર એક કેળવણીખાતું અને વિદ્યાપીઠ ખોલી તે દ્વારા સાહિત્ય, વિજ્ઞાન, વગેરેનો પ્રસાર કરવાને એક વિશાળ યોજના કરી તે પ્રમાણેનો એક ખરિતો સર ચાર્લ્સ વૂડે

તૈયાર કરી બહાર પાડયો. મોટા બંદરોને રેલવે તથા પાકા રસ્તાઓથી જોડવા તૈયારી થવા લાગી. તાર અને પોસ્ટખાતાંઓ ઉઘાડવામાં આવ્યાં. ચા, કપાસ, રેશમ, શણુ, વગેરેનો વેપાર વધે તે માટે તપાસ કરવા સમિતિઓ નીમવામાં આવી. જંગલો, બંદરો, નહેરકામોના વિકાસ માટે તપાસ કરવામાં આવી. જાહેર બાંધકામનું નવું ખાતું ઉઘાડવામાં આવ્યું. વેપાર ઉપરના અંકૂશો દૂર થયા.

ટુંકમાં ઇંગ્લડનો વેપાર વધારવો, હિંદના નબળા રાજ્યોને ગળી જવાં, સબળ રાજ્યોને ઇંગ્લૅંડના અંકૂશ તળે વિશેષ પ્રકારે લાવવાં, તાર, પોસ્ટ, રેલવે, નહેરો, રસ્તાઓ, કેળવણી, પાદરીઓ વગેરે સાધનો દ્વારા હિંદની પ્રજાઓને પશ્ચિમની વિદ્યા અને પશ્ચિમની સંસ્કૃતિનો બને તેમ તુરત સંસર્ગ કરાવવો એ ડલહાઉસીની રાજ્યનીતિ અને સુધારાના મુખ્ય લક્ષણો કહી શકાય.

17. What are the present relations between the British Government and Indian States ?

બ્રિટિશ સરકાર અને રજવાડાંઓ વચ્ચે અમુક જાતનો સંબંધ પરંપરાથી અને સંધિપત્રોથી નિર્ણિત કરવામાં આવ્યો છે. દરેક રજવાડામાં બ્રિટિશ સરકારની સાર્વભૌમ સત્તાનો સ્વિકાર કરવામાં આવે છે; સાર્વભૌમ સત્તાની દરમ્યાનગીરી સીવાય રજવાડાંઓ પરરાજ્ય સાથે સંબંધ રાખી શકતાં નથી. પરદેશીઓને નોકરીમાં પણુ રાખી શકતાં નથી ને તેમને વેપારના હક્કો પણુ આપી શકતાં નથી. તેમની રૈયત પરદેશમાં બ્રિટિશ રૈયત ગણાય છે. તેઓ અમુક પ્રમાણમાંજ લશ્કર રાખી શકે છે. તેઓ લડાઈને વખતે સાર્વભૌમ સત્તાને બનતી મદદ આપવા બંધાયેલાં છે. રેલવે વગેરેના ઉપર પણુ ન્યાયના વિષયમાં સાર્વભૌમ સત્તાનો સ્વીકાર કેટલાકને કરવો પડે છે. કેટલાંક રજવાડાંઓ અત્યારે સરકારની સૂચના અનુસાર લશ્કરો રાખે છે. ઘણાં રજવાડાઓને અંગ્રેજો ઉપર કામ ચલાવવાની કશી સત્તા નથી.

બ્રિટિશ સરકાર દરેક રજવાડાંને આંતરિક બખેડાથી બચાવવા જવાબદારી ધરાવે છે. આથી બીન જવાબદાર દેશી રાજાના જુલમની

સામે ત્યાંની પ્રજા સપરિણામ વિરોધ કરી શકતી નથી. જો કે રાજાની સગીર વયમાં ને રાજા મૂર્ખ કે નાલાયક અથવા જુલમી હોય તો સરકાર દરમ્યાન થઇ શકે છે. ગેરવ્યવસ્થા અથવા નાલાયકી માટે સરકારે પદભ્રષ્ટ કરેલા દેશી રાજાઓમાં મુખ્ય મલ્હારરાવ ગાયકવાડ અને તુકોજીરાવ હોલકર છે. અને પ્રજાની ફરિયાદ ઉપરથી પતિયાલાના મહારાજાના જુલમી અમલની તપાસ કરવા હાલમાં સરકારે કમિટિ નીમી છે. વળી નાભાના મહારાજાને પતિયાલાના પડોશી રાજ્ય સાથે તકરાર કરવા વગેરેના ગુનાહ માટે સરકારે પદભ્રષ્ટ કર્યા છે. પરરાજ્યના હુમલાથી દેશીરાજ્યનું રક્ષણ કરવા પણ બ્રિટિશ સરકાર બંધાયલી છે. રાજાના મરણ પછી ગાદીની વ્યવસ્થા પણ સરકારજ કરે છે. ભોપાળની બેગમને પોતાના જીવતાં પોતાના પુત્રને ગાદીપર બેસાડવા ઠેઠ ઇંગ્લૅંડ જઈ બ્રિટિશ સરકારની ખુશામત કરવી પડી હતી. અને હાલમાંજ રાજકોટના રાજાના મૃત્યુ પછી પાટવી કુંવરને અમુક કારણુસર બાજુએ મુકી સરકારે બીજા કુમારને રાજકોટની ગાદી આપી છે.

કેટલાંક દેશી રાજ્યોમાં બ્રિટિશ સરકાર પોતાના પ્રતિનિધિને રાખે છે. તે અમલદારને રેસિડંટ કહે છે. વળી કેટલાંક નાના રજવાડાંઓના આખા સમૂહને માટે હિંદી સરકાર એક અમલદાર નીમે છે જેને એજન્ટ ટુ ધી ગવર્નર–જનરલ કહે છે. પ્રાંતિક સરકાર હસ્તક પણ કેટલાંક નાના રજવાડાંઓ હોય છે.

વળી હિંદી સરકાર અને રજવાડાંઓનો પરસ્પર સંબંધ વિશેષ ધોરણુસર થાય તે માટે મોંટફર્ડ રિપોર્ટની સૂચના મુજબ સને ૧૯૨૧થી રજવાડાંઓનું બનેલું ‘નરેંદ્ર મંડળ’ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પરંતુ મંડળનું કામકાજ ખાનગી રાખવામાં આવતું હોવાથી તેની હિલચાલો જાણવી રહેલી નથી.

18. What are the changes introduced into the Central and Provincial Leigislatures by the Reform Act of 1919 ?

હિન્દી વજીર મી. મોંટેગ્યુએ ૧૯૧૭ના ઑગસ્ટની ૨૦મી તારીખે આમની સભામાં જાહેર કર્યું હતું કે જવાબદાર રાજ્યતંત્રના હક્ક

આપવાને હિંદના રાજ્યવહીવટમાં હિંદીઓનું પ્રમાણુ વધારવાને તથા હિંદુસ્તાનને બ્રિટિશ સામ્રાજ્યનું એક પરિપૂર્ણ અંગ ગણુવાને બ્રિટિશ સરકાર તત્પર છે. આ નિવેદનને લક્ષમાં રાખીને મોન્ટફર્ડ સુધારાઓને નામે ઓળખાતો ૧૯૧૯નો હિંદી સુધારાનો કાયદો પાર્લમેંટે પસાર કર્યો હતો. હિંદુસ્તાનના રાજ્યતંત્રમાં ધીમે ધીમે ફેરફારો કરી આખરે આખું તંત્ર હિંદી પ્રજાને જવાબદાર બનાવવાનું હોવાથી અને જવાબદાર રાજ્યતંત્રના મુખ્ય લક્ષણો ધારાસભાઓની સત્તા અને બંધારણપર આધાર રાખતાં હોવાથી ૧૯૧૯ના સુધારાના કાયદાથી હિંદી ધારાસભાઓમાં–વડી તેમજ પ્રાંતિક–બહુ અગત્યના ફેરફારો કરવામાં આવ્યા.

વડીધારાસભામાં થયેલા ફેરફારો—યૂરોપના બીજા પ્રજાકીય રાજ્યસત્તાવાળા દેશોનું અનુકરણુ કરીને વડી ધારાસભાના પણ બે વિભાગ કરવામાં આવ્યા. એક કાઉંસિલ ઑફ સ્ટેટ અને બીજો લેજીસ્લેટિવ એસેંબ્લી. કાઉંસિલ ઑફ સ્ટેટમાં કુલ ૬૦ સભાસદો બેસે છે. તેમાં ૨૬ જણા સરકારના નીમેલા અને ૩૪ જણા લોકોના નીમેલા હોય છે. સરકારે નીમેલા ૨૬માંથી ૬ બીન અમલદારી અને ૨૦ અમલદારો હોય છે જેમાંથી એકને સરકાર સભાનો પ્રમુખ નીમે છે. સભાની મુદત પાંચ વર્ષની છે. લેજીસ્લેટિવ એસેંબ્લીમાં કુલ ૧૪૪ સભ્યો હોય છે, તેમાં સરકાર કુલ ૪૦ સભ્યો નીમે છે અને લોકો કુલ ૧૦૪ સભ્યો મોકલે છે. ૪૦ સરકારી સભ્યોમાં ૨૫ અમલદારો નીમાય છે. સભાની મુદત ત્રણુ વર્ષની છે. પહેલા ચાર વર્ષ માટે પ્રમુખની નીમણુંક સરકારે કરી હતી પણ ત્યાર પછી એસેંબ્લીનેજ પોતામાંના એકને પ્રમુખ તરીકે ચુંટવાની સત્તા આપવામાં આવી છે, અને ઉપ–પ્રમુખ પણ તેજ ચૂંટે છે. વાઇસિરોય આ બંને સભામાં ભાષણુ આપી શકે છે. એસેંબ્લી અને કાઉંસિલ માટે મતદારોના અધિકારોમાં કેટલોક ખાસ ફેર રાખવામાં આવ્યો છે. કાઉંસિલ માટે મત આપવાનો હક્ક જમીનદારો, ઇનામદારો, યુનિવર્સિટિનો ફેલો અને અમુક મોભાના માણુસોનેજ આપવામાં આવ્યો છે. જ્યારે એસેંબ્લી માટે મત આપવાનો હક્ક ઘરધણીઓ, અમુક આવકવાળાઓ, વગેરે સામાન્ય લોકોને પણ આપવામાં આવ્યો છે. કાયદાઓ ઘડવા માટે બંને સંસ્થાઓની ને ગવર્નર–જનરલની સંમતિ જોઇએ.

બંને સંસ્થામાંથી કોઈ પણ સંસ્થાની સંમતિ ન મળે છતાં ગવર્નર-જનરલ પોતાની સર્ટિફિકેટની સત્તા વાપરી કોઈપણ કાયદાને સંમતિ આપી શકે છે. બજેટ ઉપર ધારાસભાની સત્તા વધારવામાં આવી છે અને તેમાંયે કાઉંસિલ કરતાં એસેંબ્લીની સત્તા વધારે છે. ધારાસભા હજુએ લશ્કર, પોલિટિકલ ખાતું વગેરે ઉપર તો માત્ર ચર્ચાજ કરી શકે છે.

પ્રાંતિક ધારાસભાઓમાં થયલા ફેરફારો—મુંબઇની ધારાસભામાં ૮૬ લોકોએ ચૂંટેલા, ૮ સરકારે નીમેલા અમલદારો, ૧૩ સરકારે નીમેલા બીન સરકારી, ને ગવર્નરની કાઉંસિલના ૪, એમ કુલ ૧૧૧ સભ્યો છે. આમ લોકોએ ચૂંટેલા સભ્યોની ભારે બહુમતિ છે. ધારાસભાની ચુંટણી માટે મતદારોની સંખ્યા એસેંબ્લીના મતદારોની સંખ્યા કરતાં વધારે મોટી છે, અને તે માટેની લાયકાતોનું પ્રમાણુ પણુ ઓછું છે. દરેક જીલ્લાવાર મુસલમાની, બીનમુસલમાની ને વેપારી મંડળો, ને શહેરોવાર, ગામડાંઓ વાર, સરદારો, વગેરે મતદારોનાં મંડળો ઉભાં કરવામાં આવ્યાં છે. પ્રાંતિક ધારાસભા પ્રધાન હસ્તક વિષયો ઉપર લગભગ સંપૂર્ણ અંકુશ રાખી શકે છે. પણુ સરકાર હસ્તક વિષયો ઉપર તેનો અંકુશ બહુ ઓછો છે. પ્રશ્નો પૂછીને, ઠરાવો લાવીને, કાયદાઓ કરીને ને ચર્ચા કરીને તે વહિવટને પોતાની સત્તા નીચે લાવી શકે છે. પહેલાંની પેઠે ગવર્નર હવે ધારાસભાનો પ્રમુખ નથી. પરંતુ પહેલા ચાર વર્ષને માટે સરકારે પ્રમુખની નીમણુંક કરી હતી અને ત્યાર પછી ધારાસભાના સભ્યોજ પોતામાંથી એકને પ્રમુખ તરીકે ચૂંટી કાઢે છે. ઉપ-પ્રમુખની ચૂંટણી પણુ એજ પ્રમાણે થાય છે. તેમની મુદ્દત ધારાસભાની મુદ્દત જેટલીજ એટલે કે ત્રણુ વર્ષની છે. ટુંકામાં ધારાસભાને પ્રજાકીય બનાવવા માટે સભ્યોની સંખ્યા ઘણી વધારવામાં આવી; બિન-સરકારી ચૂંટાયેલા સભ્યોની બહુમતિ દાખલ કરવામાં આવી; સીધી ચૂંટણીની રીત અખત્યાર કરવામાં આવી અને ચૂંટનારની સંખ્યા પણુ વધારવામાં આવી; અને જુદી જુદી કોમના જુદા જુદા ધંધાઓના, અને લઘુમતિવાળાઓના પ્રતિનિધિત્વ માટે ખાસ ગોઠવણુ કરવામાં આવી.

1930

1. What was the state of England when Henry VII came to the throne? What measures did he take to pacify the country?

હેનરિ જ્યારે ગાદીએ આવ્યો ત્યારે અરાજકતા પ્રવર્તી રહી હતી. અમીરો હજુ જોરાવર હતા. રાજાની સત્તા જરાપણ નહોતી. લોકોને ખુના મરકી ગમી ગઈ હતી. રાજા તરફની વફાદારીનો નાશ થયો હતો, કારણકે રાજાઓની વારંવાર ફેર બદલી થતી હતી. પાર્લમેંટ દેશના ખરા હિત તરફ કશું લક્ષ આપતી નહોતી, કારણકે તે અમીરોના માણસોથી ભરેલી હતી અને અમીરો પરસ્પર લડવામાંજ પોતાની મોટાઈ સમજતા. હલકા વર્ગોએ અમીરોની લડાઈઓમાં ભાગ લીધો નહોતો છતાં તેમનામાં પણ એકસરખી અધોગતિ જોવામાં આવતી હતી. ન્યાયનું તો નામજ નહોતું. આખો દેશ ગરીબ થઈ ગયો હતો. યૂરોપમાં ઇંગ્લૅંડનું કશું વજન પડતું નહોતું. આયર્લેંડમાં યૉર્કવંશના પક્ષનું હજુ ઘણું જોર હતું. દેશમાં ચોતરફ દગાબાજી, બંડો, અને અંધાધુંધી ચાલી રહ્યાં હતાં. વળી હેન્રિનો ગાદી ઉપરનો હક્ક ચોકખો નહોતો.–આવી દેશની અસ્થિર, અશાંત હાલતમાં સાતમો હેન્રિ ગાદીએ આવ્યો હતો.

હેન્રિને દેશમાં શાંતિ પ્રસારી વ્યવસ્થા કરવાની હતી. તે માટે પહેલાં તો તેણે પોતાની ગાદીના શત્રુઓનો નાશ કર્યો. આ શત્રુઓમાં એક તો યૉર્કવંશના પક્ષકારોએ ઉભો કરેલો લૅમ્બર્ટ સિમ્નેલ નામનો છોકરો હતો. હેન્રિએ તેમને હરાવી બંડ શમાવ્યું. બીજો બંડખોર પરકિન વૉરબેક હતો. તેને સ્કૉટલૅંડના રાજા તેમજ બીજા યૂરોપના રાજ્યોની પણ સહાય હતી. એમ છતાં તેને પણ હરાવીને આખરે ફાંસી દઈ હેન્રિએ તે બંડ પણ શમાવ્યું. ગાદીની બાબતમાં હવે હેન્રિ સ્વસ્થ થયો. તાજની સત્તા વધારવા માટે હવે હેન્રિએ અમીરોની સત્તા તોડવાનો નિશ્ચય કર્યો. સ્ટાર ચેંબરની અદાલત સ્થાપીને અમીરો પાસેથી તેણે જોરજુલમથી પૈસા વસુલ કર્યા ને તેમની પાસે ખીજમતદારો ઝાઝા સંખ્યામાં રહેવા દીધા નહિ. ઉમરાવોને

રાજ્યના કારભારમાં રાખવાની પ્રથા તેણે તોડી નાંખી. હવેથી મધ્યમ વર્ગના માણસો અને મોટા ધર્માધિકારીઓ રાજ્યકારભારમાં મદદ કરવા લાગ્યા. અમીરોના લશ્કરોને પણ વીખેરી નાખવામાં આવ્યા અને રાજાની સત્તા હેઠળ સ્થાનિક લશ્કરની યોજના થઈ. આમ અમીરો નબળા થઈ ગયા અને પાર્લમેંટમાં પણ તેમની વગ ઓછી થઇ ગઇ. એટલે હવે હેન્રિએ પાર્લમેંટને પોતાના હાથ પર લીધી. તેની સત્તાને તે જરાપણું અવગણતો નહિ. તેને ઘણીવાર ભેગી કરતો અને લડાઇને બહાને તેમની પાસેથી નાણાની સંમતિ મેળવતો. વળી કેટલીક વખત લોકો પાસે બળજોરીથી નાણા કઢાવી પાર્લમેંટની અનુમતિ મેળવતો. આમ પાર્લમેંટને સાથે રાખી હેન્રિએ રાજાની આપખુદ સત્તા સ્થાપી. હવે હેન્રિએ યૂરોપમાં વગ વધારવા પરરાજ્યો તરફ લક્ષ દોડાવ્યું. તેણે સ્પેનની રાજકુંવરીને પોતાના પુત્ર માટે સ્વીકારી અને પોતાની પુત્રી સ્કૉટલૅંડના રાજાને આપી તે દેશો સાથે મિત્રતા સાધી. ફ્રાંસ સાથે પણ વખત વિચારી સંધિ કરી. વળી ડેન્માર્ક અને ફ્લૅંડર્સ સાથે પણ વેપારના વિકાસ માટે સંધિઓ કરી. લોકોના મનમાં ન્યાયને માટે માનની લાગણી પેદા કરવા માટે હેનરિએ ખાસ કાયદો કરી જે લોકો પંચની બેદરકારીથી શિક્ષા પામતાં છટકી ગયા હોય તેમને રાજાના ન્યાયધીશો પોતે પોતાની અદાલતોમાં બોલાવી શિક્ષા કરી શકે એવું ઠરાવી હરામખોર અને બંડખોર લોકોને શાંત પાડ્યા. વળી તેણે નવા વહાણ બાંધનારાઓને જકાતની માફી આપી વહાણના ઉદ્યોગને ઉત્તેજન આપ્યું. વળી તેણે પોર્ટ્સમથમાં ગોદી બાંધીને અંગ્રેજ નૌકાબળને વધાર્યું. આમ જુલમી અમીરોની સત્તા ઓછી કરી, રાજસત્તા વધારી, લોકોમાં શાંતિ અને વ્યવસ્થા દાખલ કરી તેમને વેપાર ઉદ્યોગની દીશામાં વાળી હેનરિએ ઈંગ્લૅંડની આબાદી વધારી.

2. Describe the sea-faring and commercial activities of the Elizabethan period.

એલિઝાબેથ રાણીની કારકીર્દી અદ્‌ભુત દરિયાઈ સાહસ અને વેપારી પ્રવૃત્તિથી ભરપુર છે. એ સમયમાં ઇંગ્લૅંડે એશિયા, આફ્રિકા અને અમેરિકામાં વેપાર ને વગ વધારવા માટે તનતોડ મહેનત કરી. એડવર્ડના અમલમાં

અમેરિકા, આફ્રિકા અને એશિયાના મુલકોમાં કેટલાક સાહસિક અંગ્રેજો જઈ પહોંચ્યા હતા. હવે તેઓએ સ્પેઈનના અમેરિકાના વેપાર ઉપર નજર કરવા માંડી. તેઓ સ્પેઈનના વહાણોનાં ચાંદી અને સોનાને લૂંટી લેતા; કારણકે સ્પેનનો રાજા ફિલિપ પરદેશીઓને પોતાના મુલકો સાથે છુટથી વેપાર કરવા દેતો નહિ ખાસ સ્પેનને આ પ્રમાણે નુકસાન કરવામાં આગળ પડતો ભાગ સર ફ્રાંસિસડ્રેઈક અને સર જ્હોન હૉકિન્સે ભજવ્યો હતો. વળી હૉકિન્સ આફ્રિકાના સીદીઓને વેસ્ટઇન્ડિઝના ટાપુઓમાં ગુલામ તરીકે વેચતો. ડ્રેઇકે સને ૧૫૭૭–૮૦ માં મેગેલનની સામુદ્રધૂનિમાં થઈ થઈ પૃથ્વિની આસપાસ પ્રદક્ષિણા કરી. તેણે મોલુકાસ ખરાબ કર્યો અને સ્પેનિશ લોકો પાસેથી પૂષ્કળ લૂંટ લીધી. ફ્રોબિશર ને ડેવિસે હિંદુસ્તાન જવાને ઉત્તર–પશ્ચિમનો રસ્તો શોધવા કોશિષ કરતાં ઉત્તર ધ્રુવ તરફ નવીન મુલકની શોધ કરી. સર વૉલ્ટર રૅલે તથા સર હમ્ફ્રી ગિલ્બર્ટે ન્યુ ફાઉંડલૅંડ લીધું. રૅલેએ વર્જીનિયા નામનું પહેલું અંગ્રેજ સંસ્થાન એમેરિકામાં વસાવ્યું. વળી ડ્રેઇકે દક્ષિણ અમેરિકા, ફ્લૉરિડા અને ક્યૂબાના કાંઠાનો મુલક લૂંટયો અને ૧૫૪૭ માં કૅડિઝ બંદરમાં જઈ ૫૦ વહાણોનો નાશ કરી "સ્પેનના રાજાની દાઢી બાળી." તેણે પોર્ચુગલનો કાંઠો પણ ખરાબ કર્યો અને હિંદુસ્તાન જતું એક પુષ્કળ માલમત્તાવાળું વહાણ લુટયું.

ઇંગ્લૅંડનો વેપાર વધારવાના ઉદ્દેશથી ફ્લૅંડર્સના વણકરોને રાણીએ પોતાના દેશમાં આશરો આપ્યોજ હતો. તેમાં સાહસિક નાવિકોની આ પ્રવૃત્તિને લઇને સ્પેનનો વેપાર તોડી અમેરિકા તેમજ હિદુસ્થાન સાથે વેપાર કરવાના પ્રયત્નો થતા હતા. વળી ફિટ્ચ નામનો અંગ્રેજ તો હિંદુસ્તાન, મલાક્કા, લંકા અને પેગુ પણ જમીન વાટે જઈ આવ્યો. રશિયા, ગિયાના, તુર્કી અને હિંદુસ્તાનમાં વેપાર કરવા માટે કંપનિઓ નીકળી. એજ અરસામાં સ્પેનિશ 'અજિત નૌકા સૈન્ય'ના પરાજ્ય પછી અંગ્રેજ નાવિક–વેપારીઓની સાહસિક વૃત્તિ વિશેષ તેજમાં આવી. ને સત્તરમા સૈકાની શરૂઆતમાં તો ઇંગ્લૅંડની પ્રજા પૂર્વ તેમજ પશ્ચિમમાં દરિયાપાર સામ્રાજ્ય વસાવવાની તેમજ તેજાના અને સોનારૂપાનો વેપાર કરવાની શરૂઆત કરી ચૂકી હતી. સોળમા સૈકાને છેલ્લે દિવસે રાણી એલિઝાબેથની પરવાનગી મેળવી હિંદુસ્તાન અને

પૂર્વના દેશો સાથે વેપાર કરવાને ઉભી થયલી વેપારી મંડળીએ આખરે હિંદુસ્તાનમાં બ્રિટિશ સામ્રાજ્ય કેવી રીતે સ્થાપ્યું તે આપણે સારી રીતે જાણીએ છીએ.

3. What were the chief points of the dispute between Charles I and the Parliament which brought about the Civil War of 1642?

ચાર્લ્સ પહેલાને પાર્લમેંટ સાથેની તકરારના ચાર મુખ્ય મુદ્દાઓ હતા. પહેલો અને સૌથી અગત્યનો મુદ્દો ધર્મ વિષેનો હતો. ઇંગ્લૅંડમાં ધર્મ સુધારણાનો પવન વધારે અને વધારે વાતો હતો અને તેથી ચાર્લ્સના સમયમાં એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ હતી કે જેને પરિણામે અંગ્રેજ પ્રજાનો મોટો ભાગ પ્યુરિટન ધર્મની તરફેણમાં હતો. ચાર્લ્સ પોતે ફ્રાન્સની કૅથોલિક રાજકુંવરીને પરણ્યો હતો અને તેની ઉશ્કેરણીથી ઇંગ્લૅંડમાં કૅથોલિક ધર્મની સ્થાપના કરવાનું ન બને તોપણ કૅથોલિકોને ધર્મછૂટ આપવાનો તો તેણે નિશ્ચય કર્યોજ હતો. આમ અંગ્રેજ પ્રજાને પ્યુરિટન ધર્મ જોઈતો હતો. રાજાને કૅથોલિકો તરફ સહાનુભૂતિ હતી. ચાર્લ્સની પહેલીજ પાર્લમેંટે કૅથોલિકો સામે કાયદાનો સખત અમલ કરવા અને પ્રોટેસ્ટંટ પંથનો ઉપદેશ કરવા રાજા પાસે માગણી કરી હતી જે રાજાને બીલકુલ પસંદ નપડી. આથી રાજા અને પાર્લમેંટ વચ્ચે ધર્મ માટે શરૂ-આતથીજ ખટરાગ ઉભો થયો. પછી તો ચાર્લ્સે આગળ વધી લૉડને પોતાનો ધર્મ વિષયનો મુખ્ય સલાહકાર નીમી, પોતે સ્થાપેલી હાઈ કમિ-શનકોર્ટ મારફતે, પ્યુરિટનો પર સખ્તાઈ અને જુલમ કરવા માંડયો. આથી ધાર્મિક વિરોધ વધારે ઉગ્ર બન્યો અને તેણે રાજકીય ટંટાને પણ વધારે તેજ આપ્યું.

ધર્મ વિષયમાં પાર્લમેંટની માંગણીનો રાજાએ સ્વીકાર ન કર્યો એટલે તેણે રાજાને નાણાં આપવાની ના પાડી. રાજાએ બકિંગહેમ જેવા માનીતા સલાહકારોની મદદથી ગેરકાયદેસર કરો ઉઘરાવવા માંડ્યા. આથી પાર્લમેંટે આવા સલાહકારો પર કામ ચલાવી તેમને શિક્ષા કરવાની માંગણી કરી. આ રીતે બીજા બે મુદ્દાઓનો ઉદ્ભવ થયો. પાર્લમેંટનુ કહેવું એ હતું કે

રાજાથી તેની રજા શિવાય એક પાઈ પણ કરની પ્રજા પાસે ઉઘરાવી શકાય નહિ અને ગેરકાયદેસર કૃત્યોમાં રાજાને જેઓ સલાહ આપી મદદ કરે તેમને શિક્ષા કરવાનો પાર્લમેંટને હક્ક છે. રાજાએ પોતાના પિતાનો 'રાજાનો ઈશ્વરી હક્ક'નો સિદ્ધાંત આગળ ધરી પાર્લમેંટની સત્તા સ્વીકારવાની નાપાડી. પાર્લમેંટે હવે જાહેર કર્યું કે જ્યાંસુધી રાજા પોતાના ગેરકાયદેસર કૃત્યો કરતો બંધ નપડે ત્યાંસુધી તેની નાણુંની માગણી પર કશો વિચાર થઈ શકશે નહિ. હવે રાજા વધારે હઠીલો બનતો ગયો અને આપખુદ સત્તાનો વધુ ઉપયોગ કરી ઈલિયટ વગેરે આમની સભાના ત્રણ સભ્યોને કેદ કર્યા. આથી પાર્લમેંટ વધારે ઉશ્કેરાઈ. એટલે રાજાના નવા સલાહકાર સ્ટ્રૅફર્ડની સલાહ માની ચાર્લ્સે પાર્લમેંટ વિના લગભગ અગિયાર વર્ષ રાજ્યકારભાર ચલાવ્યો. આ લાંબા આપખુદ અમલ દરમ્યાન રાજાની સ્ટાર ચેંબર અને હાઈકમિશન અદાલતોએ રાજકીય તેમજ ધાર્મિક બાબતોમાં સ્ટ્રૅફર્ડ અને લૉડની દેખરેખ નીચે લોકો પર ખૂબ જુલમ કર્યો. આખરે સ્કૉટલૅંડના સામે થયલા લોકોને તાબે કરવા લશ્કરની જરૂર પડવાથી સને ૧૬૪૦માં રાજાએ પાર્લમેંટ બોલાવી. તરતજ પાર્લમેંટના નેતા પિમે રાજાના વફાદાર સેવકો પર કામ ચલાવ્યું અને સ્ટ્રૅફર્ડને તો પાર્લમેંટે મોતની શિક્ષા પણ કરી. વળી ચાર્લ્સે જે આપખુદ કાયદાઓ અને કૃત્યો કર્યા હતા દા. ત. નૌકાકર, ઈજારાઓ આપવાની પદ્ધતિ, હાઈકમિશન અદાલત વગેરે. તે સર્વેને બંધ કરવામાં આવ્યા. ચાર્લ્સે હવે પાર્લમેંટના નેતાઓને પકડી કેદ કરવાનો નિશ્ચય કર્યો અને તે માટે તે પોતે આમની સભામાં દાખલ થયો. પણ 'પક્ષીઓ ઉડી ગયા હતા' એટલે રાજા હતાશ થયો અને પાર્લમેંટ વધારે ગુસ્સે થઈ. આખરે પાર્લમેંટે નાગરિક સૈન્ય પર પોતાના અંકુશની માગણી કરી અને રાજાએ તે ન સ્વીકારી એટલે રાજા અને પ્રજા વચ્ચે લડાઈ શરૂ થઈ.

4. What causes led to the deposition of James II, and what steps were taken to prevent the recurrence of a similar abuse of power?

સૌ કોઈ જાણતું હતું કે જેમ્સ બીજો રોમનકેથોલિક પંથનો હતો. પરંતુ પોતાના ભાઈના અમલના બધા બનાવો નજરો નજર જોયા પછી તે સમજીને પ્રજા સાથે કામ લેશે એવો લોકોને વિશ્વાસ હતો. વળી ગાદીએ આવ્યા પછી તુરતજ તેણે લોકોના તમામ હક્કોને જાળવી રાખવાનું વચન આપ્યું ને પ્રજા તેથી સંતોષ પામી. પણ જેમ્સમાં આવડત નહોતી, તેનામાં ધર્મ ઝનૂન હતું પણ હિંમત નહોતી. જીદ્દી પણું હતું પણ કુનેહ નહોતી. તેની મુર્ખાઇને લીધેજ તેણે પ્રજાના સર્વે વિભાગોને એક પછી એક અળગા કરી આખરે પોતાની રાજ્યગાદી ગુમાવવાનો વખત આણ્યો.

પહેલાં તો વ્હીગ પક્ષના ટેકાથી તેના અપસ્માર પુત્ર ડ્યૂક ઓફ મન્મથે કરેલા બળવાને દાબી દીધા પછી જેમ્સે તે સુંદર અને લોકપ્રીય રાજકુંવરને દયાહીન બની ફાંસી દીધી અને ન્યાયાધીશ જેફ્રીઝની મદદથી તેને આશરો કે મદદ આપનારા લોકોને ઘણી ઘાતકી શિક્ષાઓ કીધી. પુરૂષોને ગુલામીમાં વેચ્યા કે ફાંસી દીધી અને સ્ત્રીઓને જીવતી બાળી મૂકી કે ડૂબાડી મારી. જેફ્રીસની અદાલત Bloody Assizes—ના આ ખૂની કૃત્યોને લીધે સામાન્ય પ્રજા, ખેડૂતો વગેરેમાં હાહાકાર વર્તી રહ્યો. અને વ્હીગ લોકો હવે વિલિયમ તરફ વળ્યા.

બીજું, પાર્લમેંટમાં હવે જેમ્સે પોતાની પાસે જે મોટું લશ્કર એકઠું થયું હતું તે પર આધાર રાખી, રોમનકેથોલિકો સામેના કાયદા રદ કરવાની કોશિષ કરી. પાર્લમેંટ જે રાષ્ટ્રિય ધર્મની તરફેણમાં હતી તેણે ના પાડી એટલે જેમ્સે પાર્લમેંટ બરખાસ્ત કરી. આથી પાર્લમેંટમાંના બંને પક્ષોની મદદ જેમ્સે ગુમાવી.

હવે જેમ્સે આપખુદ સત્તા વાપરી પાર્લમેંટે પસાર કરેલા કેથોલિકો સામેના કાયદાઓ મોકુફ અથવા રદ કરવાનો પોતાને હક્ક છે એવો દાવો કરી લશ્કરમાં તેમજ નૌકાસૈન્યમાં રોમન કેથોલિકોની ભરતી કરવા માંડી. આથી પ્રોટેસ્ટંટ ધર્મગુરૂઓ જે અત્યાર સુધી સ્ટુઅર્ટ રાજાઓની તરફેણમાં હતા તે હવે સામે થયા. વળી ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ

મહાવિદ્યાલયો જે હંમેશા રાજાઓની તરફેણમાં હતા તેના બંધારણમાં અને કારભારમાં ધર્મની માન્યતાને માટે ખોટું દખલ કરી જેમ્સે તેને પણ અળગાં કર્યાં. આખરે સાત ધર્માધ્યક્ષોએ જેમ્સના કેથોલિકોને ધર્મ છૂટના ફરમાનો ન વાંચવા માટે, તેમના પર ચાલેલા કામથી ઈંગ્લૅંડની પ્રજા જેમ્સથી છેકજ કંટાળી ગઈ. અને છેલ્લું જે દિવસે તેઓ છૂટયા તે દિવસે જેમ્સને પુત્ર આવ્યાની ખબર દેશમાં ફેલાઇ એટલે તો પ્રજાએ એ કેથોલિક રાજાને કઢી તેના પ્રોટેસ્ટંટ જમાઈ અને દીકરીને ઇંગ્લંડની ગાદીએ બેસાડવાનો નિશ્ચય કર્યો. અને પ્રજાના નિમંત્રણથી વિલિયમે ઈંગ્લૅંડના કિનારા પર પગ મૂકતાંજ થોડા સમયમાં જેમ્સના કુટુંબીઓ પણ તેને છોડી જતાં તે કાયર પુરૂષ હિંમત હારી ગયો અને ગાદી છોડી ફ્રાંસ નાસી ગયો. વિલિયમ ને મેરીને સાથે ઇંગ્લૅંડની ગાદીપર પાર્લમેંટે બેસાડયા. ૧૬૮૮.

ઇંગ્લૅંડનો રાજા ફરીથી આપખુદ સત્તા ભોગવી ન શકે તે માટે પાર્લમેંટે પોતાના હક્કોની એક નવેસરથી યાદી કરી અને તે ઉપર નવા રાજાની સહી લઇ તેને વચનથી બાંધ્યો. સર્વ બાબતોમાં પાર્લમેંટને સર્વોપરિ બનાવનારા એ હક્કો હતા. નવા કાયદાને Bill of Rights કહે છે. ત્યાર પછી Civil List અને Appropriation of Suppliesના કાયદાઓ પસાર કરી સરકારી નાણાંના ખર્ચ ઉપર પણ પાર્લમેંટે અંકૂશ મેળવ્યો. વળી Mutiny Act પસાર કરી લશ્કરના ખર્ચ ઉપર પણ પાર્લમેંટની સત્તા આવી. અને છેલ્લે ૧૭૦૧ના ગાદી વારસાના કાયદાથી ઇંગ્લૅંડનો રાજા રાષ્ટ્રીય ધર્મનોજ હોવો જોઇએ એવો ઠરાવ કરી પરધર્મી રાજાને લીધે થતા ધાર્મીક ટંટા પાર્લમેંટે દૂર કર્યા. તેમ એજ કાયદાથી ઇંગ્લૅંડના ન્યાયાધીશોને રાજા નહિ પણ પાર્લમેંટજ રજા આપી શકે એવું ઠરાવી ન્યાયખાતાંને સ્વતંત્ર બનાવ્યું.

5. What new principles of Government did George III try to introduce, and with what results?

જ્યોર્જ ત્રીજાનો પિતા તેના બાળપણમાંજ ગુજરી ગયલો હોવાથી તે તેની માતાની સંભાળ નીચે ઉછર્યો હતો. તેની માતા રાણી ઑગસ્ટા સંકુચિત મનવાળી, સ્વચ્છંદી, આપખુદ અને ખટપટી હતી. આ બધા ગુણોની છાપ જ્યોર્જના પર પડી હતી. માતા પુત્રને રોજ ટોકતી, "જ્યોર્જ, ખરો રાજા થજે." આથી ગાદીએ આવ્યો ત્યારે તેણે નિશ્ચયજ કર્યો હતો કે તેણે સ્વદેશપ્રેમી રાજા બની આપખુદ સત્તા ભોગવવી. પરંતુ સત્તા પોતાના હાથમાં કેવી રીતે લેવી એજ સવાલ હતો.

હેનોવર વંશના રાજાઓ ખાસ કરીને વ્હીગ પક્ષની મદદને લીધે ઈંગ્લૅંડની ગાદી મેળવવા ભાગ્યશાળી થયા હતા. આથી તેમજ બીજા ધાર્મિક તેમજ રાજકીય કારણોથી એ રાજાઓની તે પક્ષ પર મહેરબાની હતી. વળી પહેલા બે જ્યોર્જો અંગ્રેજી બંધારણ તેમજ ત્યાંની પ્રજાના રિતરિવાજોથી અજાણ્યા હોવાથી રાજ્યસત્તા બધીજ રાજાના પ્રધાનો એટલે વ્હીગ પક્ષના નેતાઓના હાથમાં આવી હતી. તેઓ મોટા મોટા જમીનદારો હતા અને તેથી પાર્લમેંટમાં તેમની ભારે વગ હતી. હવે જ્યૉર્જને જો રાજ્યસત્તા પોતાના હાથમાં લેવી હોય તો આ સબળ વ્હીગ પક્ષને નિર્બળ કરી વ્હીગ કુટુંબોની સત્તાનો વિનાશ તેણે કરવો રહ્યો. બીજું તેણે એ પણ જોવાનું હતું કે તેની આપખુદ સત્તાએ ટ્યુડર રાજ્યકર્તાઓ કે સ્ટુઅર્ટ રાજાઓના જેવું વલણ લેવું. એકમાં પાર્લમેંટને વશ કરી, તેને સાથે રાખી, રાજાએ પોતાની ઈચ્છા પ્રમાણે તેની પાસે કામ લેવાનું હતું જ્યારે બીજામાં પાર્લમેંટના દુશ્મન બની, તેની સત્તાને ન ગણકારી, તેના વગર રાજ્ય ચલાવવાનું હતું. વળી સ્ટુઅર્ટ રાજાઓની ભૂલભરેલી રાજ્ય-નીતિના કડવાં પરિણામો જાણ્યા પછી તેવીજ ગંભીર ભૂલ ન કરવાનું ડહાપણ તો જ્યૉર્જમાં હતુંજ. એટલે ટ્યુડર રાજ્યનીતિ પ્રમાણે પાર્લમેંટ સાથે કામ લેવાનું જ્યૉર્જે નક્કી કર્યું.

પરંતુ હવે પાર્લમેંટની સ્થિતિ બહુ ફેરવાઈ ગઈ હતી. પાર્લમેંટ એટલે બહુમતિ અને લઘુમતિવાળા બે પક્ષો, અને પાર્લમેંટની સર્વોપરિ સત્તા એ બહુમતિવાળો પક્ષજ ભોગવી શકે એ રીતિ પણ હવે રૂઢ થઈ ગઈ હતી. વળી તેથી આમની સભામાં જે પક્ષની બહુમતિ હોય તેના

નેતાઓજ પ્રધાનપદ ભોગવી શકે એ પણ ચોકખું હતું. એટલે ખરી રાજ્યસત્તા રાજાના હાથમાં નહિ પણ આ પ્રધાનોના હાથમાં અંગ્રેજી રાજ્યબંધારણ પ્રમાણે હવે ગયલી હોવાથી, જ્યૉર્જને આપખુદ સત્તા મેળવવા માટે હવે એકજ રસ્તો રહ્યો હતો અને તે એ કે તેણે પાર્લમેંટમાં પોતાનો પક્ષ ઉભો કરી, તેને સૌથી સબળ કરી, પોતે ઇંગ્લૅંડના રાજાએ એક–Party Leader–બહુમતિ પક્ષના નેતા તરીકે કામ કરવું. અને વ્હીગ પક્ષની ફાટફુટથી તેમજ પોતાની હીકમત અને કુનેહથી જ્યૉર્જ 'રાજાના મિત્રો'નો નવો પક્ષ પાર્લમેંટમાં ઉભો કરી આપખુદ સત્તા મેળવવા ભાગ્યશાળી થયો. વળી આ કામમાં બોલિંગબ્રોકે ટોરી પક્ષના સિદ્ધાંતોને નવું સ્વરૂપ આપી તેમને રાજભક્ત બનાવ્યા. પરંતુ આ પ્રમાણે રાજ્યસત્તા પોતાના હાથમાં લીધા પછી (૧) પક્ષાપક્ષી બંધ કરી દેશનું ખરૂં હિતજ લક્ષમાં લેવું (૨) કારભારમાંથી ભ્રષ્ટતા ને પક્ષપાત દૂર કરવાં (૩) બાહોશ મુત્સદ્દીઓનેજ પ્રધાનગીરી આપવી (૪) તેઓ રાજાનેજ જવાબદાર રહે, પાર્લમેંટને નહિ (૫) એ પ્રમાણે રાજાએ ગાદી સંભાળવી એટલુંજ નહિ પણ રાજ્ય અને અમલ બંને કરવાં–આવાં "સ્વદેશ પ્રેમી રાજા"ના રાજ્યકારભારના બધાં સૂત્રો અનુસરવાને જ્યૉર્જ નિષ્ફળ નીવડયો. દરેક ખાતાંના પ્રધાનને રાજાને વ્યકિતગત જવાબદાર ગણી દરેક બાબત જ્યૉર્જ અંગત ઝીણવટથી તપાસવા લાગ્યો. પણ તેમાં સંકૂચિત દૃષ્ટિ, હઠીલાઇ, કિન્નાખોરપણું વગેરે એના અવગુણોએ દેશનું હિત કરવાને બદલે અહિત કર્યું. વળી તેના જેવા બધીજ રીતે મધ્યમ શકિતવાળા નેતાના હાથ નીચે કામ કરવાને ખરા મુત્સદ્દીઓ આવ્યાજ નહિ, અને જે સાધારણ માણસો આવ્યા હતા તે હંમેશાં લાંચ રૂશ્વત છડેચોક લેતા. આથી જ્યૉર્જનો નવો કારભાર ભ્રષ્ટ, તદ્દન સાધારણ અને પ્રજા તેમજ રાજ્યબંધારણને હાનિકારક નીવડયો. અમેરિકા ગુમાવવામાં તે ઘણે અંશે જવાબદાર છે. પરંતુ લૉર્ડ નૉર્થ પછી મુખ્ય પ્રધાન બનવાને વ્હીગ પક્ષ સામે ટક્કર ઝીલી શકે એવો કોઇ માણુસ જ્યૉર્જને ન જડયો. નાનોપિટ્ટ, એ ટુંકી બુદ્ધિ અને શકિતવાળા રાજાના હાથ નીચે કામ કરવાને તદ્દન નાલાયક હતો. રાજા પોતે પણ કદાચ પિટ્ટની શક્તિ જાણતો હતો. પરંતુ

બીજો કોઈ માણસ ન જડવાથી આખરે પિટ્નેજ રાજ્યકારભાર સોંપાયો અને ત્યારથી ખરૂં જોતાં જ્યૉર્જ પક્ષનેતા મટી બંધારણુપૂર્વકનો રાજા બન્યો.

6. What part was played by sea-power in the defeat of Napoleon Buonaparte?

દુનીઆના જુદા જુદા ભાગોમાં સંસ્થાનો વસાવી એ સંસ્થાનોની મારફતે પૂર્વ તેમજ પશ્ચિમના મોટા મોટા દેશો સાથે વેપાર સંબંધ બાંધી પોતાના દેશને સમૃદ્ધ કરવો એવી યૂરોપના લગભગ દરેક દરિયા કાંઠાવાળા દેશની સોળમા સૈકાથી મહત્વાકાંક્ષા હતી. દરિયા કાંઠાવાળા દેશની, કારણ કે દુનીઆનો વેપાર કરવા માટે દરિયો પુષ્કળ ખેડવો પડે અને તે માટે પોતાની પાસે સારૂં નૌકાબળ હોવું જોઈએ. અને પછી અઢારમા સૈકાથી તો ફ્રાંસ, સ્પેન અને ઇંગ્લેંડ અને હૉલૅંડ એ બે રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ પક્ષકારોને અમેરિકા તેમજ દુનીઆના બીજા ભાગોમાં આવેલા સંસ્થાનિક સામ્રાજ્યને માટે વિગ્રહોમાં ઉતરવું પડયું. અને એ સર્વે વિગ્રહોમાં ઇંગ્લેંડનું નૌકાબળ ઉત્તમ નીવડતાં તેની શકિત ઉત્તરોત્તર વધતીજ ગઈ. આખરે સપ્તવાર્ષિક વિગ્રહમાં તો અમેરિકા અને હિંદુસ્તાનના ફ્રેંચ સંસ્થાનોને જીતી લઈ ફ્રેંચોને લગભગ યૂરોપમાંજ ગોંધી રાખી ઇંગ્લેંડના નૌકાસૈન્યે અવધિ કરી અને એ સામુદ્રિક સત્તાથી બ્રિટિશ સામ્રાજ્યની અમેરિકા તેમજ હિંદમાં સ્થાપના થઈ. અને જ્યાં સુધી ઇંગ્લેંડની એ સર્વોપરિ દરિયાઈ સત્તા ચાલુ રહે ત્યાં સુધી યૂરોપનું કોઇપણ રાજ્ય ઇંગ્લેંડ ને મહાત કરી શકે નહિ. કારણ કે ઇંગ્લેંડની સમૃદ્ધિ તેના દરિયા પારના વેપાર ઉપર છે અને એ વેપાર તોડવો હોય તો બ્રિટિશ નૌકાસૈન્યને મહાત કરવુંજ જોઈએ.

મહાન નેપોલિયન ઇંગ્લેંડની આ દરિયાઈ સત્તાનું મહત્વ જાણતો હતો અને તેથી સ્પેન અને હૉલેંડના નૌકાસૈન્યોની મદદથી ઇંગ્લેંડ જીતવાનો તેણે પ્રયત્ન કર્યો પણ સ્પૅનિશ નૌકાસૈન્યને સેંટવિંસેંટની ભૂશિર આગળ અને વલંદાના નૌકાસૈન્યને કૅમ્પરડાઉન આગળ બ્રિટિશ નૌકાસૈન્યે હરાવ્યા. આથી બ્રિટિશ નૌકાસૈન્યે નેપોલિઅનનો ઇંગ્લેંડ જીતવાનો પહેલો પ્રયત્ન નિષ્ફળ કર્યો. ત્યાર પછી જમીન માર્ગે ઇજીપ્ત અને એશિઆ માઇનોરમાં

થઈ હિંદુસ્તાન જવાનો અને એ રીતે બ્રિટનના સામુદ્રિક વર્ચસ્વને ઉડાવવાનો તેણે વિચાર કર્યો. પરંતુ તેમાં પણ નાઈલ નદિના મુખ આગળ ફ્રેંચ કાફલાનો નેલ્સને હરાવી નાશ કર્યા પછી નેપોલિયન ફાવ્યો નહિ. એવામાં યૂરોપના બીજા દેશોને ઇંગ્લેંડના વેપારની અને દરિયાઈ સત્તાની અદેખાઈ આવી અને તેમણે-ડેનમાર્ક, સ્વીડન અને રશિયાએ-એક ત્રિપુટી રચી. પણ આ ત્રિપુટી પોતાના નૌકાસૈન્યોનો પોતે ઉપયોગ કરે અથવા તેમ કરવા માટે નેપોલિયનને સોંપે તે પહેલાં બ્રિટિશ નૌકાસૈન્યે કોપનહેગન જઈ તે શહેર પર તોપખાનું ચલાવી આખું ડેનિશ નૌકાસૈન્ય કબજે લીધું અને ત્રિપુટી તૂટી ગઈ. હવે ફ્રેંચ તેમજ સ્પેનિશ કાફલાઓની મદદથી છેલ્લી વખત ઇંગ્લેંડને મહાત કરવા નેપોલિયને પ્રયત્ન કર્યો. પરંતુ ટ્રફાલગરના મહાન વિજયથી નેલસને એ છેલ્લી આશા પણ ફોક કરી. નેપોલિયને હવે જોયું કે ઇંગ્લેંડનું નૌકાબળ તોડી શકાય તેમ નથી. તેમ એ દરિયાઈ બળને લીધે જ્યાં સુધી તેનો વેપાર ચાલુ છે ત્યાં સુધી ઇંગ્લેંડ કદી પણ નમતું આપે તેમ નથી. આવી સ્થિતિમાં બ્રિટિશ વેપારને તોડવા માટે બર્લીનના હુકમો છોડી તેણે તાબે કરેલા યૂરોપના રાજ્યો પાસે બ્રિટિશ માલનો બહિષ્કાર કરાવ્યો. ઇંગ્લેંડે યૂરોપના જે બંદરો બ્રિટિશ વહાણોને ન આવવા દે ત્યાં બીજા વહાણો પણ આવી ન શકે એવો બંદોબસ્ત કર્યો અને ખૂબી તો એ હતી કે જ્યારે નેપોલિયન પોતાના હુકમોનો સફળ રીતે અમલ કરી શકતો નહિ ત્યારે ઇંગ્લેંડ પોતાની દરિયાઈ સત્તાને લીધે તેમ કરી શકતું હતું પરિણામે યૂરોપના દેશો એક પછી એક નેપોલિયનની સામે થવા લાગ્યા અને આખરે નેપોલિયન હાર્યો. આ પ્રમાણે આખા યૂરોપને હરાવી તાબે કર્યા છતાં મહાન નેપોલિયન નાના સરખા ઇંગ્લેંડને હરાવી કે નમાવી ન શક્યો. કારણ કે ઇંગ્લેંડને હરાવવાની ચાવી સમુદ્રમાં હતી અને ઇંગ્લેંડની દરિયાઈ સત્તા એવી ઉત્તમ હતી કે નેપોલિયનના ભગીરથ પ્રયત્નો તેને તોડવામાં નિષ્ફળ ગયા. અને જે ઇંગ્લેંડને નમાવવાને નેપોલિયન અશક્ત નીવડ્યો તેજ બ્રિટને પોતાના લશ્કરો તેની સામે મોકલી આખરે તે થકી ગયેલા મહાન શહેનશાહ નેપોલિયનને જમીન પર હરાવી સેંટહેલીનામાં પોતાનીજ દરિયાઈ સત્તા હેઠળ મરણ પર્યંત કેદ કર્યો

7. What were the chief measures of political and social reform which were passed between 1832 and 1887 ?

સને ૧૮૩૨–૮૭ના સમય દરમ્યાન પાર્લમેંટે પોતાનું બંધારણ સુધારવા માટે ત્રણ કાયદા પસાર કર્યા. સને ૧૮૩૨ના સુધારાના કાયદા પ્રમાણે ઓછી વસ્તીવાળા કસબાઓ પાસેથી મતાધિકાર લઈ તે પ્રમાણે ખાલી પડેલી કુલ ૧૪૩ જગ્યાઓને નવાં વસતિવાળા શહેરો અને પરગણાંઓમાં વ્હેંચી આપી. કસબાઓમાં ૧૦ પૌંડનું વાર્ષિક ઘરભાડું ઉત્પન્ન કરનારા તથા આપવાવાળાઓને ને પરગણાઓમાં વાર્ષિક ૧૦ પૌંડની ઉપજની જમીનના માલીક અથવા વાર્ષિક ૫૦ પૌંડ મહેસુલ આપવાવાળા ભાડુતોને પણ મત આપવાના અધિકારો મળ્યા. કુલ લગભગ સાડાચાર લાખ મતદારો ઉમેરાયા. આ કાયદાથી મધ્યમવર્ગના કારીગરો, વેપારીઓ, ખેડુતોને રાજ્યકારભારમાં પ્રતિનિધિત્વ મળ્યું. પ્રજાકીય શાસનનો યુગ શરૂ થયો, અને અમીરો અને જમીનદાર વર્ગની સત્તા ઓછી થઈ ગઈ. પરંતુ મજૂરોને કંઈ ન મળ્યું તેથી તેમનો અસંતોષ ચાલુ રહ્યો. સને ૧૮૬૭માં લૉર્ડ ડર્બીના કૉનઝરવેટિવ પ્રધાનમંડળે ડિઝરાઇલિનો બીજો સુધારાનો કાયદો પ્રસાર કરાવ્યો. એ કાયદાથી કસબાઓમાં સ્થાનિક–કરો ભરનાર દરેક ઘરધણી અને વાર્ષિક ૧૨ પૌંડ ભાડું આપનાર lodgerને અને પરગણામાં વાર્ષિક ૧૦ પૌંડ જમીન મહેસુલ ભરનારાને મતાધિકાર આપવામાં આવ્યો. જોકે પાર્લમેંટના કુલ સભ્યોની સંખ્યા તો કાયમ એટલે ૬૫૮જ રહી પરંતુ કસબાઓના કામદાર વર્ગના લોકો હવે પાર્લમેંટની ચુંટણીમાં ભાગ લેતા થયા. અને તેટલે અંશે મધ્યમવર્ગનું બળ ઓછું થયું. આ કાયદાથી લગભગ ૧૧ લાખ મતદારો વધ્યા. હવે માત્ર પરગણાંના મજૂરો બાકી રહ્યા હતા. સને ૧૮૮૪માં ગ્લૅડ્સ્ટનના લીબરલ મંત્રિમંડળે ત્રીજો સુધારાનો કાયદો પસાર કરાવ્યો. એ કાયદાથી કસબા તેમજ પરગણાનો મતાધિકાર સરખો કરવામાં આવ્યો. બધેજ ગરીબો માટેનો કર ભરનાર પુરૂષ ઘરધણી અને વાર્ષિક ૧૦ પૌંડ ભાડું ભરનાર અને ૧ વર્ષ સ્થાયી રહેનાર ભાડુતને મત આપવાનો અધિકાર આપવામાં

આવ્યો. આથી પરગણાંના ખેતીના મજૂરોને પણ મતાધિકાર મળ્યો અને તેથી લગભગ વીસ લાખ નવા મતદારો ઉમેરાયા. સાથે સાથે સને ૧૮૮૫ના કાયદા પ્રમાણે મતદાર મંડળો તેમજ ઇંગ્લૅંડ, સ્કૉટલૅંડ અને આયર્લૅંડના સભ્યોની નવેસરથી વહેંચણી કરી અને તેમની સંખ્યામાં વધારો કરી પાર્લમેંટને વધુ પ્રતિનિધિત્વવાળી બનાવવામાં આવી. આમની સભામાં મજૂર પક્ષનું બળ વધ્યું.

બીજા રાજકીય કાયદાઓમાં સને ૧૮૩૫ના મ્યુનિસિપૅલિટિના કાયદા પ્રમાણે કર ભરનાર સ્થાનિક રહેવાસીઓએ ચૂંટેલા મંડળ મારફતે સ્થાનિક વહીવટ કરવાની વ્યવસ્થા કરવામાં આવી અને સને ૧૮૭૧ના બૅલટના કાયદા પ્રમાણે પાર્લમેંટના સભ્યની ચૂંટણી વખતે છુપી રીતે મત આપવાની ગોઠવણ કરવામાં આવી.

આપેલા સમયના સામાજીક સુધારાના કાયદાઓમાં (૧) સને ૧૮૩૪માં પસાર થયલો ગરીબોને મદદ આપવાનો કાયદો. સને ૧૭૯૬માં ગરીબોને વધુ રાહત આપવાના હેતુથી એલિઝાબેથના ગરીબોના કાયદામાં સુધારો કરવામાં આવ્યો હતો; પરંતુ એથી તો ભિખારીઓને ઉત્તેજન મળ્યું અને તેમને નીભાવવાનો બોજો પ્રામાણિક અને ઉદ્યોગી માણસો પર પડ્યો. આથી નવા કાયદા પ્રમાણે ગરીબ કાર્યાલયમાં ગયા પછીજ તેની શક્તિ પ્રમાણે કામ કરીને કોઇપણ માણસ જાહેર મદદ મેળવી શકે એમ કર્યું. (૨) સને ૧૮૩૩માં કાયદો કરી પાર્લમેંટે બ્રિટિશ સામ્રાજ્યમાંથી ગુલામી નાબુદ કરવાનો ઠરાવ કર્યો. ગુલામોનો વેપાર તો તે પહેલા ૧૮૦૭માં બંધ કરવામાં આવ્યો હતો. (૩) વળી ૧૮૩૩માં લૉર્ડ શૅફ્ટસબરીના પ્રયત્નથી પાર્લમેંટે કારખાનાઓમાં કામ કરતા મજુરો માટે કાયદો પસાર કર્યો. તેથી બાળકો પાસે ગજા ઉપરાંત કામ લઇ એક જાતનો અત્યાચાર થતો હતો તે બંધ કરવામાં આવ્યો. આ જાતનો બીજો કાયદો લૉર્ડ બીકન્સફીલ્ડે પસાર કરાવ્યો હતો. તે પ્રમાણે છોકરાં તેમજ સ્ત્રીઓના કામ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી. વળી કામગાર મંડળનો કાયદો પસાર કરી, પીકેટીંગ, મંડળો વગેરે મજુરોની પ્રવૃત્તિઓને કાયદેસર ઠરાવવામાં આવી. (૪) સને ૧૮૭૦ના મી. ફૉર્સ્ટરના કાયદા પ્રમાણે ઇંગ્લૅંડમાં બાળકેળવણી ફરજીઆત કરવામાં આવી. સરકાર પૈસાની મદદ આપતી હતી.

8. Give a short summary of the relations between England and Ireland from 1800 to 1893.

સને ૧૮૦૦નો આઇરિશ સંયોગનો કાનૂન પસાર કરાવતી વખતે કેથોલિકોના બંધનો દૂર કરવાનું જે વચન પિટ્ટ તરફથી અપાયું હતું તે પળાયું નહિ. એટલે સંયોગના કાનૂનથી આયર્લૅંડ જરીએ સંતોષ પામ્યું નહિ. નેપોલિયન સાથેના વિગ્રહોનો અંત આવ્યા પછી કેથોલિકોનો પ્રશ્ન આયર્લૅંડના એક સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી ડૅનિયલ ઓકોનેલે ઉપાડયો. વક્તૃત્વ, વક્રોક્તિ અને વિનોદમય છટામાં તેના ભાષણો અદ્વિતીય હતાં. પાર્લમેંટના સભ્ય થવાની કેથોલિકોની કાયદેસર અપાત્રતા દૂર કરાવવા માટે ૧૮૨૩માં તેણે 'રોમનકેથોલિક એસોસિએશન' સ્થાપી. અસંખ્ય આઇરિશો તેમાં જોડાયા અને ઠામ ઠામ તેની શાખાઓ કાઢી સમગ્ર દેશને ખળભળાવી મૂકયો. એ સંસ્થાના બળથી કેથોલિક હોવા છતાં કલેર પરગણાં તરફથી પાર્લમેંટના સભ્ય તરીકે એને ચૂંટવામાં આવ્યો. અંગ્રેજ સરકાર ઓકોનેલની પાછળનું બળ જોઈને વિસામણમાં પડી અને આખરે વેલિંગ્ટનના ટોરી પ્રધાનમંડળે નમતું આપી સને ૧૮૨૯માં કેથોલિકોના બંધનો દૂર કરવાનો કાયદો પસાર કરાવ્યો. પાર્લમેંટના સભ્ય થવાનો વાંધો જતો રહ્યો એટલે ઓકોનેલે હવે પ્રોટેસ્ટંટ ધર્માલયો અને પ્રોટેસ્ટંટ જમીનદારો વિરૂદ્ધ ચળવળ ઉપાડી. કેથોલિક પ્રજાની બહુમતિવાળા દેશમાં પરદેશી પ્રોટેસ્ટંટ ધર્મ નીભાવવાને કર શા માટે લેવાય? અને પ્રોટેસ્ટંટ જમીનદારો આઇરિશ ખેડુતોને તેમના પોતાનાજ દેશમાં દુઃખ દઇ કંગાળ હાલતમાં શા માટે રાખે? આવા પ્રશ્નો ઉપર ઓકોનેલે જોરદાર ભાષણો આપવા માંડયા. પરંતુ બ્રિટિશ સરકારે કંઈ દાદ ન આપી એટલે ૧૮૪૦માં સંયોગનો કાનૂન રદ કરવા માટે ઓકોનેલના નેતૃપદે ચળવળ ઉપડી. પોતાની સ્વતંત્ર પાર્લમેંટને જવાબદાર રાજ્યતંત્ર આઈરિશોને જોઈતું હતું. હજારો માણસોની જંગી સભાઓ ભરી ઓકોનેલે આયર્લૅંડના દુઃખો વર્ણવી બ્રિટિશ સરકાર સામે આઇરિશ પ્રજાને ઉશ્કેરવા માંડી, આખરે પીલે સભાબંધીનો કાયદો કાઢી, ઓકોનેલપર રાજ્યદ્રોહનો આરોપ મુકી

તેની પડતી દશા આણી. ૧૮૪૪. હવે 'તરૂણુ આયર્લેંડ' નામે નવો જહાલ પક્ષ સ્થપાયો અને તેણે છુટા પડવાની ચળવળ ચાલુ રાખી. આ દરમિયાન બટાકાનો પાક નિષ્ફળ જવાથી આયર્લેંડમાં દુષ્કાળ પડયો અને લાખો માણુસો મૃત્યુ પામ્યા અથવા પરદેશ ગયા. સરકારે પૂરતા પ્રમાણુમાં સહાય ન આપી, દેશમાં બેરોજગારી વધતા દંગાફિસાદ થવા લાગ્યાં અને સરકારે દમનનીતિ ચલાવી. આથી સ્મિથઓબ્રાયનની સરદારી હેઠળ સશસ્ત્ર રાજદ્રોહી ચળવળ શરૂ થઈ પરંતુ તે સત્વર દાબી દેવામાં આવી. હવે બંડખોરોએ આયર્લેંડમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવા ફેનિયન મંડળની સ્થાપના કરી. ૧૮૫૯. થોડા સમય પછી ગ્લેડ્સ્ટનના પ્રધાનમંડળે સને ૧૮૬૯માં પ્રોટેસ્ટંટ ધર્માલયોને મળતી સરકારી મદદ બંધ કરી બચત નાણાં લોકહિતમાં ખર્ચવાનો કાયદો કર્યો. સને ૧૮૭૦માં જમીનનો કાયદો પસાર કરી આઈરિશ ખેડૂતોને રાહત આપી. પરંતુ આટલાથી આઈરિશ લોકો સંતોષ ન પામ્યા. હવે તો ચાર્લ્સ પારનેલ નામના આઇરિશ નેતાએ આયર્લેંડને સ્વતંત્ર જવાબદાર રાજ્યતંત્ર અપાવવા માટે બ્રિટિશ પાર્લમેંટમાં ચાલુ વિરોધ નીતિ અખત્યાર કરી પજવાટ શરૂ કર્યો. વળી નવો 'જમીન સંઘ' સ્થપાયો અને તેમાં ન જોડાનાર સામે આયર્લેંડમાં બહિષ્કાર નીતિ ચાલુ થઈ. આઈરિશ ખેડૂતોને રાહત આપવા ૧૮૮૧માં બીજો જમીનનો કાયદો પસાર કરવામાં આવ્યો પણુ તે નિષ્ફળ ગયો. ખૂન અને આગ વધ્યાં અને આયર્લેંડના અંગ્રેજ મંત્રીનું ખૂન થયું. પાછી દમનનીતિ શરૂ થઈ. પારનેલની પણુ કેટલાક ખાનગી કારણોસર પડતી દશા આવી, પરંતુ આયર્લેંડની પરિસ્થિતિ તો વિકટજ રહી. આખરે ૧૮૮૬માં ગ્લેડ્સ્ટને આયર્લેંડના દુઃખો ટાળવા તેની ઇચ્છા પ્રમાણે તેને સ્વરાજ્ય આપવાનો ખરડો આણ્યો. આથી 'લિબરલો'માં તડ પડયાં, ગ્લેડ્સ્ટને રાજીનામું આપ્યું, અને 'યુનિયનિસ્ટ' પક્ષ નવો સ્થપાયો. સને ૧૮૯૨માં ગ્લેડ્સ્ટને ફરી અધિકારમાં આવતાં એ ખરડો રજુ કર્યો. આમની સભાએ તે પસાર પણુ કર્યો પરંતુ અમીરોએ તે ઉડાવી દીધો. આથી હજુએ આઈરિશ પ્રશ્ન તો વણુઉકલ્યોજ રહ્યો.

9. Wnat were the relations between the Prime Minister and (a) the Cabinet (b) the House of Commons?

જોકે રાજ્ય બંધારણની દૃષ્ટિએ મુખ્ય પ્રધાન એ માત્ર સમોવડીઆ સાથીઓમાં પહેલો ગણાય છે છતાં વ્યવહારમાં મંત્રિમંડળના બીજા સભ્યો કરતાં તેની સત્તા બહુ વધારે છે. પ્રધાનમંડળનો નેતા હોવાથી એ મંડળના સભ્યોની નીમણુંક તેની સલાહથી થાય છે. વળી એજ કારણથી પ્રધાન મંડળની સભાનો તેજ પ્રમુખ હોય છે. જોકે દરેક રાજ્ય પ્રધાનને રાજાને સલાહ આપવાનો હક્ક છે છતાં વ્યવહારમાં મુખ્ય પ્રધાનની સંમતિ વિના કોઇપણ પ્રધાન રાજાને કોઈ પણ પ્રકારની સલાહ આપી શકે નહિ. વળી દરેક પ્રધાન પાસે પોતાનું ખાતું હોય છે છતાં તે ખાતાંનો વહીવટ આખું પ્રધાનમંડળ નહિ તો મુખ્ય પ્રધાનની સંમતિથી તો થવોજ જોઇએ. પ્રધાનમંડળનો કારભાર સંયુક્ત જવાબદારીના ધોરણ પર ચાલે છે આથી મુખ્ય પ્રધાન અથવા પ્રધાનમંડળની બહુમતિની વિરૂદ્ધ કોઈપણ પ્રધાન કંઈ કામ કરી ન શકે અને કરે તો મી. મોંટેગ્યુની પેઠે મુખ્ય પ્રધાન તેને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે. વળી કદાચ કોઈ બાબતમાં પ્રધાનમંડળની બહુમતિ મુખ્ય પ્રધાનથી વિરૂદ્ધ હોય તો મુખ્ય પ્રધાન રાજીનામું આપે છે અને એના જવા સાથે આખું પ્રધાનમંડળજ રાજી-નામું આપી જાય છે. દેશનો બધોજ રાજ્ય કારભાર પ્રધાનમંડળ કરતું હોવાથી રાજાની સાથે તેને બહુ ગાઢો સંબંધ રાખવો પડે છે. પરંતુ એ બધો વ્યવહાર મુખ્ય પ્રધાન મારફતેજ રખાય છે. અને તેથી ખરૂં જોતાં રાજા આખા પ્રધાનમંડળને નહિ પણ મુખ્ય પ્રધાનનેજ ઓળખે છે.

આમની સભામાં જે પક્ષની બહુમતિ હોય તે પક્ષના નેતાને રાજા મુખ્ય પ્રધાન બનાવે છે અને એ મુખ્ય પ્રધાન મંત્રિમંડળના બીજા સભ્યોની નીમણુંક પોતાના પક્ષમાંથીજ કરે છે. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે મુખ્ય પ્રધાનની સત્તા અને પદવીનો બધો આધાર તેના પક્ષની આમની સભામાંની બહુમતિ પર છે. એ બહુમતિની વિરૂદ્ધ એક પણ કાર્ય મુખ્ય પ્રધાન કરી શકે નહિ. આમની સભાનો સામાન્ય

રીતે તે સભ્ય હોવા ઉપરાંત, સભાનો આગેવાન પણ છે. સરકાર તરફનું સઘળું કામ તે પોતે અથવા તેની સંમતિથી બીજા પ્રધાનો આમની સભામાં રજુ કરે છે. અને તે સઘળા કાર્યોને એ સભા મંજુરી આપે તેની ખાસ તજવીજ રાખે છે. એમ છતાં તેના કોઈ કાર્ય સામે આમની સભાની બહુમતિ સખત નાપસંદગી દર્શાવે તો તેને માટે બે રસ્તા રહે છે. પોતાનામાં આમની સભાની બહુમતિ એટલે પ્રજાની બહુમતિનો વિશ્વાસ નથી એમ ગણીને એણે પોતાની પદવીનું રાજીનામું રાજા આગળ ધરી દેવું જોઈએ અથવા જો એને એમ લાગે કે આમની બહુમતિ એ પ્રજાની બહુમતિ નથી તો રાજાને પાર્લમેંટ બરખાસ્ત કરવાની સલાહ આપી, નવી ચૂંટણી કરાવી પોતાના કાર્ય સાથે પ્રજાનો મોટો ભાગ સંમત છે કે નહિ તેની ખાતરી કરવી જોઈએ. આ પ્રમાણે આમની સભા અને સરકારને બહુ ગાઢો સંબંધ હોવાથી જ્યારથી ઉમરાવ કરતાં આમની સભાની સત્તા બહુ વધી ગઈ ત્યારથી સામાન્ય રીતે મુખ્ય પ્રધાન એ આમની સભાનોજ સભ્યા હોવો જોઈએ એવી પ્રથા પડી છે.

10. What causes led to the Parliament Act of 1911, and what changes did it introduce ?

મી. ઍસ્કિવથના લિબરલ પ્રધાનમંડળે મજૂર વર્ગની સ્થિતિ સુધારવા માટે અને વૃદ્ધોને રાજ્ય તરફથી પેટગુજારાની રકમ આપવા માટે કાયદાઓ પસાર કરાવ્યાથી રાજ્યનું ખર્ચ વધી જવા લાગ્યું. એ ઉપરાંત ઇંગ્લૅંડના બળવાન પ્રતિસ્પર્ધી જર્મનીએ નૌકાસૈન્યની વૃદ્ધિ કરવા માંડી એટલે પોતાનું સંરક્ષણ કરવા માટે ઇંગ્લૅંડે પણ એ દિશામાં નાણાં ખરચવા માંડ્યા. હવે આવક કેવી રીતે વધારવી એ પ્રશ્ન હતો. સને ૧૯૦૯માં ખજાનચી લૉઈડ જ્યૉર્જે તેનું પ્રખ્યાત અંદાજપત્ર રજુ કર્યું અને તેમાં વધારાના નાણા મેળવવા માટે જમીન પર વધારે કર નાખવાની, મધ્યવર્ગ કરતાં શ્રીમંતોની આવક પર વધારે કર લેવાની અને માદક પદાર્થો પર ભારે કર નાખવાની યોજના રજુ કરી. ધનિકો તેમજ કૉંઝરવેટિવો એ બીલની સામે થયા અને અમીરોની સભાએ અંદાજપત્ર નામંજુર કર્યું. ઍસ્ક્વિથે

લોકમત જાણવા માટે પાર્લમેંટ બરખાસ્ત કરાવી. બંને પક્ષોએ પોતાનો કાર્યક્રમ મતદારો સમક્ષ રજુ કર્યો. લિબરલો કહેવા લાગ્યા કે અમીરો સ્વાભાવિક રીતે સંરક્ષક મતના હોવાથી કૉંઝરવેટિવ પક્ષની તરફદારી કરી તેમનું કામ સરળ બનાવે છે જ્યારે તેમના માર્ગમાં વિઘ્ન નાંખે છે; વળી બેપરવા બીનજવાબદાર અમીરો સામાન્ય પ્રજાહિતના કાયદાઓ પણ લોકમતની વિરૂદ્ધ જઈ ઉડાવી દે છે અને દરેક સમયે પ્રગતિનો માર્ગ રૂંધી રાખે છે. માટે આ નવા કરો માન્ય કરવા ઉપરાંત પ્રજાએ આર્થિક વિષયોમાં અમીરોની સત્તા પર કાપ મૂકી બીજા કાયદાઓમાં પણ તેની સત્તા મર્યાદિત કરવી જોઈએ. કૉંઝરવેટિવ પક્ષનું કહેવું હતું કે વેપાર સંરક્ષક જગાત નાંખવાથી વધારાના નાંણા સહેલાઈથી મળી રહેશે એટલે નવા કરોની જરૂર નથી. નવી પાર્લમેંટમાં મજૂરપક્ષ અને આઈરિશ રાષ્ટ્રવાદીઓના ટેકાથી લિબરલોની બહુમતિ થઈ એટલે અમીરોએ પણ સમય વિચારી ૧૯૦૯ના અંદાજપત્રને સંમતિ આપી. પરંતુ ઍસ્કિવથે હવે અમીરોની સત્તા પર કાપ મૂકવાનોજ નિશ્ચય કર્યો હતો એટલે તેણે નવો પાર્લમેંટના સુધારાનો ખરડો રજુ કરી આમની સભામાં પસાર કરાવ્યો. અમીરોની સભાએ તે સામે બહુ સખત વિરોધ કર્યો અને પાર્લમેંટ ફરીથી લોકમત જાણવાને માટે બરખાસ્ત કરવામાં આવી. પાછા લિબરલોજ અધિકારે આવ્યા અને હવે તો ઍસ્કિવથે નવા અમીરો બનાવવાની ધમકી આપી એટલે આખરે ન છૂટકે સને ૧૯૧૧માં પાર્લમેંટનો કાયદો પસાર થયો.

એ કાયદાથી (૧) આર્થિક બાબતોના ખરડામાં ફેરફાર કરવાની કે તે અમાન્ય કરવાની અમીરોની સત્તા લઈ લેવામાં આવી. અમુક ખરડો આર્થિક છે કે નહિ તે નક્કી કરવાની સંપૂર્ણ સત્તા આમની સભાના સ્પીકરને આપવામાં આવી (૨) બીજા વિષયોમાં પણ કોઈપણ ખરડો કશાએ ફેરફાર વિના આમની સભામાં બે વર્ષમાં ઉત્તરોત્તર ત્રણવાર પસાર થાય તો તેને અમીરો સંમતિ આપે કે નહિ છતાં તેને રાજસંમતિ મળતાં તે કાયદો થઈ શકે (૩) સને ૧૭૧૬ના સપ્તવાર્ષિક કાયદામાં ફેરફાર કરી પાર્લમેંટની મુદ્દત પાંચ વર્ષની ઠરાવવામાં આવી.

આ પ્રમાણે અમીરોની સત્તા પર ભારે કાપ પડયો. સને ૧૬૮૮ની રાજ્યક્રાંતિથી પાર્લમેંટ સર્વોપરિ બની; સને ૧૯૧૧ના કાયદાથી પાર્લમેંટમાં આમની સભા સંપૂર્ણ રીતે સર્વોપરિ બની.

11. Who were the Aryans and in what parts of India did they settle? What do you know of their occupations, social organization, and religious beliefs?

જે લોકોએ વેદના મંત્રોનો ઉચ્ચાર કરી વેદના મહાન ધર્મ પુસ્તકો રચ્યા અને જેમણે એ મંત્રોમાં વર્ણવેલી સંસ્કૃતિને જન્મ આપ્યો તે સંસ્કૃતિ પામેલી મહાન પ્રજા તે આર્ય પ્રજા એ આર્ય લોકો હિંદુસ્તાનના સપ્તસિંધુ નામે પ્રદેશમાં વસ્યા હતા. એ સપ્તસિંધુ પ્રદેશ તે હાલનો પંજાબ. ત્યાંથી આગળ વધી તેમણે હિમાલયથી તે વિંધ્યાચળ પર્વત સુધીનો પ્રદેશ રોકયો હતો. તેથી એ પ્રદેશને આર્યાવર્ત પણ કહેતા.

આર્ય લોકો મોટે ભાગે ખેતી કરતા અને ઢોર ચરાવતા. પરંતુ કેટલાક સાહસિક આર્યો વેપાર પણ કરતા અને તે માટે પરદેશ જઈને પણ વસતા. તેઓ વહાણો બાંધતા. રાજાઓ મહેલો તૈયાર કરાવી તેમાં રહેતા અને શહેરો અને ગામડાંઓ વસાવતા. તેઓ સોનું, રૂપું, લોઢું, તાંબું, વગેરે ધાતુઓનો ઉપયોગ કરી શકતા. તેઓ નાણું વ્યાજે આપતા અને સિક્કાઓ પણ તૈયાર કરતા. ઘોડા પર અથવા રથમાં બેસી તીર, ભાલાં, તરવાર જેવા શસ્ત્રાસ્ત્રો વાપરી આર્યો મોટી લડાઈઓ પણ લડતા. આ વખતના આર્યો જુગાર અને ઘોડાના બહુ શોખીન હતા.

કુટુંબમાં મુખ્ય પુરૂષ બધાંને પોતાની આમન્યા નીચે રાખતો. તે વખતે ન્યાત જાત નહોતી. બધા આર્યો જુદા જુદા ધધાઓ કરી શકતા. કેટલીક સ્ત્રીઓ ભણેલી હતી. લોપામુદ્રા અને શચી જેવી સ્ત્રીઓએ વેદના મંત્રો પણ ઉચ્ચારેલા છે. ઘણી સ્ત્રીઓ પોતાના પસંદ કરેલા પતિને પરણતી.

વૈદિક આર્યો મોટે ભાગે યજ્ઞ કરતા ને તેમાં પશુઓનું બળિદાન અપાતું. કુટુંબનો મુખ્ય માણસ ઘરમાં અગ્નિ રાખતો અને હોમ કરતો. લોકો અમુકજ દેવને ન માનતા. ઈશ્વરમાં તેમને પૂરી શ્રદ્ધા હતી. આત્મા,

ઈશ્વર વગેરેની ફીલસુફી વૈદિક ઋષિઓ સારી રીતે સમજતા. કુટુંબનો પુરોહિત ગૃહસ્થના ધર્મો કરાવતો. આર્ય લોકો માંસ ખાતા ને સોમ નામનો માદક રસ પણ પીતા; પરંતુ ગાયને તે સમયે પણ તેઓ પવિત્ર ગણતા. રાજા પણ ધર્મ મુજબ રાજ્ય કરતો. આર્યો મુડદાંને દાટતા અથવા બાળતા.

12. Give an account of Alexander's invasion of India, and its results.

મૅસેડોનિયાના રાજા ફિલિપના પુત્ર મહાન સિકંદરે ગ્રીસ, એશિયા-માઈનોર ને મિસર દેશ લઈ, ઈરાનના રાજા દારાને લડાઈમાં મારી, કાબુલ અને જલાલાબાદના પ્રદેશોમાં થઈ, ઇ. સ. પૂ. ૩૨૭માં હિંદુસ્તાનમાં દાખલ થયો. વાયવ્યકોણના કેટલાક હિંદુ રાજાઓએ ને મુખ્યત્વે-તક્ષશિલાના રાજાએ તેને મદદ કરી. પંજાબમાં સિકંદરના લશ્કરને ઘણીજ મુશ્કેલીઓ વેઠવી પડી; છતાં એક પછી એક હિંદી લશ્કરને હરાવી તે સિંધુ નદીની આ પાર આવ્યો. ત્યાં પુરૂ નામે રાજા ૩૦,૦૦૦ પાયદળ, ૩૦૦ રથો, ૪૦૦૦ ઘોડેસ્વારો, ને ૨૦૦ હાથીઓનું લશ્કર લઈ સામે થયો. પુરૂ ઘણીજ બહાદુરીથી લડયો પણ સિકંદર મોટો લડવૈયો તેમજ બહાદુર તથા કળાબાજ સેનાપતિ હતો તેથી હિંદુસ્તાની લશ્કર હારી ગયું ને પુરૂ રાજા પોતે કેદ પકડાયો. સિકંદર તેની બહાદુરીથી અંજાઈ ગયો હતો તેથી ખુશ થઈ તેણે રાજાને તેનો બધો મુલક પાછો આપ્યો. આ લડાઈ જીલમ નદી આગળ ઇ. સ. પૂ. ૩૨૭માં થઈ. આગળ ચાલતાં રસ્તામાં જુદાં જુદાં રાજ્યોનાં લશ્કરોએ સિકંદરના સિપાઈઓને ઘણાજ થકવી દીધા. ગ્રીક લેખકો એમ લખી ગયા છે કે આ તમામ હિંદી રાજ્યોનાં લશ્કરોની એકંદર સંખ્યા ૮૦,૦૦૦ પાયદળ, ૧૦,૦૦૦ ઘોડેસવારને ૯૦૦ રથો જેટલી હતી. ગ્રીક સિપાઈઓ હિંદની સવારીથી કંટાળી ગયા. તેમણે રાવી નદી ઉતરવાની ના પાડી. તેથી સિકંદર પાછો વળ્યો ને સિંધ, બલુચિસ્તાન ને ઈરાન થઈ સ્વદેશ જતાં રસ્તામાં બૅબિલોન શહેર પાસે મરી ગયો. ઇ. સ. પૂ. ૩૨૩. તેના મૃત્યુ પછી હિંદી રાજ્યો પાછાં સ્વતંત્ર થયાં. તેના રાજ્યના પણ ભાગલા પડી ગયા. તેમાં એશિયાનો ભાગ એક સરદાર સેલ્યુકસ નીકાતરે પચાવ્યો જેને મગધના રાજા ચંદ્રગુપ્તે પાછળથી હરાવ્યો.

સિકંદરે હિંદમાં ને સિંધ દેશમાં કેટલાંક નગરો વસાવ્યાં. તેણે પંજાબમાં નાનાં પ્રજાસત્તાક રાજ્યોને નબળાં કર્યાં તેથી તેના પછી તુરતજ મગધના રાજા ચંદ્રગુપ્તે યવનોને હરાવી બધો પ્રદેશ પોતાના મુલકમાં ભેળવી દીધો. યવનો હિંદ સાથે પરિચિત થયા તેથી કળા, ધર્મ ને સાહિત્યમાં બંનેને પરસ્પર લાભો મળતા થયા. ઘણા યવનો હિંદુ ને બૌદ્ધ થયા અને યવનીઓ હિંદુ રાજાઓની દાસીઓ તરીકે રહેવા લાગી. યવન એલચીઓ અને મુસાફરો હિંદના પોતાના પ્રવાસોનાં વર્ણનો લખી ગયા. એ લખાણો ઉપરથી આપણને તે વખતની પરિસ્થિતિનું સારૂં જ્ઞાન મળે છે.

13. What was the extent of Akbar's Empire in 1605, and how and when were the varions provinces acquired?

સને ૧૬૦૫માં જ્યારે અકબર મરણ પામ્યો ત્યારે મોગલ સામ્રાજ્યની સરહદ આ પ્રમાણે હતી—ઉત્તરમાં અફ્ઘાનિસ્તાન અને કાશ્મિર, પશ્ચિમમાં સિંધ અને ગુજરાત, દક્ષિણમાં વરાડ અને ગોન્ડવાના, અને પૂર્વમાં બંગાળા પ્રાંત. આ પ્રમાણે ગોદાવરી નદીની નીચેનો દક્ષિણ હિંદુસ્તાનનો ભાગ બાદ કરતાં આખા હિંદુસ્તાનમાં અકબરનું સામ્રાજ્ય પ્રસરેલું હતું

સને ૧૫૫૬માં જ્યારે અકબર દિલ્હીની ગાદી પર બેઠો ત્યારે તેની સત્તા માત્ર પંજાબમાં અને દિલ્હીની આસપાસના મુલક પર હતી, અને તે પોતે ઉંમરે હજુ બહુ નાનો હતો. પરંતુ તેની સગીર વય દરમ્યાન પણ મોગલોએ બહેરામખાંના કારભારમાં ગ્વાલિયર અને જવનપૂરના પ્રાંતો લીધા અને ૧૫૬૧–૬૩માં અકબરના દૂધભાઈએ સુવિખ્યાત બઝબહાદૂરને હરાવી માળવા પ્રાંત કબજે કર્યો. સને ૧૫૬૪માં અકબરે રાજ્યકારભાર પોતાના હાથમાં લીધો ત્યારે તેના એક સરદારે ગોંડવનની રાણી દુર્ગાવતીને હરાવી તે પૈસાદાર રાજ્ય જીતી લીધું. હવે અકબરે મોગલોને પોતાની છોકરીઓ ન આપનાર ચિતોડના રાણા ઉદેસિંગને નમાવવાનો નિશ્ચય કર્યો. અકબરે ચિતોડને ઘેરો ઘાલ્યો. ઉદેસિંગ ડુંગરોમાં નાસી ગયો અને રજપૂતોનો સરદાર જયમલ્લ માર્યો ગયો એટલે તેમણે કેસરીયાં કર્યાં. ચિતોડ પડયું અને શહેરીઓની મોગલોએ કતલ કરી. ૧૫૬૮. ત્યારપછી રણથંભોર અને

કલિંજરના પ્રખ્યાત કિલ્લાઓ લઈ થોડા સમયમાં આખું રજપૂતાના તાબે કર્યું (૧૫૬૭–૭૨). જોકે રજપૂતો અકબરના રક્ષિતો હતા પરંતુ તેમણે પોતાના રાજ્યો ગુમાવ્યા નહોતા. ત્યારપછી બહાદુરશાહના મરણથી અંધાધુંધીમાં પડેલા ગુજરાત પર સવારી કરી તે પ્રાંતને પણ અકબરે મોગલ સામ્રાજ્યમાં જોડી દીધો (૧૫૭૨–૭૩). સને ૧૫૭૫માં રાજા ટોડરમલ્લ તેમજ અકબરે મળીને બંગાળાના અફ્ઘાન સુલતાન દાઉદખાનને હરાવી અને મારીને બહાર અને બંગાળા પ્રાંત ખાલસા કર્યા અને સને ૧૫૯૨માં રાજા માનસિંગે ઓરિસ્સા લઈ તે પ્રાંત પણ મોગલ સામ્રાજ્યમાં જોડી દીધો. સને ૧૫૮૬માં અકબરે કાશ્મિર પર સવારી કરી અને તે ડુંગરાળ અને ઠંડા પ્રદેશમાં બહુ અડચણો વેઠી ત્યાંના સુલતાનને જાગીરોથી સંતોષી આખરે તે પ્રાંત પણ ખાલસા કર્યો. ત્યારપછી ઠઠ્ઠાના હાકેમે અકબરનું અપમાન કરેલું હોવાથી મુલતાનના સુબાએ તેને સને ૧૫૯૧માં હરાવ્યો અને તેની પાસેથી સિંધ દેશ ખાલસા કર્યો. વળી અકબરના એક સરદારે બલુચિસ્તાન ખાલસા કર્યું અને થોડા વખત પછી કંદહારના ઇરાની અમલદારે તે કિલ્લો પણ મોગલોને આપી દીધો. ૧૫૯૪. આ પ્રમાણે સને ૧૫૯૫ સુધીમાં અકબરે નર્મદાની ઉત્તરના આખા હિંદુસ્તાનમાં એક ચક્રી રાજ્ય સ્થાપ્યું. હવે અકબરે દક્ષિણ તરફ નજર દોડાવી. શાહજાદા મુરાદે મોગલ સૈન્ય વડે અહમદનગરને ઘેરો ઘાલ્યો પરંતુ ચાંદબીબીએ તે શહેરનો એવી બાહોશીથી બચાવ કર્યો કે મોગલોએ વરાડ પ્રાંત સ્વિકારી સંધી કરી. ૧૫૯૬. હવે દક્ષિણની 'ચાવી' અસીરગઢ, જે ખાનદેશના સુલતાનના તાબામાં હતો, તેને અકબરે ઘેરો ઘાલ્યો. કિલ્લો ઘણોજ મજબુત હતો પરંતુ લોકોને ઘણો ત્રાસ પડવાથી સુલતાન શરણે આવ્યો. અકબરે આખો ખાનદેશ પ્રાંત ખાલસા કર્યો. ૧૬૦૧. આ પ્રમાણે ખાનદેશ અને વરાડ પ્રાંતો લઈ અકબરે ગોદાવરી નદી સુધી પોતાની સત્તા દક્ષિણ તરફ વધારી.

14. Describe the relations between the Moghul Emperors and the Rajputs to the death of Aurangzeb.

જો કે બાબરને હિંદુસ્તાન પર ચઢાઈ કરી દિલ્હી સર કરવાના નિમંત્રણમાં મેવાડના રજપૂત રાણા સંગ્રામસિંહે પણ ભાગ લીધો હતો એમ છતાં તેની ધારણા પ્રમાણે લૂટફાટ કરી બાબર પાછો પોતાને દેશ ચાલ્યો ન જતાં દિલ્હીની ગાદી પર બેઠો ત્યારે રજપૂતોની સત્તા વધારી ફરીથી હિંદુસામ્રાજ્ય સ્થાપવાની તેની બધી આશા જતી રહી. એમ છતાં હજુએ બની શકે તો સર્વે રજપૂતોને એકઠા કરી બાબરને હરાવી દિલ્હી સર કરવાની તેની મુરાદ હતી. ફત્તેહપુરસીક્રિ પાસે ભારે યુદ્ધ પણ થયું પરંતુ તેમાં રજપૂત સૈન્યમાં દગો રમાયાથી સંગ્રામસિંહ હાર્યો. ૧૫૨૭. પછીથી તેના પુત્રે બાબર સાથે સલાહ કરી એટલે રજપૂતો અને મોગલો વચ્ચે મિત્રતા બંધાઈ હુમાયુંના સમયમાં ગુજરાતના બહાદુરશાહથી ચિતોડનું રક્ષણ કરવાને ત્યાંની રજપૂત રાણીએ મોગલ પાદશાહને નિમંત્રણ કર્યું હતું અને તે સ્વિકારી મેવાડ જઈ હુમાયુંએ બહાદુરશાહને હરાવ્યો હતો જો કે ચિતોડ તો તેના પહોંચ્યા પહેલાં પડયું હતું. પરંતુ શેરશાહના ધાકથી હુમાયુંની રખડપટ્ટી વખતે કોઈ પણ રજપુત રાજાએ તેને આશ્રય આપ્યો નહિ. મહાન અકબરે મોગલ સામ્રાજ્યને બળવાન કરવાના હેતુથી હિંદુઓ સાથે ખાસ મિત્રતા કરી. રજપૂતોના ટેક, બહાદુરી, નિમકહલાલી જેવા ઉમદા ગુણો તે સારી પેઠે પિછાનતો હતો એટલે તેમને પોતાના કરી તેમની મદદથી મોગલ સત્તા વધારવા માંગતો હતો. આજ કારણથી રજપૂતોમાં ઉત્તમ ગણાતા મેવાડના રાણાની રાજધાની ચિતોડ તેણે બહાદુરી બતાવી પહેલાં સર કર્યું અને પછી બીજા રજપૂત રાજાઓની કુંવરીઓને મોગલ રાજકુંવરો માટે સ્વિકારી તેમને નીકટના સગાં બનાવી પોતાના રાજ્યમાં ભારે પદવીઓ આપી મોગલ સત્તાના રક્ષિતો તેમજ રક્ષકો બનાવ્યા. રાજા ભગવાનદાસ અને માનસિંગ અને પછી રાજા જયસિંહ અને જશવતસિંગ જેવા મહાન રજપૂત સેનાપતિઓ અકબરની દૂરંદેશી ભરેલી તેમજ ઉદાર રાજ્યનીતિને લઈને મોગલ સત્તા માટે જીવ્યા અને પ્રાણ પાથર્યાં. રજપૂતોમાં અકબરનું ઉપરીપણું ન સ્વીકારનાર માત્ર ચિતોડનો ધણી ઉદેસિંહ અને તેનો પુત્ર રાણો પ્રતાપ હતાં. રાણા

પ્રતાપને નમાવવાને અકબરે બહુ પ્રયત્નો કર્યા અને પ્રતાપ જો નમ્યો હોત તો અકબરનો જમણો હાથ જરૂર બન્યો હોત પરંતુ તે અડગ ટેકી રાણો અસહ્ય દુ:ખો વેઠવા છતાં મરણ પર્યંત નજ નમ્યો. અકબરે બાંધેલા લગ્ન સંબંધને લીધે રજપૂતોનું લોહી હવે મોગલોમાં આવ્યું હતું અને જહાંગીર અને શાહજહાંની માતાઓ રજપૂત હતી આથી એ બે શહેનશાહોના સમયમાં રજપૂતો મોગલ સત્તાના આધાર સ્તંભો થઈ રહ્યા. મોગલ સૈન્યોમાં રજપૂતોએ બહાદુરીથી અને વફાદારીથી નોકરી બજાવી. પરંતુ ધર્માંધ ઔરંગઝેબે અકબરની રાજ્યનીતિ ઉલટાવી નાંખી. તેણે હિંદુઓ સામે ધર્મયુદ્ધ જાહેર કર્યું. આથી રજપૂતોના મન દુભાયા અને જ્યારે હિંદુઓ પર ઝઝીયા વેરો નંખાયો ત્યારે તો તેઓ મોગલ સત્તાની સામે થયા. જો કે રાજા જયસિંહ અને જસવંતસિંહ, પોતાના ટેકને ખાતર મોગલ સત્તાને વફાદાર રહ્યા તોપણ ઔરંગઝેબને માટે તેમને જરીએ લાગણી નહોતી. અને કૃતઘ્ની ઔરંગઝેબે પણ તેમનું ભૂંડુંજ તાક્યું. સને ૧૬૭૮માં જસવંતસિંહના મૃત્યુ પછી ઔરંગઝેબે તેના રાજ્યના કારભારમાં માથું માર્યું ત્યારે વીર દુર્ગાદાસે જોધપૂરના બાળરાજાને ખાતર ઔરંગઝેબ સામે લડાઈ જાહેર કરી. મેવાડનો રાણો રાજસિંહ પણ તેમાં જોડાયો. ઔરંગઝેબ જાતે રજપૂતોને સર કરવા આવ્યો. અને જો કે ૧૬૮૧માં મેવાડ સાથે સંધિ થઈ તોપણ દુર્ગાદાસે તો લડાઈ ચાલુજ રાખી અને ઔરંગઝેબના મૃત્યુ પછી આખરે જોધપૂરની સ્વતંત્ર ગાદી મેળવી. ૧૭૦૯.

15. What was the extent of the Maratha Empire at the death of Shiwaji and what do you know about his administration?

જો કે શિવાજીએ જુદે જુદે સમયે ઉત્તરમાં કલ્યાણથી તે દક્ષિણમાં ધારવાડ, જીંજી અને તાંજોર સુધી અને પૂર્વમાં બાગલાણનો મુલક જીતી ખાલસા કર્યો હતો છતાં ટુંકામાં એમ કહી શકાય કે શિવાજી મરી ગયો ત્યારે મરાઠા સામ્રાજ્ય અથવા 'સ્વરાજ્ય'નો મુલક એટલે પુના અને સતારાની વચ્ચેનો તેમજ આસપાસનો પ્રદેશ. એ ઉપરાંત શિવાજી મોગલોના અહમદનગર તેમજ બીજાપુરના પ્રાંતોમાંથી ચોથ પણ ઉઘરાવતો હતો.

શિવાજીના રાજ્યકારભારમાં તેણે યોજેલા મુલ્કી અને લશ્કરી તંત્રનો તેમજ પ્રજા સાથના તેના વર્તનનો સમાવેશ થાય છે. શિવાજીએ કરેલી મુલ્કી વ્યવસ્થા ઘણે અંશે હાલની બ્રિટિશ વ્યવસ્થાને મળતી છે. શિવાજીએ જીતેલા દેશને 'સ્વરાજ્ય'નું નામ આપ્યું હતું અને જે પ્રદેશમાંથી તે માત્ર ચોથાઈ કે સરદેશમુખી ઉઘરાવતો તેને 'મોગલાઈ' નામ આપ્યું હતું. આખા રાજ્યનો કારભાર છત્રપતિ પોતે ચલાવતો, અને તેમાં મદદ કરવાને માટે તેણે અષ્ટપ્રધાન મંડળની યોજના કરી હતી. (૧) મુખ્ય પ્રધાન પેશવા હતો (૨) અમાત્ય કે મઝમુંદાર નામનો અમલદાર હીસાબી અને મહેસુલી કામકાજ કરતો (૩) સચિવ કે સુરનિસ દફતર રાખતો (૪) મંત્રી અથવા વાકનિસ છત્રપતિનું ખાનગી કામકાજ કરતો (૫) સુમંત કે ડબીર પર રાજ્યોના સંબંધ પર દેખરેખ રાખતો (૬) સેનાપતિ લશ્કરનો ઉપરી હતો (૭) ન્યાયાધીશ ન્યાય આપતો (૮) પંડીતરાવ શાસ્ત્રોનો અર્થ કરતો ને ધર્માદાખાતું સંભાળતો. આ આઠ પ્રધાનોને છત્રપતિ પોતેજ નીમતો. સ્વરાજ્યના મુલકને શિવાજીએ સુબાઓમાં વ્હેંચી નાખ્યો હતો ને દરેક સુબા ઉપર એક સુબેદાર રાખ્યો હતો. દરેક જીલ્લા ઉપર કમાવીસદાર અને દરેક તાલુકાને ગામ ઉપર પાટિલ ને કુલકર્ણી રહેતા. તેણે કિલ્લાઓનો પણ ખાસ બંદોબસ્ત કર્યો હતો. તે ખેડુતો પાસેથી ઉત્પન્નનું $\frac{3}{5}$ વસુલ કરતો. ખેડુતો મ્હેસુલ રોકડમાં અથવા ભાગબટાઈના ધોરણ ઉપર આપતા. તે પોતાના અમલદારોને જાગીર નહી પણ રોકડ પગાર આપતો.

શિવાજીએ ઘોડેસ્વારને પાયદળની પણ નિયમસર વ્યવસ્થા કરી. ઘોડેસ્વારોમાં સરકારી નોકરો બારગીરો અને પોતાના ઘોડાવાળા શિલેદારો કહેવાતા. દશેરા પછી લશ્કર લડવા નીકળતું. ચોમાસામાં સિપાઈઓ ઘેર રહી ખેતી કરતા. લૂટ હંમેશાં છત્રપતિને જતી. શિવાજીના લશ્કરનો બંદોબસ્ત બહુજ સારો હતો. તેના સિપાઈઓ ખેડુતો, સ્ત્રીઓ, બાળકો અને ધર્મની સંસ્થાઓને કદી છેડતા નહિ.

શિવાજીએ બ્રાહ્મણોને ને હિંદુધર્મને પોષવા માટે એક ખાસ ખાતું ખોલ્યું હતું વટલેલા હિંદુઓ પાછા પોતાના અસલ ધર્મ અને કુટુંબમાં આવી શકે તે માટે તે ખાસ કાળજી રાખતો. પોતાના રાજ્યમાં તે

બ્રાહ્મણોને, પ્રભુઓને, મરાઠાઓને ને મુસલમાનોને સરખા ગણતો તે મુસલમાનો સામે આખી જીંદગી સુધી લઢયો પણ તેણે મસ્જીદોને તોડી નહિ, મુલ્લાંઓને હેરાન કર્યા નહિ, ને એક પણ મુસલમાની સ્ત્રીનું અપમાન કર્યું નહિ. તે લાયક માણસોની હંમેશાં કદર કરતો.

16. Give a short account of the events leading upto the third battle of Panipat, and give reasons for the defeat of the Marathas.

સને ૧૭૫૨માં હિંદુસ્તાન પર ત્રીજી સવારી કરી અહમદશાહ અબ્દાલીએ પંજાબ અને સિંધ ખાલસા કર્યાં. ત્યાર પછી સને ૧૭૫૪માં પાદશાહ અહમદશાહને પદભ્રષ્ટ કરી તેના વઝીર મીર શિહાબુદ્દીને આલમગીર બીજાને દિલ્હીની ગાદીએ બેસાડયો. રોહિલ્લા સરદાર નજીબખાંને તે ન ગમ્યું એટલે તેણે પોતાના જાત ભાઈ દુર્રાણીને બોલાવ્યો. વઝીરે મરાઠાઓને બોલાવ્યા. પરિણામે રાઘોબા સને ૧૭૫૫માં રોહિલખંડમાં દાખલ થયો. વઝીરે મરાઠાઓની મદદથી દુર્રાણીના અમલદારને હાંકી કાઢી પંજાબ સર કર્યો. તેથી દુર્રાણીએ ચોથી સવારી કરી પંજાબ જીતી, દિલ્હી અને મથુરા પેટ ભર લુટાવ્યાં. ૧૭૫૬. વઝીરે ફરીથી મરાઠાઓને બોલાવ્યા. આ વખત મરાઠાઓએ પંજાબ સર કરી ઠેઠ અટક સુધી ભગવો ઝંડો ફરકાવ્યો. 'મરાઠી ઘોડાં'એ સિંધુના પાણી પીધાં. છત્રપતિ શાહુનું સ્વપ્ન સિદ્ધ થયું અને સરદાર રાઘોબા રાઘો ભરારી કહેવાવા લાગ્યો. ૧૭૫૮. પણ આથી અબ્દાલી બહુજ ખીજવાયો અને તેણે મરાઠાઓને પંજાબ તેમજ દિલ્હીમાંથી હંમેશ માટે કાઢી મૂકવાનો નિર્ણય કરીને હિંદુસ્તાન પર પાંચમી સવારી કરી. ૧૭૬૦. પહેલાં તો તેણે પંજાબમાંથી ને રોહિલખંડમાંથી મોગલોને કાઢી મુકયા અને મરાઠી થાણાંઓ ઉઠાડી મૂકયાં. પછી તે દિલ્હી ગયો. રસ્તામાં એક મરાઠી લશ્કર લડાઈમાં હારી ગયું અને તેનો સરદાર દત્તાજી શિંદે માર્યો ગયો. દક્ષિણમાં નિઝામને ઉદ્‌ગીરની લડાઈમાં ભારે હાર આપી વિજયથી ખુશ થતા પેશવા બાલાજી બાજીરાવને આ શોક સમાચાર મળ્યા અને તેણે ઉત્તર હિંદમાં જતી રહેલી સત્તા પાછી મેળવવા માટે ઉદ્‌ગીરના વીર સદાશિવરાવ ભાઉ અને પોતાના

પાટવીપુત્ર વિશ્વાસરાવને મોટા લશ્કર સહીત રવાના કર્યા. તેમણે દિલ્હી લીધું ને પાદશાહને નામે કારભાર ચલાવવા માંડયો. અબ્દાલી આ વખતે અનુપ શહેર આગળ છાવણી નાંખી પડયો હતો. મરાઠા સરદારો હવે તે તરફ ગયા અને બંને લશ્કરો પાણીપતના મેદાન ઉપર સામસામા થયા. રોહિલ્લા સરદાર નજીબખાં તો પહેલેથીજ અબ્દાલીના પક્ષમાં હતો પરંતુ તેણે હિંદ–મુસલમાનો વચ્ચેનું ધાર્મિક યુદ્ધ જાહેર કર્યાથી અયોધ્યાનો નવાબ વજીર શુજાઉદૌલા પણ તેની સાથે જોડાયો. જ્યારે સામા પક્ષમાં મરાઠી સત્તાથી નારાજ થયલા રજપૂતો તો પહેલેથીજ અલગ રહ્યા હતા અને પછીથી મિથ્યાભિમાની ભાઉ સાહેબે તેમનું અપમાન કર્યાથી સૂરજ-મલ જાટ પોતાના લશ્કર સાથે ચાલ્યો ગયો અને મલ્હારરાવ હોલકર નહિ જેવું લડયો. આમ છતાં પહેલાં તો મરાઠાઓનો પક્ષ સબળ હતો પણ ધીમે ધીમે અબ્દાલીએ તેમને ત્રણે બાજુએથી ઘેરી લીધા ને તેમનાં દાણો પાણી બંધ કર્યા. એટલે આખરે ભૂખે તરસે મરવા કરતાં લડીને જીતવું કે મરવું બહેતરગણી, સને ૧૭૬૧ના જાનેવારીની ૧૩મી તારીખે મરાઠી લશ્કરે અબ્દાલી પર હુમલો કર્યો.

પાણીપતના મેદાન ઉપર મરાઠી સૈન્યનો નાશ થયો તેની જવાબદારી માત્ર એક સદાશિવરાવ ભાઉને શિર નહોતી. પ્રથમ, રાઘોબાએ રોહિલખંડ અને પ્રયાગ વગેરે કબજે કરેલા દેશનો કાંઈ બંદોબસ્ત કર્યો નહિ. બીજું શિંદે ને હોલકરે રજપૂત રાજ્યોની ખટપટમાં પડી તેમને દુશ્મન બનાવ્યા. આથી જાટ શિવાય કોઈ હિંદુ પ્રજાએ મરાઠાઓને મદદ કરી નહિ અને તે એક પણ અણીની વખતે જતા રહ્યા. ત્રીજું, મરાઠાઓએ લશ્કરી છાવણીમાં દરબારી ઠાઠ રાખ્યો હતો. છાવણીમાં બહુજ અવ્યવસ્થા હતી. ચોથું, સારા સેનાપતિની ગેર હાજરીમાં મરાઠાઓ ઉતાવળીઆ ને મરણીયા થઈ ગયા. પાંચમું, મરાઠા સરદારોમાં એકતા નહોતી. રાજ્યભક્તિ કરતાં તેઓમાં ઈર્ષા વધારે હતી.

17. Describe the rise of the English power in Bengal, to 1767.

સત્તરમા સૈકાની આખરે મોગલ સુબેદાર મુર્શિદ કુલીખાંના સમયમાં અંગ્રેજ કંપનીએ હુગલીમાં કોઠી નાંખી અને કલકત્તામાં ફોર્ટ વિલિયમ

બાંધી બંગાળામાં પ્રવેશ કર્યો. મુર્શિદ કુલીખાંના પુત્ર અલિવર્દીખાને યૂરોપી-અનો તરફ વધારે સારૂં વર્તન બતાવી તેમના વેપારને ઉત્તેજન આપ્યું. પણ તેના મરણ પછી તેનો ઉદ્ધત અને અવિચારી પૌત્ર સિરાજુદૌલા બંગાળાનો નવાબ થયો. તેની કનડગતને લીધે તેની પ્રજાના કેટલાક માણ-સોએ હુગલીના અંગ્રેજોનો આશરો લીધો. આ વખતે અંગ્રેજો કલકત્તાના કિલ્લાને સુધારતા હતા, તે સામે નવાબે વાંધો લીધો ને કાસિમબઝારની અંગ્રેજ કોઠી તથા કલકત્તા સર કર્યાં. કલકત્તાના કેટલાક અંગ્રેજો ભાગી ગયા પણ જે બાકી રહ્યા તેમને નવાબે કેદ કરવાં હુકમ કર્યો. આ કેદને કલકત્તાનું કારાગૃહ કહે છે. રાત્રે તેમાં ઘણા અંગ્રેજો ગરમી અને ગુંગળાટથી મરણ પામ્યા. કલકત્તા સર થયાના સમાચાર મદ્રાસ પહોંચ્યા એટલે ત્યાંથી ક્લાઇવ અને વૉટસન સાથે એક લશ્કર મોકલવામાં આવ્યું. કલકત્તા અંગ્રેજોને શરણ થયું. ક્લાઇવે હવે નવાબના મુખ્ય અમલદારો ને શેઠીઆ-ઓને પોતાના પક્ષમાં લઈ નવાબને હરાવી પદભ્રષ્ટ કરી સેનાપતિ મીરજા-ફરને નવાબ બનાવવાનું કાવતરૂં રચ્યું. બધી વાત ચોક્કસ કરી ક્લાઇવ નવાબ સામે લડવા ઉપડયો. બંને લશ્કરો પ્લાસીના મેદાન ઉપર આવ્યાં. લડાઈ વખતે મીરજાફર ક્લાઇવને મળી ગયો અને બીજો સરદાર મીરમદન માર્યો જવાથી નવાબ ને તેના માણસો લડયા વગર નાસી ગયા. મીરજાફર હવે બંગાળા અને બહારનો નવાબ થયો. ૧૭૫૭. આ નાના સરખા નામના યુદ્ધે અંગ્રેજોને વેપારી મટી રાજ્યકર્તા બનાવ્યા. બંગાળામાં નવાબ મારફતે કંપનીની રાજ્યસત્તા ચાલુ થઈ. નવાબી અપાવનાર કંપનીને મીરજાફરે કલકત્તાની દક્ષિણે ચોવીસ પરગણાંની ઝમીનદારી માંડી આપી. અને કંપનીના લશ્કરે અયોધ્યાનો નવાબ શુજાદૌલા અને મોગલપાદશાહ શાહઆલમ તેની સામે ચઢી આવ્યા ત્યારે તેમને હરાવી નવાબનું રક્ષણ કર્યું. ૧૭૫૯. દરમ્યાન અંગ્રેજોએ ડચ થાણું ચીન્સુરા સર કરી વલંદાઓને પણ ઠંડા કર્યા. સને ૧૭૬૦માં ક્લાઇવ ઇંગ્લૅંડ ગયો ત્યાંથી તે ૧૭૬૪માં તે પાછો આવ્યો ત્યાં સુધીનો બંગાળામાં કંપનીનો કારભાર એ વેપારી મંડળીના નોકરોને બીનજવાબદાર રાજ્યસત્તા આપવી એ કેટલું ભયભરેલું છે તેનો આબેહુબ ચિતાર આપે છે. લાંચીઆ અને ખટપટી અમલદારોએ

વૃદ્ધ મીરજાફરને પદભ્રષ્ટ કરી તેના જમાઈ મીરકાસિમને નવાબી આપી. અને તેણે ધારા પ્રમાણે કંપનીને બરદ્વાન, ચિત્તાગાંગ ને મીદનાપુરનાં પરગણાં આપ્યાં. પરંતુ નવો નવાબ કંપનીના નોકરોને ફાવે તેમ વેપારમાં પ્રજા તેમજ રાજ્યને લૂટવા દે એવો તેમના હાથમાં રમનારૂં રમકડું નહોતો. એટલે જગાતના પરવાના બાબતમાં તેમને વાંધો પડયો. નવાબે પરવાના કાઢી નાંખ્યા અને અંગ્રેજ વેપારીઓને ઘણી ખોટ ગઈ. એટલે કંપનીએ નવાબ સામે લડાઈ જાહેર કરી, ૧૭૬૩. પાદશાહ શાહઆલમ, નવાબ શુજાદૌલા અને મીરકાસીમ ત્રણે મળીને ચઢી આવ્યા. પરંતુ તેઓ બકસાર પાસે હારી ગયા. અને અંગ્રેજો હવે અયોધ્યા અને અલ્લાહાબાદ ઉપર પણ ફરી વળ્યા, ૧૭૬૪. એટલામાં બંગાળાના ગવર્નર તરીકે ક્લાઈવ ફરીથી આવ્યો. તેણે મોગલ પાદશાહ શાહઆલમ પાસેથી અલ્લાહાબાદ મુકામે કંપનીના નામ ઉપર બંગાળા, બિહાર ને ઓરિસ્સાના ત્રણ પ્રાંતોની ને ઉત્તરસરકારની દિવાની લખાવી લીધી, ૧૭૬૫. કંપનીએ પાદશાહને આ હક્ક બદલ વર્ષે રૂા. ૨૬ લાખ આપવાના હતા. દિવાનીનો કારભાર નવાબના અમલદારો કરે પણ તેમના ઉપર સામાન્ય દેખરેખ કંપની પોતે રાખે એવી યોજના કરવામાં આવી. સને ૧૭૬૭માં કંપનીના સત્તાની આ સ્થિતિ હતી.

18. Give a brief account of how the British acquired (a) Sind, (b) the Panjab.

(૧) રણજીતસિંહ તેમજ કંપની બંનેને સિંધ ગળી જવાની ઈચ્છા હતી. સિંધના અમીરો આ વાત જાણતા હતા પરંતુ સિખોનો ભય વધારે હોવાથી તેમણે ૧૮૩૮માં કંપનીના પ્રતિનિધિને સિંધમાં રહેવા દેવાની રજા આપી હતી. પણ રણજીતસિંહ મરી ગયા પછી અફઘાનવિગ્રહ વખતે કરાર વિરૂદ્ધ પરાણે અંગ્રેજી લશ્કરે સિંધમાં છાવણી નાંખી અને ત્યાંથી પસાર થયું તેમજ સિંધીઓને સહાયક યોજનામાં પણ ભેળવ્યા. લૉર્ડ એલનબરોને કરાંચી બંદરનો બધો વેપાર અંગ્રેજોને અપાવી, સાથે સિખોને પણ દબાવવા હતા. વળી કંપનીને અફઘાન વિગ્રહમાં ગુમાવેલી આબરૂ પાછી મેળવવી હતી એટલે એ કામ માટે સર ચાર્લ્સ નેપિયરને સિંધમાં મુખ્ય

અમલદાર તરીકે મોકલવામાં આવ્યો. નેપિયરે ખૈરપુરની ગાદી માટેની ખટપટમાં ભાગ લીધો અને અમીરો ઉપર દોસ્ત મહમદ સાથે પત્ર વ્યવહાર ચલાવી રાજદ્રોહ કરવાના આરોપો મુકયા ને શિક્ષા બદલ તેમની પાસે સખત કરારો પણ કરાવી લીધા. આથી અમીરોના બલુચી સિપાઇઓ ઉશ્કેરાઈ ગયા. પણ તેઓ મીઆણી અને હૈદરાબાદ પાસે હારી ગયા, ૧૮૪૩. નેપિયરે સિંધ પ્રાંત ખાલસા કર્યો; માત્ર ખૈરપુર મુકામે અમીરી રાજ્ય રહેવા દેવામાં આવ્યું. કંપનિનું આ કૃત્ય બહુજ ગેરવ્યાજબી હતું.

(૨) સને ૧૮૩૯માં રણજીતસિંહના મૃત્યુ પછી પંજાબમાં અંધાધુંધી શરૂ થઈ. આખરે ૧૮૪૩માં રાણી જીનદાનનો પુત્ર દુલિપસિંહ મહારાજા થયો અને તેના માનીતા સરદારો તેજસિંહ અને લાલસિંહ સત્તા ઉપર આવ્યા. એ દરમ્યાન પંજાબમાં થતા ફેરફારોથી સાવચેત રહી કંપની પંજાબ તરફની સરહદ ઉપર બચાવનાં તેમજ આગળ વધવાના કામો ઉભાં કરતી હતી; તે માટે તેમજ સરહદપરના કેટલાક જમીનદારો માટે સિખ દરબારે વાંધો ઉઠાવ્યો. પરંતુ તકરારનો નિકાલ ન થયો એટલે લડાઇ જાહેર થઇ. ૧૮૪૫. સિખ સેનાપતિઓ–લાલસિંહ ને તેજસિંહ–એ દગો કર્યો તેથી મુડકી ને ફિરોઝશાહેર આગળ સિખો હારી ગયા. બદોવાળ આગળ અંગ્રેજો હાર્યા પરંતુ અલિવાલ અને સોબ્રાઉન આગળ સિખોએ સખત હાર ખાધી. અંગ્રેજ લશ્કરે લાહોર લીધું એટલે રાજા ગુલાબસિંહે સગીર મહારાજા વતી સુલેહ કરી, ૧૮૪૬. આ લહોરના કરારથી કંપનિને જાલંધર દોઆબને રૂા. ૧॥ કરોડ મળ્યા; ગુલાબસિંહે કાશ્મીર પ્રાંત રાખી કંપનીને રૂા. ૧॥ કરોડ આપ્યા. પંજાબનો કારભાર અંગ્રેજ અમલદારના પ્રમુખપણા નીચે એક કાઉંસિલ મારફત ચલાવવો; સિખ લશ્કરમાં ઘટાડો થયો. ૧૮૪૬.

નવી કાઉંસિલના અંગ્રેજ અમલદારો જહોન અને હેનરિ લૉરેન્સ બ્રિટિશ હિન્દની માફક અમલ કરવાનો ઉમંગ ધરાવતા હતા તે પંજાબના લોકોને ન ગમ્યું. વળી દુલિપસિંહનો સસરો છતરસિંહ તથા તેનો પુત્ર શેરસિંહ, રાણી જીનદાન, મુલતાનનો દિવાન મૂળરાજ, તથા ઘણા સિખ અમલદારો નવા અમલનાં કેટલાંક કામોની વિરૂદ્ધ થયા. મુલતાનનો દિવાન મૂળરાજ પોતાની કામગીરીનો હિસાબ આપતો નહોતો. તેણે રાજીનામું

આપ્યું ત્યારે લાહોરના દરબારે એક સિખ સરદારને બે યૂરોપીઅન અમલદારો સાથે મુલતાન મોકલ્યો. પણ મૂળરાજના લશ્કરે બંડ કર્યું ને બંને અમલદારોનાં ખૂન કર્યાં. મૂળરાજ પણ બંડમાં સામેલ થયો. તેની સામે લાહોરથી શેરસિંહને મોકલ્યો પણ તે બંડખોરો સાથે ભળી ગયો. કાબુલથી અમીર દોસ્ત મહમદે તેમને મદદ કરી. આવી રીતે બીજો સિખવિગ્રહ ફાટી નીકળ્યો. ચિલ્યાનવાળા આગળ કંપનિનું લશ્કર લગભગ હારી ગયું પણ ગૉફે શેરસિંહ ને છતરસિંહને ગુજરાત આગળ સખત હરાવ્યા. અફ્ઘાનો પણ હાર ખાઈ નાસી ગયા. ૧૮૪૮. હવે લૉર્ડ ડેલ્હાઉસિએ પંજાબ ખાલસા કર્યો ને દુલિપસિંહને વર્ષાસન બાંધી આપ્યું. ૧૮૪૯.

19. Explain how the Government of a Province is carried on under the reformed constitution.

પ્રાંતિક સરકારનો મુખ્ય અધિકારી ગવર્નર કહેવાય છે અને તે પોતાના પ્રાંતનો વહિવટ એક કારોબારીમંડળની સલાહ અને મદદથી ચલાવે છે. ગવર્નરની નીમણૂંક બ્રિટિશ સરકાર પાંચ વર્ષ માટે કરે છે અને કારોબારીમંડળના સભ્યોને પણ ગવર્નરની સલાહ મુજબ તેજ નીમે છે. ગવર્નર અને તેનું કારોબારીમંડળ પ્રાંતિક વિષયોનો વહિવટ કરે છે, અને તે માટે વિષયોની ખાતાંવાર કારોબારી મંડળના સભ્યોમાં વહેંચણી કરવામાં આવે છે. નવા બંધારણ પ્રમાણે પ્રાંતિક વિષયોના બે વિભાગ પાડવામાં આવ્યા છે. પહેલો વિભાગ જેમાં કાયદો અને વ્યવસ્થા, જમીન મહેસુલ, નાણાંખાતું એ મુખ્ય છે તે વિષયો 'સ્વાયત્ત' કહેવાય છે અને તેમનો વહિવટ ગવર્નર કારોબારીસભાના સભ્યોની મદદથી ધારાસભાને બીનજવાબદાર રહી કરે છે. બીજો વિભાગ જેમાં કેળવણી, સ્થાનિક સ્વરાજ્ય, સુખાકારી અને જંગલ ખાતું એ મુખ્ય છે તે વિષયો 'સોંપેલાં' કહેવાય છે અને તેમનો વહિવટ ગવર્નર પ્રધાનોની મદદથી ધારાસભાને જવાબદાર રહી કરે છે. આ રીતે ગવર્નરનું કારોબારીમંડળ બે પ્રકારના સભ્યોનું બનેલું છે. 'સ્વાયત્ત' ખાતાંનો વહિવટ કરનાર સભ્યો પોતાના

કાર્યો માટે બ્રિટિશ પાર્લમેંટને જવાબદાર છે જ્યારે 'સોંપેલાં' ખાતાંનો વહિવટ કરનાર પ્રધાનો પોતાના કાર્યો માટે બ્રિટિશ પ્રધાનમંડળની પેઠે પ્રાંતિક ધારાસભાને જવાબદાર છે. પ્રધાનોની નીમણુંક કરવાની તેમજ રજા આપવાની સત્તા વાસ્તવિક રીતે ગવર્નરને છે અને સામાન્ય રીતે પ્રાંતિક ધારાસભાના લોકોએ ચૂંટેલા પ્રતીનિધિઓમાંથી તેમના પક્ષકારોનું સંખ્યા બળ જોઈને પ્રધાનો નીમાય છે. પ્રધાનોના બધા કાર્યો ધારાસભાએ પસાર કરવા જોઈએ અને કોઈ પણ વખતે જો ધારાસભાની બહુમતિ કોઈ પણ પ્રધાનની તરફેણમાં ન હોય તો તે પ્રધાને રાજીનામું આપવું જોઈએ. જ્યારે 'સ્વાયત્ત' ખાતાંના સભ્યો આવી સ્થિતિમાં રાજીનામું આપવાને બંધાયલા નથી. ધારાસભાનો વિશ્વાસ હોવા છતાં જો ગવર્નરને ઠીક લાગે તો કોઈ પણ પ્રધાનને તે રજા આપી શકે છે. તે ઉપરાંત ધારાસભાના કોઈ પણ કાર્યનો નિષેધ (Veto) કરવાની તેને સત્તા છે તેમ ધારાસભાએ ન કરેલા કોઈ કાર્યને મંજુરી આપવાની (Certification) પણ તેને સત્તા છે. ધારાસભામાં સરકારી અમલદારો અને સરકારે નીમેલા માણસોની સંખ્યા કરતાં લોકોએ ચૂંટેલા સભ્યોની સંખ્યા વધારે છે. અને એ બહુમતિ પ્રમાણે પ્રધાનોને કાર્ય કરવાનું હોવાથી રાજ્યવહિવટનો તેટલો ભાગ પ્રજાને જવાબદાર છે. આ પ્રમાણે સુધારાના કાયદાથી પ્રાંતિક સરકારનો એક ભાગ—જે બહુ અગત્યનો છે તે—બ્રિટિશ પાર્લમેંટને જવાબદાર છે જ્યારે બીજો—જેમાં સત્તા બહુ ઓછી છે તે—પ્રજાને જવાબદાર છે.

સામાન્ય રીતે કોઈ પણ ખાતાંનો વહિવટ તે માટેનો સભ્ય ગવર્નરને મળીને કરે છે. પરંતુ અગત્યના કામો માટે ગવર્નર આખા કાર્યવાહી મંડળની સભા બોલાવે છે. અને પછી તે મંડળની બહુમતિ પ્રમાણે કામ થાય છે જોકે તેમાંયે ચર્ચાતા ખાતાંના સભ્યના અભિપ્રાયને ખાસ મહત્વતા આપવામાં આવે છે વળી વર્ષની શરૂઆતમાં ખાતાંવાર ખર્ચવાના નાણાંની વહેંચણી થાય છે ત્યારે પહેલાં સ્વાયત્ત ખાતાંને સંતોષવામાં આવે છે અને પછી બાકી રહેલાં નાણાં સોંપેલાં ખાતાંઓમાં વહેંચી આપવામાં આવે છે. અને સોંપેલાં ખાતાંઓ બધા લોકોન્નતિનાં હોવાથી પ્રધાનો હંમેશાં નાણાંની તાણમાંજ હોય છે. જોકે નવા કર નાંખી તેઓ નાણાં મેળવી

છે પણ તે માટેની દરખાસ્ત ધારાસભામાં ઘણું ખરું ઉડી જાય છે, અને ધારાસભાની સંમતિ વિના તેમને જવાબદાર પ્રધાન કશું કરી શકે નહિ એટલે નવા બંધારણમાં પ્રધાનોની સ્થિતિ બહુ કફોડી છે.

20. What is meant by Local Self Goverment, and what are the powers and duties of Municipalities and Local Boards?

સ્થાનિક સ્વરાજ્ય એટલે શું? એના જવાબ માટે જુઓ, પેરા ૧, સવાલ ૧૬, સાલ ૧૯૨૮.

મ્યુનિસિપૅલિટિઓની ફરજો શી? એના જવાબ માટે જુઓ, પેરા ૨, સવાલ ૧૬, સાલ ૧૯૨૮.

મ્યુનિસિપૅલિટિની સત્તાઓ—તેની સત્તાઓ ભારે નથી. માત્ર પોતાની ફરજો વગર હરકતે તે બજાવી શકે અને ખર્ચને માટે જોઈતાં નાણાં મેળવી શકે તે માટે થોડી જરૂરજોગી સત્તાઓ તેને આપવામાં આવી છે. (૧) ઘર, જાજરૂ, નળ, વાહન ઉપર તે વેરો નાંખી શકે છે. (૨) શહેરમાં બહારથી આવતા માલ તેમજ ગાડા ઉપર જગાત કે નાકાવેરો લઈ શકે છે. (૩) લોકોપયોગની યોજના પાર પાડવા લોન પણ કાઢી શકે છે. (૪) વેરો ન ભરનાર પાસે, ફરિયાદ કરી, વસૂલ કરી શકે છે (૫) ફરજો બજાવવામાં હરકત કરનાર વ્યક્તિપર ફરિયાદ માંડી દંડ કરાવી શકે છે. (૬) મકાનો બાંધવા તથા સમારવા માટે તેની મંજૂરી લેવી પડે છે.

લોકલબોર્ડની ફરજો અને સત્તાઓ—જેમ જીલ્લાના શહેરો માટે મ્યુનિસિપૅલિટિઓ છે તેમ જીલ્લાના ગામડાંઓ માટે લોકલબોર્ડો છે. એટલે બંનેની ફરજો તેમજ સત્તાઓનો પ્રકાર એકજ છે, માત્ર પ્રમાણમાં પરિસ્થિતિને લઈને ફેર છે. લોકલબોર્ડ જીલ્લાની પ્રાથમિક કેળવણી, આરોગ્ય, રસ્તાઓ વગેરે વિષયોમાં નીચલી બોર્ડોના કામકાજ ઉપર દેખરેખ રાખે છે. વળી એ વિષયોની ફરજો અદા કરવા માટે તે જમીન મહેસૂલમાં રૂપીએ એક આનો લોકલફંડનો તેમજ નાળાં તથા પૂલોનાં નાકા ઉપર નાકાવેરો લઈ શકે છે. વળી જરૂર વખતે સરકારી નાણાંની મદદ પણ માંગી શકે છે.

PRINTED BY VAJERAM MANSINGH
AT THE "SURAT CITY" PRINTING PRESS
NEAR CHAUTA BRIDGE, SURAT
AND
PUBLISHED BY BALUBHAI KARSANDAS
OF MESSRS. KARSANDAS NARANDAS & SONS, BOOK-SELLERS & PUBLISHERS
NANAVAT, SURAT.